ચિરાગ ગોટીને હથિયારોનો ખૂબ શોખ હોવાનું તેના સોશિયલ મીડિયા પ્રોફાઈલ પરથી જણાય છે. તેના અનેક ફોટા વાઈરલ થયા છે, જેમાં તે હાથમાં પિસ્તોલ રાખીને પોઝ આપતો જોવા મળે છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) આ હથિયારોની તપાસ કરી રહી છે, જોકે પોલીસની કડક પૂછપરછમાં ચિરાગે એવો દાવો કર્યો હતો કે આ માત્ર 'એરગન' હતી. ગણપતિ ઉત્સવ દરમિયાન પણ તેના ઘર પાસે હવામાં ફાયરિંગ કરતો એક વીડિયો વાઈરલ થયો હતો, જેને લઈને પોલીસે તેને કાયદાનું ભાન કરાવ્યું હતું.

ચિરાગ ગોટીની ધરપકડ બાદ સુરતમાં રાજકારણ પણ ગરમાયું છે. કોંગ્રેસના નેતાઓએ ચિરાગના ફોટા વાઈરલ કર્યા છે, જેમાં તે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ સાથે અને ભાજપના ખેસમાં જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કતારગામના ધારાસભ્ય વિનું મોરડિયા સાથેના ફોટો વિપક્ષ દ્વારા વાઈરલ કરાયા છે. વિપક્ષનો આરોપ છે કે ચિરાગ આવા રાજકીય સંબંધોના જોરે જ અત્યારસુધી બચતો આવ્યો હતો, જોકે પોલીસ કમિશનરની કડક સૂચના બાદ હવે કોઈપણ રાજકીય પીઠબળ તેને બચાવી શકે એમ લાગતું નથી.



### પોતાના જ કર્મચારીઓ પર પાશવી અત્યાચાર

ચિરાગ ગોટીની ક્રૂરતાની પરાકાષ્ઠા તેના જ કર્મચારીઓ સાથેના વર્તનમાં જોવા મળી છે. બીલીમોરાના ધોલાઈ બંદરે તેની ઓફિસમાં કામ કરતા પાર્થ મિયાણી પર 11 હજારની હેરાફેરીનો આરોપ લગાવી તેને દંડા વડે બેરહમીથી માર માર્યો હતો. અન્ય એક કિસ્સામાં ટેન્કર ડ્રાઈવર પર ઓઈલ ચોરીનો આરોપ લગાવી તેને નિર્વસ્ત્ર કરી માર માર્યો હતો. નવાઈની વાત એ છે કે ચિરાગે પોતે જ આ અત્યાચારના વીડિયો ઉતાર્યા હતા અને એને વાઈરલ કરી પાશવી આનંદ લીધો હતો. આ વીડિયો હવે પોલીસ માટે સૌથી મોટો પુરાવો સાબિત થયા છે.

# ડ્રાઈવિંગનો ધંધો કરતા યુવકનો આપઘાત: ગુનો નોંધી તપાસ હાથ ધરી

(એજન્સી) વડોદરા | તા. 12

વડોદરા શહેર નજીક આવેલા કોયલી ગામના ઈન્દિરા નગર વિસ્તારમાં રહેતા 22 વર્ષીય યુવક વિજય નટુભાઈ પરમારે રાત્રિના સમયે ઘરેથી નીકળી જઈને ગામ નજીકના ખેતરમાં રાયણના ઝાડ પર દોરડા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બીજા દિવસે સવારે તેની માતા ખેતરમાં જતી વખતે પુત્રને ઝાડ પર લટકતી હાલતમાં જોઈને ચોંકી ઉઠી હતી.

મળતી માહિતી અનુસાર, વિજય પરમાર છૂટક ડ્રાઈવિંગનો ધંધો કરતો હતો અને પોતાની મરજી મુજબ જીવન જીવવાની ટેવ ધરાવતો હતો. તેને મોંઘા મોબાઈલનો શોખ હતો અને તાજેતરમાં જ તેણે મોંઘા ભાવનો આઈફોન ખરીદ્યો હતો. પરંતુ કામ-ધંધામાં ધ્યાન ન આપવા અને પોતાની મરજી પ્રમાણે વર્તવાના કારણે પરિવારજનોએ તેને ઠપકો આપ્યો હતો.

આ ઠપકાથી આઘાત પામેલો વિજય રાત્રે કોઈને કંઈ કહ્યા વિના ઘરેથી નીકળી ગયો હતો. તેનો મોબાઈલ સ્વિચ ઓફ આવતો હતો. મોડી રાત સુધી ઘરે ન પરત ફરતા પરિવારજનોએ તેની શોધખોળ કરી હતી અને મિત્રો તથા સંભવિત સ્થળોએ તપાસ કરી હતી, પરંતુ તે મળ્યો ન હતો.

બીજા દિવસે સવારે માતા ખેતરમાં ચારો લેવા ગઈ ત્યારે ખેતરના છેડે આવેલા રાયણના ઝાડ પર પુત્ર વિજયને દોરડા વડે ગળે ફાંસો ખાઈને લટકતો જોયો હતો.

# યુનિફોર્મ અને આઈકાર્ડ વગર મળતા કંડક્ટર અને ચેકર 7 દિવસ માટે સસ્પેન્ડ; આકાર એજન્સીને નોટિસ

(એજન્સી) સુરત | તા. 12

સુરત મહાનગરપાલિકાના પરિવહન સમિતિના અધ્યક્ષ સોમનાથ મરાઠે દ્વારા અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતુ. લાંબા સમયથી મુસાફરો દ્વારા મળતી વિવિધ ફરિયાદોને ધ્યાને રાખીને કરવામાં આવેલા આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ગંભીર મુદ્દાઓ ધ્યાને આવતા સ્થળ પર જ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં નિયમભંગ બદલ કંડક્ટર અને ચેકરને સાત દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, અધ્યક્ષ સોમનાથ મરાઠે અને તેમની ટીમે આજે સવારના સમયે શહેરના વિવિધ રૂટ પર ચાલતી બસોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન કોમલ સર્કલ પાસે રૂટ નંબર 105ની બીઆરટીએસ બસને રોકવામાં આવી હતી. બસ ઉભી રખાવીને અધ્યક્ષે પોતે અંદર જઈને મુસાફરોની ટિકિટ અને કંડક્ટરની કામગીરીની ચકાસણી શરૂ કરી હતી.

તપાસ દરમિયાન જોવા મળ્યું કે બસમાં ફરજ બજાવતા કંડક્ટરે 'આકાર એજન્સી' દ્વારા નિર્ધારિત કરવામાં આવેલું સત્તાવાર ટી-શર્ટ પહેર્યું હતું, પરંતુ જ્યારે અધ્યક્ષે આ અંગે પૂછપરછ કરી, ત્યારે કંડક્ટરે પોતે નવો જોડાયો હોવાની વાત કરી હતી. આશ્ચર્યની વાત એ હતી કે, કંડક્ટર પાસે કોઈ પણ પ્રકારનું સત્તાવાર ઓળખપત્ર કે તેની નિમણૂક અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ નહોતા.

# જેલમાં જવાથી બચવા માટે રાજુ કરપડાએ ખેડૂતો આંદોલનની બલી ચડાવી: ઈટાલીયા

અમદાવાદ : રાજુ કરપડા પર લાગેલા કેસ મામલે ખુલાસો કરતા આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાએ રાજીનામું આપ્યું છે. આજે એમનો આભાર માનતા સાથે ખેદ વ્યક્ત કરવો છે કે આજે જ્યારે રાજુભાઈ આમ આદમી પાર્ટી સાથે નથી, એ વાતનું દુઃખ તો છે જ. પરંતુ એના કરતાં પણ હજાર ગણું વધુ દુઃખ આજે રાજુભાઈનો ચહેરો અને શબ્દો જોઈને મને થયું છે. મેં રાજુભાઈને હંમેશા મારી બાજુમાં બેસીને બોલતા સાંભળ્યા છે. માઈક પર, મંચ પર અમે એકસાથે બેઠા હોઈએ અને બોલતા હોઈએ. એમના અવાજમાં ગર્જના હતી. એમના ચહેરા પર કાયદેસરનું એક જનૂન અને એક આક્રોશ હતો, લોકો માટે લડવાનુ. જ્યારે તેઓ બોલતા ત્યારે સાંભળનાર લોકોના હૃદય સુધી વાત પહોંચતી. શ્રોતાઓના હૃદય સુધી વાત પહોંચતી. પરંતુ આજે તેઓ જે બોલતા હતા એ શબ્દો એમના હૃદયમાંથી નહીં, સ્ક્રિપ્ટમાંથી આવતા હોય એ પ્રકારના શબ્દો હતા. એ શબ્દોમાં કોઈ દમ નહોતો, વજન નહોતું, તાકાત નહોતી. જ્યારે તેઓ અમારી સાથે હતા, આમ આદમી પાર્ટી સાથે હતા, ત્યારે જે બોલતા હતા એ શબ્દોમાં તાકાત હતી. આજે એમના ચહેરા પર નૂર નહોતો. આજે એમના ચહેરા પર એક ગ્લાનીનો ભાવ હતો. જાણે, કંઈ ખોટું કરી રહ્યા હોય, ન કરવાનું કરી રહ્યા હોય એવો ભાવ હતો. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે રાજુભાઈએ અનેક રાજકીય પ્રકારના આરોપો, આક્ષેપો અમારી પાર્ટી પર કર્યા. કડદા કાંડને લઈને બનેલી ઘટનાઓ પર બધું જ કહ્યું. પરંતુ એમણે એક વાત ગુજરાતની જનતાથી છુપાવી, જે વાત હું તમારા સુધી મૂકવા માગું છું કે રાજુભાઈએ આવું પગલું કેમ ભરવું પડ્યું? કારણ કે એમના ઉપર કુલ ત્રણ કેસો છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં એફિડેવિટમાં એમણે ત્રણ કેસોનો ઉલ્લેખ કર્યો છે. એક કેસ કલમ ૩૨૬નો એટલે કે ટાંડિયા તોડી નાખવાનો કેસ, હાથપગ તોડી નાખવાનો કેસ. બીજા બે કેસ જાનથી મારી નાખવાની કોશિશ (કલમ ૩૦૭) ના. જે ટાંડિયા તોડવાનો કેસ છે, એ કેસમાં એમને ૨૦૨૨ની ચૂંટણી પછી પાંચ વર્ષની સજા થઈ ચૂકી છે.

### અમેરિકા સાથેની ટ્રેડ ડિલના વિરોધમાં આમ આદમી પાર્ટીએ જાહેર કર્યું અભિયાન

અમદાવાદ : અમદાવાદમાં આમ આદમી પાર્ટી પ્રદેશ મહામંત્રી સાગર રબારી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ દ્વારા ટ્રેડ ડીલ મુદ્દે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી હંમેશા દેશ અને ગુજરાતના ખેડૂતોના હિત માટે ગ્રાઉન્ડ લેવલે લડતી આવેલી પાર્ટી છે. હડદડ મુકામે થયેલા ખેડૂત આંદોલનથી લઈને રાજ્યના વિવિધ ખેડૂત પ્રશ્નોમાં પાર્ટીએ મજબૂત લડત આપી છે.


## પેગાસસ પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5મો માળે, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
નોંધાયેલ ઓફિસ: 507, ડેટામેલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

### ઈ-હરાજી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સિક્યોર્ડ એસેટ્સ જે સ્થાવર મિલકત છે અને સિક્યોર્ડ લેણદાર પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ (જે પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે) પાસે ગીરો/ચાર્જ કરેલ છે. જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ ('જના બેંક') દ્વારા તારીખ 28.03.2024 ના અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ મુજબ નીચે દર્શાવેલ લેણદારના દેવા અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ સોંપવામાં આવ્યા હોવાથી, SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ આ મિલકતોનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'ત્યાં જે કંઈ પણ છે' તે ધોરણે તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે તારીખ 05.03.2026 ના રોજ કરવામાં આવશે.
જના બેંકના અધિકૃત અધિકારીએ તારીખ 02/06/2024 ના રોજ SARFAESI એક્ટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ નીચે વર્ણવેલ સ્થાવર મિલકતનો કબજો લીધો છે અને તેનો કબજો પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત અધિકૃત અધિકારીને સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ) ના નામ: | અ) મકવાણા જસ્મિનભાઈ જેન્તીભાઈ<br>બ) મકવાણા જેન્તીભાઈ જાદવજીભાઈ |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ એસેટ્સ વેચવામાં આવી રહી છે: | 19/12/2023 ના રોજ Rs.19,78,532/- (રૂપિયા ઓગણીસ લાખ ઇઠ્યોતેર હજાર પાંચસો બત્રીસ પૂરા) અને ત્યારબાદનું વ્યાજ, ખર્ચ અને ચાર્જીસ.<br>(06/02/2026 ના રોજ Rs.26,63,382.10 (રૂપિયા છવ્વીસ લાખ ત્રેસઠ હજાર ત્રણસો બ્યાસી અને દસ પૈસા પૂરા) બાકી નીકળે છે અને 07/02/2026 થી વસૂલાત સુધીનું વ્યાજ અને અન્ય ખર્ચ.) |
| વેચવામાં આવનાર સિક્યોર્ડ એસેટ એટલે કે સ્થાવર મિલકતની વિગતો: | ગીરોકર્તા: મકવાણા જસ્મિનભાઈ જેન્તીભાઈ<br>મોજે ગામ મગોબ, સુરત શહેર ખાતે આવેલી રેવન્યુ સર્વે નં. 83-1, બ્લોક નં. 148, ટી.પી. સ્કીમ નં. 64 (મગોબ), ફાઈનલ પ્લોટ નં. 98 અને 99 જેનું ક્ષેત્રફળ 10218.00 ચો. મીટર છે, પૈકી ભાગ-1 જેનું ક્ષેત્રફળ 2800 ચોરસ વાર છે, તેમાં આવેલ 'એન જે કોમ્પ્લેક્સ' (N J COMPLEX) ના ચોથા માળે ફ્લેટ નં. A/401, જેનું ક્ષેત્રફળ 800 ચો. ફૂટ એટલે કે 74.32 ચો.મીટર છે, તેની સાથે જમીનનો 13.37 ચો.મીટરનો અવિભાજિત હિસ્સો. સીમાઓ: પૂર્વ: દરબાર નગર, પશ્ચિમ: ગુજરાત મોટર્સ, ઉત્તર: કડોદરા સ્ટેટ હાઈવે, દક્ષિણ: સર્વે નં. 83/1, બ્લોક નં. 148 પૈકી સબ પ્લોટ નં. 3. CERSAI SI.ID: 400066640267; Asset ID: 200067634041; LAN: 45259420005131; |
| રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) જેની નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ. માં): | Rs.14,40,000/- (રૂપિયા ચૌદ લાખ ચાલીસ હજાર પૂરા) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | Rs.1,44,000/- (રૂપિયા એક લાખ ચુંવાલીસ હજાર પૂરા) |
| મિલકત સામે કરવામાં આવેલ કોઈ પણ દાવા અને સિક્યોર્ડ લેણદારને ખબર હોય તેવા અન્ય કોઈ પણ લેણાં અને મૂલ્ય: | જાણમાં નથી |
| મિલકતનું નિરીક્ષણ: | 20.02.2026 ના રોજ સવારે 11.30 થી બપોરે 03.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી નિલેશ મોરે - સીનિયર મેનેજર - મો. નં. 9004722468<br>શ્રી પ્રમોદ જાધવ - સીનિયર મેનેજર - મો. નં. 9923680690 |
| બિડ (બોલી) સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 04.03.2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ઈ-હરાજી/બિડિંગ વેબસાઈટ (www.foreclosureindia.com) અથવા (https://bankauctions.in) દ્વારા 05.03.2026 ના રોજ બપોરે 03.00 થી 04.00 વાગ્યા દરમિયાન |

આ પ્રસિદ્ધિ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ ઉપરોક્ત લેણદારો/ સહ-લેણદારો/ જામીનદારો અને ગીરોકર્તાઓ માટે પંદર (15) દિવસની નોટિસ પણ છે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને બિડ સબમિટ કરતા પહેલા સિક્યોર્ડ લેણદારની વેબસાઈટ http://www.pegasus-arc.com/assets-to-auction.html અથવા (www.foreclosureindia.com) (https://bankauctions.in) જુઓ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ 4 ક્લોઝર (4 Closure) નો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ: શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725. ઈમેલ: info@bankauctions.in / arijit@bankauctions.in.

સ્થળ: ગુજરાત
તારીખ: 13.02.2026
સહી/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત



## પેગાસસ પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5મો માળે, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
નોંધાયેલ ઓફિસ: 507, ડેટામેલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

### ઈ-હરાજી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સિક્યોર્ડ એસેટ્સ જે સ્થાવર મિલકત છે અને સિક્યોર્ડ લેણદાર પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ (જે પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે) પાસે ગીરો/ચાર્જ કરેલ છે. જના બેંક દ્વારા તારીખ 28/03/2024 ના અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ મુજબ નીચે દર્શાવેલ લેણદારના દેવા અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ સોંપવામાં આવ્યા હોવાથી, SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ આ મિલકતોનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'ત્યાં જે કંઈ પણ છે' તે ધોરણે તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે તારીખ 05.03.2026 ના રોજ કરવામાં આવશે.
જના સ્મોલ ફાયનાન્સ બેંકના અધિકૃત અધિકારીએ તારીખ 19/07/2024 ના રોજ SARFAESI એક્ટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ નીચે વર્ણવેલ સ્થાવર મિલકતનો પ્રત્યક્ષ (Physical) કબજો લીધો છે અને તેનો કબજો પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ને સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ) ના નામ: | પાટીલ ઈશ્વરભાઈ રામકૃષ્ણ (લેણદાર અને ગીરોકર્તા)<br>સુષ્મા ઈશ્વર પાટીલ (સહ-લેણદાર અને ગીરોકર્તા) |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ એસેટ્સ વેચવામાં આવી રહી છે: | 07/02/2024 ના રોજ Rs.9,79,212.02 (રૂપિયા નવ લાખ ઓગણએસી હજાર બસો બાર અને બે પૈસા પૂરા) અને SARFAESI એક્ટની કલમ 13(2) હેઠળની નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી 08/02/2024 થી લાગુ પડતું વ્યાજ, ખર્ચ અને ચાર્જીસ.<br>(06/02/2026 ના રોજ Rs.13,35,956.02 (રૂપિયા તેર લાખ પાંત્રીસ હજાર નવસો છપ્પન અને બે પૈસા પૂરા) બાકી નીકળે છે અને 07/02/2026 થી વસૂલાત સુધીનું વ્યાજ અને અન્ય ખર્ચ.) |
| વેચવામાં આવનાર સિક્યોર્ડ એસેટ એટલે કે સ્થાવર મિલકતની વિગતો: | ગીરોકર્તા: શ્રીમતી સુષ્મા ઈશ્વર પાટીલ અને શ્રી ઈશ્વરભાઈ રામકૃષ્ણ પાટીલ<br>મોજે ગામ બગુમરા, તા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. 201/1 અને 210/1, 210/2 અને 111, બ્લોક નં. 270, 271 અને 272/A, કુલ ક્ષેત્રફળ હે. આરે. 0-77-29 ચો.મી. પૈકી પ્લોટ નં. E/1 (પાસિંગ પ્લાન નં. 52, 53 અને 54 મુજબ) જેનું ક્ષેત્રફળ 465.00 ચો. વાર એટલે કે 388.79 ચો.મી. છે, તેમાં આવેલ 'હરીકુંજ એવન્યુ ઓફ સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-2' બિલ્ડિંગ નં. B ના પહેલા માળે આવેલ ફ્લેટ નં. 108, જેનું કાર્પેટ એરિયા 482.00 ચો. ફૂટ (44.80 ચો.મી.) અને સુપર બિલ્ટ-અપ એરિયા 803.00 ચો.ફૂટ (74.66 ચો.મી.) છે, તેની સાથે જમીનનો 9.22 ચો.મી.નો અવિભાજિત હિસ્સો તથા રસ્તા અને COP ની જમીનમાં 163.00 ચો.મી.નો અવિભાજિત હિસ્સો ધરાવતી મિલકત. સીમાઓ: ઉત્તર: બાજુમાં A-બિલ્ડિંગ, દક્ષિણ: બાજુમાં ફ્લેટ નં. 107, પૂર્વ: ફ્લેટ નં. 101 નો પેસેજ, પશ્ચિમ: બાજુમાં હરીવિલા બિલ્ડિંગ. CERSAI SI.ID: 400067236713; Asset ID: 200068133504; LAN: 45249420002821; |
| રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) જેની નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ. માં): | Rs.9,74,000/- (રૂપિયા નવ લાખ ચુમોતેર હજાર પૂરા) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | Rs.97,400/- (રૂપિયા સત્તાણું હજાર ચારસો પૂરા) |
| મિલકત સામે કરવામાં આવેલ કોઈ પણ દાવા અને સિક્યોર્ડ લેણદારને ખબર હોય તેવા અન્ય કોઈ પણ લેણાં અને મૂલ્ય: | જાણમાં નથી |
| મિલકતનું નિરીક્ષણ: | 20.02.2026 ના રોજ સવારે 11.00 થી બપોરે 03.00 વાગ્યા દરમિયાન |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468 |
| બિડ (બોલી) સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 04.03.2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ઈ-હરાજી/બિડિંગ વેબસાઈટ (www.foreclosureindia.com) અથવા (https://bankauctions.in) દ્વારા 05.03.2026 ના રોજ બપોરે 03:00 થી 04:00 વાગ્યા દરમિયાન |

આ પ્રસિદ્ધિ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 હેઠળ ઉપરોક્ત લેણદારો, સહ-લેણદારો, જામીનદારો અને ગીરોકર્તાઓ માટે પંદર (15) દિવસની નોટિસ પણ છે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ લેણદારની વેબસાઈટ http://www.pegasus-arc.com/assets-to-auction.html અથવા (www.foreclosureindia.com) (https://bankauctions.in) જુઓ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ 4 ક્લોઝર (4 Closure) નો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ: શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725. ઈમેલ: info@bankauctions.in / arijit@bankauctions.in.

સ્થળ: ગુજરાત
તારીખ: 13.02.2026
સહી/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો.

**વૃષભ : બ. વ. ઉ.**

કામનું દબાણ આજે તાણ તથા ટેન્શન લાવી શકે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**મિથુન : ક. છ. ઘ.**

સારા સમાચાર મળવાની શક્યતા છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.

**કર્ક : ડ. હ.**

એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા પરિવારના સભ્યો કહે ચે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ-પણ તમારે તમના અનુભવોમાંથી શીખવાનો પ્રયાસ કરવો જોઈએ.

**સિંહ : મ. ટ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. ચમારી પરિસ્થિતિ વિશે તમારા સાથીદારને સમજાવવામાં તમને ખૂબ મુશ્કેલી પડશે.

**કન્યા : પ. ઠ. ણ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે.

**તુલા : ર. ત.**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારી માટે પ્રેમ પવનમાં છે.

**મકર : ખ. જ.**

કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે.

### ૨૪ કેન્દ્રો ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ-૧૪,૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

# નર્મદા જિલ્લા વહીવટીતંત્ર ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓ માટે સજ્જ બને છે

(એજન્સી) રાજપીપલા | તા.12

આગામી તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) સામાન્ય-વિજ્ઞાન પ્રવાહની નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ શરૂ થનાર છે. ત્યારે નર્મદા જિલ્લામાં સંપૂર્ણ સુચારૂ રીતે યોજાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે મુક્ત વાતાવરણમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષામાં ભાગ લે અને આ પરીક્ષાઓ શાંતિમય તણાવમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુસર નિવાસી અધિક કલેકટર ની અધ્યક્ષતામાં પરીક્ષાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે સમીક્ષા અંગે બેઠક યોજાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા માં યોજાનારી બોર્ડ પરીક્ષા ના આયોજન માટે ની આ બેઠક માં નર્મદા જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. આ બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી ડો.



કિરણબેન પટેલે બોર્ડ પરીક્ષા સંદર્ભે થયેલી તૈયારીઓની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દૂબારા ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૬માં ધોરણ ૧૦ એસ.એસ.સી અને ધોરણ ૧૨ એચ.એસ.સી વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન યોજાશે. નર્મદા જિલ્લામાં ધોરણ ૧૦ (એસ.એસ.સી) બોર્ડની પરીક્ષામાં જિલ્લાના ૧૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૮૭૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તેના માટે ૨૭ પરીક્ષા બિલ્ડીંગોમાં ૩૦૩ બ્લોક નક્કી કરાયા છે. જ્યારે ધોરણ- ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૦૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૪૮૩૬ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં બેસશે, જે માટે ૧૫ બિલ્ડીંગમાં ૧૬૬ બ્લોક નક્કી કરાયા છે. તેવી જ રીતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાં બે કેન્દ્રો ખાતે ૧૦૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જે માટે ૦૫ બિલ્ડીંગમાં ૫૩ બ્લોક નક્કી કરાયા છે. આમ નર્મદા જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ૨૪ કેન્દ્રો ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ-૧૪,૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બોર્ડની પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તેમજ રાજપીપલા શહેર ઉપરાંત જિલ્લાના તાલુકા-ગ્રામ્યકક્ષાએથી આવતા પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે વધારાની બસો ફાળવવા અધિકારીઓ ને સૂચના આપવામાં આવી હતી.

### બંધ હોવાથી લોકોને હાલાકી

# શનિવારથી ભાવનગરમાં 50 ઈ-બસ 8 રૂટ પર દોડશે

ભાવનગર : ભાવનગર શહેરમાં લાંબા સમયથી સિટી બસ સેવા બંધ છે તેથી મુસાફરોને હાલાકી પડી રહી છે પરંતુ હવે આગામી થોડા દિવસમાં ઈ-બસ મહાપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી રહી છે અને આ ઈ-બસો શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરશે. ભાવનગર શહેરમાં આશરે એક માસ કરતા વધુ સમયથી ૫૦ ઈ-બસ ધૂળ ખાઈ છે પરંતુ હજુ ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી નથી પરંતુ હવે આગામી તા. ૧૪ ફેબુરઆરીના રોજ ભારતના વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુલ માધ્યમથી ઈ-બસનું લોકાર્પણ કરવામાં આવશે. શહેરના અધેવાડા બસ ડેપો ખાતે પીએમ ઈ-બસ સેવા યોજના અંતર્ગત ઈલેકટ્રીક બસ સેવાનો લોકાર્પણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે, જેમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હાજર રહેશે. ૫૦ ઈ-બસ શહેર-જિલ્લાના ૮ રૂટ પર ફરશે, જેમાં મોટાભાગની બસ શહેરના ગંગાજળિયા તળાવમાંથી ઉપડશે અને ટોપથી સર્કલ, અકવાડા, સિદસર, સિહોર, ભંડારિયા, ઘોઘા વગેરે સ્થળ જશે તેમ મહાપાલિકાના સુત્રોએ જણાવેલ છે. ભાવનગર શહેરમાં સિટી બસ સેવા આશરે ૯ માસ કરતા વધુ સમયથી બંધ છે તેથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને તત્કાલ ઈ-બસ સેવા માંગણી કરી રહ્યા છે. ઈ-બસ સેવા શરૂ થતા મુસાફરોને રાહત થશે તેમ જણાય રહ્યુ છે. ભાવનગર મહાપાલિકાના ટ્રાન્સપોર્ટ વિભાગે કેટલાક રૂટની યાદી જાહેર કરી છે.

### બાતમી આધારે કાર્યવાહી

# નડિયાદના ઈદગાહ રોડ પરથી એક કિલો ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

નડિયાદ : મહેમદાવાદ પોલીસે મંગળવારે સાંજે ઈદગાહ રોડ પર નગરપાલિકાના બોર પાસેથી એક શખ્સને ૧.૬૪૬ ગ્રામ (કિંમત રૂ.૯૭,૩૦૦)ના ગાંજાના જથ્થા સાથે દબોચી લીધો હતો. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે નાર્કોટિક્સનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. મહેમદાવાદ પોલીસ પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, શહેરના ખાત્રજ દરવાજા પાસે રહેતો એક વ્યક્તિ ઈદગાહ રોડ પર નગરપાલિકાના બોર પાસે ગાંજાનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેડ પાડતા કણજીના ઝાડ નીચેથી મળી આવેલા શખ્સની પૂછપરછ કરતા મકસુદ યુસુફભાઈ મન્સૂરી (રહે. ખાત્રજ દરવાજાની અંદર, મહેમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના કબજામાંથી ૧.૬૪૬ ગ્રામ ગાંજો (કિંમત અંદાજીત રૂ.૯૭,૩૦૦) અને મોબાઈલ ફોન (કિંમત રૂ. ૫,૦૦૦), ડિજિટલ વજન કાંટો, પ્લાસ્ટિકના પેકિંગ પેપર અને થેલીઓ મળી કુલ મુદ્દામાલ રૂ.૧,૦૨,૪૫૦ કબજે કર્યો હતો.

### માંગરોળ હત્યા કેસ:

## યુવતીનો મૃતદેહ મળ્યો

(એજન્સી) કોસંબા | તા.03

કોસંબા નજીક એક સનસનાટીભરી ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. અહીં રેલવે ઓવરબ્રિજની બાજુમાં આવેલા જાહેર રોડ પરથી એક બંધ ટ્રોલી બેગ મૃતદેહ સાથે મળી આવી છે, જેમાંથી આશરે ૨૦ વર્ષીય અજાણી યુવતીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ ઘટનાને પગલે કોસંબા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

### બે બાઈક સામસામે અથડાઈ હતી

# જેસરના સનાળા પાસે સર્જાયેલા અકસ્માતમાં બે લોકોના મોત

જેસર : જેસર પંથકમાં ગમખ્વાર અકસ્માતની એક કરૂણ ઘટના સામે આવી છે. જેસરના સનાળા નજીક બે બાઈક સામસામે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા છે. બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેસરના સનાળા અને રાજપરા ગામ વચ્ચે બે મોટરસાયકલ સામસામે ધડાકાભેર અથડાતા સર્જાયેલા અકસ્માતમાં બે લોકોના કરૂણ મોત નિપજ્યા છે. મળતી માહિતી મુજબ સનાળા અને રાજપરા ગામ વચ્ચેના માર્ગ પર બે બાઈક સવારો સામસામે ટકરાયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બાઈક સવારોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ બન્નેને તાત્કાલિક સારવારઅર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતા. અકસ્માતમાં જીવ ગુમાવનાર વ્યક્તિઓ ?વીરપુર અને ?જુના પાદર ગામના રહેવાસી ?હોવાનું જાણવા મળ્યું છે. બાઈક સવારોના મોતથી વીરપુર અને જુનાપાદર ગામ સહિત જેસર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### ટ્રાફિક અને પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે

# નડિયાદના શ્રેયસ ગરનાળા પર ઓવરબ્રિજ બનાવવા રેલવે દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી મળી



## રેલવેના મુસાફરો, શહેરના પૂર્વ-પશ્ચિમ વિસ્તારની જનતા માટે આ બ્રિજ આશીર્વાદરૂપ સાબિત થશે

નડિયાદ : નડિયાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા અત્યંત મહત્વના ગણાતા શ્રેયસ ગરનાળા પર રેલવે ઓવરબ્રિજ નિર્માણ કરવા માટે રેલવે સત્તાવાળાઓ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારની અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના અંતર્ગત નડિયાદ જંકશનનો સમાવેશ કરાયા બાદ હવે શ્રેયસ ગરનાળા પર પણ આધુનિક બ્રિજ બનાવવાની લીલીઝંડી મળતા શહેરની વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે. નડિયાદ શહેરના હાર્દસમા રેલવે સ્ટેશન વિસ્તારમાં દર વર્ષે ચોમાસા દરમિયાન શ્રેયસ ગરનાળામાં પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઈ જતો હતો અને ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ સર્જાતી હતી. આ પરિસ્થિતિના કાયમી નિરાકરણ માટે લોકલાગણી હતી કે અહીં રેલવે ઓવરબ્રિજ બનાવવામાં આવે. આ બાબતે સાંસદ અને ધારાસભ્યએ ભારત સરકારમાં રજૂઆત કરી હતી કે, રેલવે મુસાફરો અને શહેરના પૂર્વ-પશ્ચિમ વિસ્તારની જનતા માટે આ બ્રિજ આશીર્વાદરૂપ સાબિત થશે. રેલવે મંત્રાલયે આ જરૂરિયાતને ગ્રાહ્ય રાખીને બાંધકામ માટેની મંજૂરી આપતા હવે આગામી સમયમાં કામગીરી વેગવંતી બનશે. આ વિકાસલક્ષી નિર્ણયથી નડિયાદના શહેરીજનોમાં આનંદની લહેર પ્રસરી છે.

# શાળા સહાયકની નિમણૂકના પત્રને 6 મહિના થયા છતા સ્થિતિ ઠેરની ઠેર

ભાવનગર : પ્રાથમિક શાળાની વહિવટી કામગીરી માટે હાલ મોટાભાગની જગ્યા ખાલી રહી છે. ત્યારે સરળતા માટે નિયામક દ્વારા પરિપત્ર કરી શાળા સહાયક કરાર આધારીત એજન્સી મારફત ભરવાનો આદેશ કરાયો હતો જેને છ માસ થવા છતાં આ પ્રક્રિયા નહી થતા વ્યાપક રોષની લાગણી ફેલાવા પામી છે.ભાવનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાની શૈક્ષણિક ગુણવત્તા વધારવા શિક્ષકોની ભરતી તબક્કાવાર હાથ ધરાય છે. પરંતુ વહિવટી કામગીરીની સરળતા માટે કાર્યવાહી થતી ન હોવાની ફરિયાદ લાંબા સમયની રહે છે. નિયામક પ્રાથમિક શાળા કચેરી દ્વારા ૧૯-૭-૨૫ના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પત્ર કરી કલેક્ટરની માન્ય એજન્સી દ્વારા આઉટ સોર્સથી વહિવટી કામગીરી માટે શાળા સહાયકની



કરાર આધારીત ભરતી કરવા જણાવાયું હતું. જ્યારે ત્યારબાદ દરેક કેન્દ્ર વર્તી શાળામાં એક શાળા સહાયક ફાળવવાની બાબત આવી જ્યારે કેન્દ્રવર્તી શાળામાં પણ ૩૦૦ વિદ્યાર્થીની સંખ્યા હોવી જરૂરી બતાવી હતી અને ત્યારબાદ ઓછી સંખ્યાવાળી કેન્દ્રવર્તી શાળા બદલવાની પ્રક્રિયા કાને ધરાઈ છે. હાલ જિલ્લામાં ૧૧૧ કેન્દ્રવર્તી શાળાઓ કાર્યરત છે જે પૈકી ૩૦૦ સંખ્યા ધરાવતી હોય તેવી ૪૯ શાળા છે. જ્યારે બાકીની કેન્દ્રવર્તી શાળામાં નિયત થયેલ ૩૦૦ની સંખ્યા થતી નથી જેથી આ કેન્દ્રવર્તી શાળા બદલવાની કાર્યવાહી કરવી રહી. જો કે, શાળા સહાયકની નિમણૂક અંગેનો પત્ર થયાને છ માસ જેટલો લાંબો સમયગાલો વિતવા છતા વડી કચેરીનો આદેશ માત્ર કાગળ પર રહ્યો હોવાનું સામે આવ્યું છે. જે અંગે હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ શકી નથી. મળતી વિગતો મુજબ આુટ સોર્સથી શાળા સહાયકની ભરતી પ્રક્રિયા ડીડીઓ હસ્તક ચાલે છે અને માત્ર માહિતી મંગાવાઈ રહી છે. પરંતુ નિષ્કર્ષ આવતું નથી. અને ઉમેદવારો નોકરીની રાહ જોઈ બેઠા છે. જ્યારે કેન્દ્રવર્તી બનાવવાનો સમિતિમાં ઠરાવ પણ હજુ અધ્ધરતાલ છે ત્યારે ભરતી ક્યારે થશે ? તેવા સવાલો ઉઠવા પામ્યા છે. સરકારી કચેરી હોય કે શિક્ષણનો પરિપત્ર હોય આદેશ થાય છે પણ અમલવારી થતી ન હોવાની ફરિયાદ દરેક કચેરીમાં જોવા મળે છે. શિક્ષણ વિભાગે શાળા સહાયક એક સપ્તાહમાં ભરવા આદેશ કર્યો પરંતુ છ મહિના વિતવા છતા હજુ કોઈ ઠેકાણા નથી. શાળાના નિયમો, પરીક્ષાના નિયમો, વેકેશનના નિયમો પણ ઘડાયા છે પરંતુ તેની અમલવારી થતી નથી.

# ઘૂસખોર પંડત પર નીરજ પાંડેનું વિધિસર નિવેદન

અમારી ફિલ્મ કાલ્પનિક કોપ ડ્રામા છે અને પરિભાષા ''પંડત'' કાલ્પનિક પાત્રનું અનૌપચારિક નામ તરીકે જ ઉપયોગ કરાયો છે. વાર્તા વ્યક્તિની કૃતિ અને પસંદગીઓ પર



કેન્દ્રિત છે અને કોઈ પણ જાતિ, ધર્મ કે સમુદાય પર ટિપ્પણી કરતી નથી કે આલેખન કરતી નથી. ફિલ્મકાર તરીકે હું વિચારપ્રેરક અને આદરપ્રેરક હોય તેવી વાર્તાઓ કહેવા માટે મારું કામ સંપૂર્ણ જવાબદારીથી પાર પાડું છું. આ ફિલ્મ મારી અગાઉની કૃતિઓની જેમ જ નિખાલસ હેતુથી અને ફક્ત દર્શકોના મનોરંજન માટે જ નિર્માણ કરાઈ છે. અમે સમજીએ છીએ કે ફિલ્મના શીર્ષકથી અમુક દર્શકોને ઠેસ પહોંચી છે અને અમે તે લાગણીઓનો મન:પૂર્વક સ્વીકાર કરીએ છીએ. આ મૂંઝવણના પરિપ્રેક્ષ્યમાં અમે હાલમાં સર્વ પ્રમોશનલ સામગ્રીઓ પાછી ખેંચી લેવાનું નક્કી કર્યું છે, કારણ કે અમે માનીએ છીએ કે ફિલ્મ તેની સંપૂર્ણતામાં અનુભવવી જોઈએ અને આંશિક ઝાંખીઓ પર નિર્ણય લેવાને બદલે અમે કહેવા માગીએ તે વાર્તાના હેતુના પરિપ્રેક્ષ્યમાં તેને સમજવી જોઈએ. હું ટૂંક સમયમાં જ ફિલ્મ દર્શકો સમક્ષ લાવવા ઉત્સુક છું.

### ઉક્તિને સાર્થક કરતા ધારાસભ્ય શ્રી

# વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે...

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

અબડાસા ના એક્ટિવ સતત વિસ્તારના વિકાસ માટે વ્યસ્ત રહેતા તેમજ કામ ગુણવત્તાપૂર્વક થાય તેવી નેમ ધરાવતા, જેવોના મોબાઈલની કોલટ્રોન ન જ " વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે; પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... " એવા અબડાસાના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા જેવો આજે નખત્રાણા તાલુકાના વિરાણી મોટી ગામે નઝર સાટીના નિવાસસ્થાને મુલાકાત લઈ તેમના હાલચાલ પૂછ્યા હતા તેમજ પરિવારજનો સાથે સૌજન્ય મુલાકાત કરી





### સરપંચ વિરુદ્ધ આઠ સભ્યોએ મત આપ્યો

# ઠાસરા તાલુકાના માસરામાં સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત મંજૂર

ડાકોર : ઠાસરા તાલુકાના માસરા ગામે લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય ગરમાવાનો અંત આવ્યો છે. ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા કરવામાં આવતા મનસ્વી વહીવટ અને સભ્યોની અવગણના સામે લાવવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત બહુમતી સાથે મંજૂર કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર તાલુકાના પંચાયતી રાજમાં ખળભળાટ મચી ગયો છે. માસરા ગ્રામ પંચાયતના સભ્યોનો આક્ષેપ હતો કે, સરપંચ દ્વારા પંચાયતનો વહીવટ એકતરફી રીતે કરવામાં આવતો હતો. વિકાસના કામોમાં અન્ય સભ્યોને વિશ્વાસમાં લેવામાં આવતા નહોતા અને સરપંચ પોતાની મનમાની ચલાવતા હતા. તારીખ ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સભ્યો દ્વારા સરપંચ વિરુદ્ધ બહુમતી દાખવી અવિશ્વાસની દરખાત તલાટીને આપી હતી. જેમાં તલાટીએ સરપંચને મીટિંગ બોલાવવા માટે જણાવ્યું હતું. સરપંચે મીટિંગ ના બોલાવતા સભ્યોએ તલાટી મારફતે તાલુકા વિકાસ અધિકારીને જાણ કરી હતી અને તાલુકા વિકાસ અધિકારીએ મીટિંગ બોલાવવા માટે પ્રયત્ન કર્યા હતા. જેમાં સરપંચ દ્વારા તેમ છતાંય મીટિંગ ના બોલાવતા તાલુકા વિકાસ અધિકારી ઠાસરા મીટિંગ બોલાવવા માટે વિસ્તરણ અધિકારીને માસરા પંચાયતમાં મોકલીને મીટિંગ બોલાવી હતી. તારીખ ૧૦ ફેબુરઆરી ૨૦૨૬ના રોજ બોલાવી હતી. જેમાં સરપંચ વિરુદ્ધ આઠ સભ્યોએ મત આપ્યો હતો, જયારે સરપંચ સાથે બે મત તેમની તરફેણમાં હતા. જેથી બહુમતી જાહેર થતા અવિશ્વાસનો પ્રસતાવ મંજૂર કરવામાં આવ્યો હતો. આ બાબતે તાલુકા વિકાસ અધિકારીના જણાવ્યા પ્રમાણે, માસરા ગામે અવિશ્વાસની દરખાસ્ત મંજુર થઈ ગઈ છે, પરંતુ પંચાયત અધિનિયમ મુજબ સક્ષમ અધિકારીની સત્તાએ અવિશ્વાસના પ્રસ્તાવ બાબતે મારી કચેરીએથી ૭૨ કલાક પછી હુકમ કરવામાં આવશે.

### મહિલાના ભાઈએ ડીવાયએસપી વિરૂધ્ધ ગુનો નોંધવા કરી માંગ

# ભરતનગર પોલીસ સ્ટેશનના સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેલનો ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ

(એજન્સી) ભાવનગર | તા.12

ભાવનગર પોલીસ તંત્ર ફરી એક વખત વિવાદના વંટોળમાં ફસાયું છે. ભરતનગર પોલીસ મથકના સસ્પેન્ડેડ અને દાહોદ ખાતે બદલી કરાયેલા મહિલા કોન્ટેબલે આજે બોટાદના ગેસ્ટહાઉસમાં ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. ડીવાયએસપીના ત્રાસથી આત્મહત્યા કરવા મજબૂર બન્યા હોવાનો મહિલા કોન્સ્ટેબલ વીડિયો વાયરલ કર્યો હતો. મહિલા કોન્સ્ટેબલના ભાઈએ જવાબદાર પોલીસ અધિકારી સામે ગુનો નોંધવાની માંગ કરી છે.

શહેરના ભરતનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કોન્સ્ટેબલ નયનાબેન નાનજીભાઈ બારૈયા સામે એટ્રોસિટિના ગુનાના આરોપીને આશરો આપવાનો ગુનો નોંધાયા બાદ સતત વિવાદમાં રહેલા પોલીસકર્મીને જિલ્લા પોલીસવડાએ સસ્પેન્ડ કર્યાં પછી દાહોદ ખાતે બદલી કરી દેવામાં આવી હતી. જે બાદ મહિલા પોલીસકર્મી પર એક પછી એક કુલ પાંચ ગુના નોંધવામાં આવ્યા છે. તેવામાં સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયનાબેન બારૈયાએ સોશિયલ



મીડિયા પ્લેટફોર્મમાં એક વીડિયો વાયરલ કરી રડતા રડતા જણાવ્યું હતું કે, ડીવાયએસપી રીમા ઝાલાએ તેમના પર એક પછી એક ખોટા પાંચ ગુના દાખલ કર્યાં છે અને ઘર પણ વેર વિખેર કરી નાખ્યું છે અને માત્ર નવ વર્ષના બાળકથી વિખુટા કરી નાખવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપ ડીવાયએસપી રીમા ઝાલા પર કર્યાં હતા અને મરવા માટે મજબૂર કરી હોવાની વાત વાયરલ કરેલા વીડિયોમાં કહેવામાં આવી હતી. સોશિયલ મીડિયામાં વીડિયો શેર કર્યાં બાદ સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયનાબેન બારૈયાએ બોટાદના ગેસ્ટ હાઉસમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જે બાદ નયનાબેનને તત્કાલ બોટાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમની સ્થિતિ ગંભીર ગણાવાઈ રહી છે. આ સમગ્ર મામલે નયનાબેન બારૈયાના ભાઈ ગૌતમભાઈ નાનજીભાઈ બારૈયાએ ડીવાયએસપી રીમા ઝાલા વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગ કરી છે.

**સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેલ પર નોંધાયેલા ગુના**

- » એટ્રોસિટીના આરોપીને છાવવાનો ગુનો
- » પ્રોહીબીશન એક્ટ મુજબનો ગુનો
- » ફરજમાં રૂકાવટનો ગુનો
- » જેલમાંથી મોબાઈલ સીમકાર્ડ મળી આવવાનો ગુનો
- » જાનથી મારી નાખવાની ધમકીનો ગુનો

### માતા-પિતાએ ગળાફાંસો ખાતા અરેરાટી

# સિહોર તાલુકાના સોનગઢ ગામે દંપતિનો આપઘાત

સિહોર : સિહોર તાલુકાના સોનગઢ ગામે દંપતિએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે સોનગઢ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિહોર તાલુકાના સોનગઢ ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા ગુણવંતભાઈ મોહનભાઈ ડાભી (ઉ.વ.૫૫) અને ગીતાબેન ગુણવંતભાઈ ડાભી (ઉ.વ.૫૩) એ આજે સાંજે ૭.૨૦ કલાકના અરસા પહેલાના સમયગાળા દરમિયાન પોતાના ઘરની છતની હુક સાથે દોરડું બાંધી એક દોરડામાં બન્નેએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે બાદ બન્નેના મૃતદેહને પીએમ માટે સિહોર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રારંભિત તબક્કે દંપતિએ અગમ્ય કારણોસર જીવન ટુંકાવ્યું હોવાની બાબત સામે આવી હતી. જે મામલે સોનગઢ પોલીસે તપાસ કરતા મૃતક દંપતિને સંતાનમાં બે દિકરી અને એક દિકરો હોય અને દિકરો આર્મીમાં નોકરી કરતો હતો. દિકરો વર્ષ દરમિયાન ત્રણ મહિના જેટલા સમય જ રજામાં ઘરે આવતો હોય અને તેને માતા-પિતાએ રજામાં રોકાઈ જવાનું કહેતા હોય અને આજે તેમના દિકરા કિશોરભાઈ કામ અર્થે ભાવનગર આવ્યા હતા ત્યારે લાગણીને વશ થઈ દંપતિએ આ પગલું ભર્યું હતું.

## મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણકારોનો વિશ્વાસ અકબંધ એક પોઈન્ટ એક લાખ કરોડનો ચોખ્ખો પ્રવાહ

# શેરબજારમાં રિટેલ રોકાણકારોનો હિસ્સો ચાર વર્ષના તળિયે પહોંચ્યો

### સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોનું હોલ્ડિંગ વધીને ૧૮.૭૨ ટકાની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ

અમદાવાદ:ભારતીય શેરબજારમાં છવાયેલી અનિશ્ચિતતા અને નબળા વળતરના પગલે વ્યક્તિગત રોકાણકારોના ઉત્સાહ પર પાણી ફરી વળ્યું છે. તાજેતરના આંકડાકીય વિશ્લેષણ મુજબ, સ્થાનિક શેરબજારમાં રિટેલ રોકાણકારોનો સીધો હિસ્સો ઘટીને છેલ્લા ચાર વર્ષના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. બજારમાં જોવા મળેલી ભારે અસ્થિરતા અને ખાસ કરીને સ્મોલ-કેપ તથા મિડ-કેપ શેરોમાં થયેલા તીવ્ર ધોવાણને કારણે સામાન્ય રોકાણકારોએ સીધા રોકાણથી અંતર જાળવ્યું હોવાનું જણાય છે. જોકે, આશ્ચર્યજનક રીતે રોકાણકારોએ મ્યુચ્યુઅલ ફંડ જેવા પરોક્ષ માધ્યમો દ્વારા ઈક્વિટી બજારમાં પોતાની મૂડી ઠાલવવાનું ચાલુ રાખ્યું છે.પ્રાપ્ત વિગતો અને ડેટાબેઝના અહેવાલ અનુસાર, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં નેશનલ સ્ટોક એક્સચેન્જ પર સૂચિબદ્ધ કંપનીઓની કુલ માલિકીમાં રિટેલ રોકાણકારોનો હિસ્સો ઘટીને માત્ર ૭.૨૫% રહ્યો છે. આ આંકડો છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછો છે. ઉલ્લેખનીય છે કે, જે રોકાણકારો એક જ કંપનીમાં ૨ લાખ રૂપિયા સુધીના શેર ધરાવે છે તેમને રિટેલ રોકાણકારોની શ્રેણીમાં ગણવામાં આવે છે. માત્ર નાના રોકાણકારો જ નહીં, પરંતુ શ્રીમંત રોકાણકારો (HNIs) ના હિસ્સામાં પણ ઘટાડો નોંધાયો છે, જે અગાઉના ૨.૦૯% થી ઘટીને ૨.૦૩% થઈ ગયો છે. આમ, બંને શ્રેણીના રોકાણકારોની સંયુક્ત માલિકી ત્રણ વર્ષના લઘુત્તમ સ્તરે એટલે કે ૯.૨૮% પર આવી ગઈ છે.બજારના નિષ્ણાતો માને છે કે વ્યાપક બજારમાં જોવા મળેલો ઘટાડો આ સ્થિતિ માટે જવાબદાર છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નિફ્ટી તેના ઉચ્ચ સ્તરની નજીક હોવા છતાં, સ્મોલ-કેપ ઇન્ડેક્સ તેના શિખરથી અંદાજે ૧૧.૬% જેટલો દૂર છે. આ સેગમેન્ટના કેટલાક શેરોમાં તો ૨૦% થી ૫૦% સુધીનો કડાકો જોવા મળ્યો છે. આ જ કારણ છે કે વર્ષ ૨૦૨૪ માં જે રોકાણકારો ૧.૬૭ લાખ કરોડની ખરીદી કરી રહ્યા હતા, તેઓ વર્ષ ૨૦૨૫ માં ૧,૭૧૪ કરોડના ચોખ્ખા વેચાણકર્તા બની ગયા છે. ગત વર્ષના ૧૨ મહિનામાંથી ૭ મહિનામાં રિટેલ રોકાણકારોએ બજારમાંથી પોતાની મૂડી પાછી ખેંચી હતી.એક તરફ સામાન્ય રોકાણકારો બજારથી દૂર જઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) નો ભરોસો વધ્યો છે. તેમનો હિસ્સો વધીને ૧૮.૭૨% ની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે. આ વૃદ્ધિ પાછળ મ્યુચ્યુઅલ ફંડ્સમાં આવેલો ૨.૧ લાખ કરોડનો તોતિંગ રોકાણ પ્રવાહ મુખ્ય કારણ છે. મ્યુચ્યુઅલ ફંડ્સની બજારમાં ભાગીદારી અત્યાર સુધીના સર્વોચ્ચ ૧૧.૧% ના સ્તરે પહોંચી છે. મીડિયા અહેવાલ મુજબ, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) ના હિસ્સામાં ઘટાડો થયો હોવા છતાં, તેમના દ્વારા પસંદ કરાયેલા શેરોના ભાવમાં સરેરાશ ૭.૧% નો વધારો જોવા મળ્યો છે, જે રિટેલ રોકાણકારોના નુકસાન સામે વિરોધાભાસ દર્શાવે છે.જોકે, આગામી સમયમાં આ ચિત્ર બદલાઈ શકે છે. ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારને પગલે બજારની મનોભાવનામાં સુધારો થવાની અપેક્ષા છે. સ્મોલ અને મિડ-કેપ સેગમેન્ટમાં મૂલ્યાંકન હાલ આકર્ષક સ્તરે હોવાથી આગામી ત્રિમાસિક ગાળામાં રિટેલ રોકાણકારો ફરી સક્રિય થાય તેવી પ્રબળ શક્યતા છે.

# ગોલ્ડ લોનમાં તોતિંગ વધારો છતાં બેંકિંગ સિસ્ટમ સંપૂર્ણ સુરક્ષિત

અમદાવાદ:દેશમાં ગોલ્ડ લોનના પ્રમાણમાં થઈ રહેલા અસાધારણ વધારાને લઈને ઉઠેલી આશંકાઓ પર ભારતીય રિઝર્વ બેંકે પૂર્ણવિરામ મૂકી દીધું છે. કેન્દ્રીય બેંકે સ્પષ્ટ કર્યું છે કે બેંકિંગ સિસ્ટમમાં ગોલ્ડ લોનનો વધતો વ્યાપ અત્યારે કોઈપણ પ્રકારે ચિંતાનું કારણ નથી. આરબીઆઈના મતે, બેંકો હવે અસુરક્ષિત લોનને બદલે સોના જેવી મજબૂત કોલેટરલ (તારણ) પર ધિરાણ આપવા તરફ વળી છે, જે નાણાકીય સ્થિરતાની દ્રષ્ટિએ એક હકારાત્મક સંકેત છે. સોનાના ભાવમાં આવેલા ઐતિહાસિક ઉછાળાને કારણે લોનની કિંમતોમાં પણ કુદરતી વધારો જોવા મળી રહ્યો છે.

રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્દ્રીય બેંક તમામ પ્રકારના લોન પોર્ટફોલિયોની સતત સમીક્ષા કરી રહી છે. આ સમીક્ષામાં ગોલ્ડ લોન, એમએસએમઈ (MSME) લોન અને વ્યક્તિગત લોન જેવી તમામ શ્રેણીઓનો સમાવેશ થાય છે. ગવર્નરે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું કે, તમામ શ્રેણીઓમાં સંપત્તિની ગુણવત્તામાં સુધારો જોવા મળી રહ્યો છે અને ધિરાણ પરત ન આવવાના કિસ્સાઓ એટલે કે ડિફોલ્ટનું પ્રમાણ ઘણું નીચું છે. આથી, બેંકિંગ ક્ષેત્રના સ્વાસ્થ્ય બાબતે ચિંતા કરવાની કોઈ જરૂર જણાતી નથી.ગોલ્ડ લોન માટે સૌથી મહત્વનો પાસું ગણાતા લોન-ટુ-વેલ્યુ (LTV) રેશિયો બાબતે પણ બેંકો અત્યંત સાવધ છે. જોકે લોનની રકમના આધારે મહત્તમ મર્યાદા ૮૫ ટકા સુધી સ્થાપિત કરવામાં આવી છે, તેમ છતાં વાસ્તવિકતામાં બેંકો આ રેશિયો ઘણો નીચો રાખી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, એનબીએફસી અને બેંકોએ સંયુક્ત રીતે ધિરાણની સામે સોનાની કિંમતનું સંતુલન જાળવી રાખ્યું છે.

આ સાવચેતીને કારણે સોનાના ભાવમાં જો નજીવો ઘટાડો થાય તો પણ બેંકોની રકમ સુરક્ષિત રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.રિઝર્વ બેંકના તાજેતરના આંકડાઓ એક ચોંકાવનારી વાસ્તવિકતા રજૂ કરે છે. ડિસેમ્બર ૨૦૨૫ના અંતે સોનાના દાગીના સામે આપવામાં આવેલી લોન વાર્ષિક ધોરણે ૧૨૭.૬ ટકા વધીને ૩.૮૨ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ અસામાન્ય વધારા પાછળ સોનાના ભાવમાં થયેલો તોતિંગ ઉછાળો જવાબદાર છે. ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીના આંકડા જોતા જણાય છે કે સોનાના ભાવમાં વાર્ષિક ધોરણે અંદાજે ૮૦ ટકાની તેજી જોવા મળી છે.

## News Brief

### ચાંદીના ભાવમાં મોટા કડાકા બાદ રોબર્ટ કિયોસાકીની ખરીદીની સલાહ

મુંબઈ: સોના અને ચાંદીના ભાવમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ભારે અસ્થિરતા વચ્ચે રોકાણકારો માટે એક મહત્વના સમાચાર આવ્યા છે. 'રિચ ડેડ પુઅર ડેડ' ના ખ્યાતનામ લેખક અને રોકાણ ગુરુ રોબર્ટ કિયોસાકીએ ચાંદીના ભાવમાં આવેલા વર્તમાન ઘટાડાને ખરીદીની શ્રેષ્ઠ તક ગણાવી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોતાની નવી પોસ્ટ દ્વારા રોકાણકારોને ચાંદીમાં મૂડી રોકવાની સલાહ આપવાની સાથે અમેરિકન ડોલરના ભવિષ્ય અંગે ગંભીર ચેતવણી પણ ઉચ્ચારી છે.

રોબર્ટ કિયોસાકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ખુલાસો કર્યો છે કે તેમણે પોતે વધુ ૬૦૦ 'અમેરિકન સિલ્વર ઈગલ્સ' ની ખરીદી કરી છે. તેમણે જણાવ્યું કે હાલમાં ચાંદીનો સ્પોટ ભાવ ૮૨ ડોલર પ્રતિ ઔંસ (અંદાજે ૨.૬૬ તોલા) ની આસપાસ ચાલી રહ્યો છે ત્યારે તેમણે આ રોકાણ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકન સિલ્વર ઈગલ એ અમેરિકા દ્વારા બહાર પાડવામાં આવતો ૯૯.૯ ટકા શુદ્ધ ચાંદીનો સત્તાવાર સિક્કો છે, જે વૈશ્વિક સ્તરે રોકાણકારોમાં અત્યંત લોકપ્રિય છે.ભારતીય બજારમાં ચાંદીના ભાવમાં જે પ્રકારે ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે તે આશ્ચર્યજનક છે. ગત ૨૯ જાન્યુઆરીએ ભારતમાં ચાંદી પ્રતિ કિલો ૪,૨૦,૦૪૮ રૂપિયાના ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચી હતી. જોકે, માત્ર ગણતરીના દિવસોમાં એટલે કે ૧૦ ફેબ્રુઆરી સુધીમાં તે ઘટીને ૨,૫૬,૪૨૪ રૂપિયા પર આવી ગઈ છે. આમ, ચાંદી તેના સર્વોચ્ચ સ્તરથી આશરે ૧,૬૩,૬૨૪ રૂપિયા જેટલી સસ્તી થઈ છે. આ મોટા ઘટાડાને કિયોસાકી એક આશીર્વાદ સમાન ગણાવી રહ્યા છે.

## ગોલ્ડ ઈટીએફના ફોલિઓ એક કરોડને પાર સિલ્વર ઈટીએફમાં ૩૨૩ ટકા ઉછાળો

# ગોલ્ડ અને સિલ્વર ઈટીએફમાં રોકાણકારોનો અભૂતપૂર્વ વિશ્વાસ વધ્યો

### જાન્યુઆરીમાં ગોલ્ડ ઈટીએફનો નેટ ઈન્ફલોસ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડ કરતા પ્રથમવાર વધ્યો

મુંબઈ: સોના અને ચાંદીના ભાવમાં જોવા મળી રહેલી ઐતિહાસિક તેજીની વચ્ચે હવે રોકાણકારોમાં કિંમતી ધાતુઓના એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડ્સ (ETFs) પ્રત્યે ભારે આકર્ષણ જોવા મળી રહ્યું છે. તાજેતરના આંકડાકીય વિશ્લેષણ મુજબ, ગોલ્ડ અને સિલ્વર ઈટીએફમાં રોકાણકારોની સંખ્યામાં જંગી વધારો નોંધાયો છે. ખાસ કરીને શેરબજારમાં પ્રવર્તી રહેલી અસ્થિરતાના પગલે રોકાણકારો પોતાની મૂડીને સુરક્ષિત રાખવા માટે હવે કાગળ પરના સોના એટલે કે ઈટીએફ તરફ મોટા પાયે વળી રહ્યા હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડ્સ ઈન ઈન્ડિયા (AMFI) દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ, ઓગસ્ટ ૨૦૨૫ પછીના માત્ર પાંચ મહિનાના ટૂંકા ગાળામાં ગોલ્ડ ઈટીએફના ફોલિઓની સંખ્યામાં ૪૩ ટકાનો વધારો થયો છે. ઓગસ્ટમાં જે આંકડો ૮૦.૩૪ લાખ હતો, તે વધીને હવે ૧.૧૪ કરોડની સપાટીએ પહોંચી ગયો છે. બીજી તરફ, સિલ્વર ઈટીએફમાં તો રોકાણકારોનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો છે. સિલ્વર ઈટીએફના ફોલિઓની સંખ્યા ૧૧.૩૧ લાખથી ૩૨૩ ટકાના તોતિંગ ઉછાળા સાથે ૪૭.૮૫ લાખ પર પહોંચી ગઈ છે.



ભારતીય મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગના ઈતિહાસમાં જાન્યુઆરી મહિનો એક નવી મિશાલ કાયમ કરી ગયો છે. પ્રથમ વખત એવું બન્યું છે કે ગોલ્ડ ઈટીએફમાં આવતો રોકાણ પ્રવાહ (નેટ ઈન્ફલોસ) ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડ કરતા પણ વધી ગયો છે. આંકડા દર્શાવે છે કે જાન્યુઆરીમાં ઈક્વિટી સ્કીમ્સમાં ૨૪૦૨૯ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું, તેની સામે ગોલ્ડ ઈટીએફમાં ૨૪૦૩૯ કરોડ રૂપિયાનો પ્રવાહ ઠલવાયો છે. રોકાણકારોના આ જંગી પ્રતિસાદને કારણે જાન્યુઆરીમાં બંને ઈટીએફની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM) ૩ લાખ કરોડ રૂપિયાના સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે. બજારના જાણકાર વર્તુળો અને મીડિયા અહેવાલ મુજબ, ભારતીય શેરબજારમાં સતત વધઘટ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે રોકાણકારો જોખમ ઘટાડવા માગે છે. આ વ્યૂહરચનાના ભાગરૂપે તેઓ પોતાના પોર્ટફોલિયોનો મોટો હિસ્સો ગોલ્ડ અને સિલ્વર જેવા સુરક્ષિત એસેટ ક્લાસમાં ટ્રાન્સફર કરી રહ્યા છે. જાન્યુઆરીમાં સિલ્વર ઈટીએફમાં પણ ૯૪૬૩ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું, જે દર્શાવે છે કે માત્ર સોનું જ નહીં પણ ચાંદીમાં પણ રોકાણકારો લાંબા ગાળાની સંભાવનાઓ જોઈ રહ્યા છે.

### સેમસંગનું ગેલેક્સી અનપેક્ડ 25મી ફેબ્રુઆરીએ: તે કહે છે કે તેનો આગામી AI ફોન જીવન વધુ આસાન બનાવશે




મુંબઈ: તમારી હથેળીમાં રહેલું નાનું યંત્ર હવે માત્ર વાતચીતનું સાધન નથી રહ્યું, પણ તે તમારા મનનો અવાજ બનવા જઈ રહ્યું છે. ૨૫ ફેબ્રુઆરીના રોજ સાન ફ્રાન્સિસ્કોની ધરતી પરથી સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ જ્યારે તેના પટારા ખોલશે, ત્યારે દુનિયા જોશે કે કેવી રીતે સેમસંગ ગેલેક્સી એસ સીરીઝ માનવ જીવનના દરેક પાસાને હળવું અને અત્યંત સ્માર્ટ બનાવી દેશે. આ કોઈ સામાન્ય લોન્ચિંગ નથી, પણ એક એવી ટેકનોલોજીકલ ક્રાંતિ છે જેનો ઈન્તેઝાર દિલ્હીના બજારોથી લઈને યુપી-બિહારની ગલીઓ સુધી દરેક ગજેટ પ્રેમી કરી રહ્યો છે.અત્યાર સુધીની તાજી સ્થિતિ અને ગેલેક્સી એઆઈનો જાદુ સ્થાનિક સૂત્રો અને ટેકનોલોજીના જાણકારો માની રહ્યા છે કે આ વખતે સેમસંગ ગેલેક્સી એસ સીરીઝમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે ગેલેક્સી એઆઈનો એવો સમન્વય હશે જે અગાઉ ક્યારેય જોયો નથી. ગંગાના ઘાટ પર બેસીને ફોટોગ્રાફી કરવી હોય કે રાજસ્થાનના કિલ્લાઓ વચ્ચે ફરતી વખતે રસ્તો શોધવો હોય, આ ફોન તમારી જરૂરિયાતને સમજશે. તે માત્ર પર્સનલ નહીં પણ એડપ્ટિવ હશે, એટલે કે તે તમારી આદતો મુજબ પોતાની જાતને ઢાળી લેશે.બજારમાં ગુંજશે આ નવા યુગનો અવાજ મીડિયા રિપોર્ટ્સ મુજબ, ભારતીય સમય અનુસાર રાત્રે ૧૧:૩૦ વાગ્યે જ્યારે આ ઈવેન્ટ લાઈવ થશે, ત્યારે આખું ભારત સેમસંગ ડોટ કોમ અને યુટ્યુબ પર આ ચમત્કાર જોવા આતુર હશે. બજારમાં ચર્ચા છે કે આ વખતે કેમેરાથી લઈને બેટરી અને પ્રોસેસર સુધી બધું જ સુપર-ઈન્ટેલિજન્ટ હશે. ચાય-સમોસાની લારી પર પણ આજે યુવાનો આ નવા મોડલની જ વાતો કરી રહ્યા છે.

### આ વેલેન્ટાઈન્સ ડે પર, એમેઝોન સાથે મળીને ઈન્ડિહ્યુઝ દેશભરના ગ્રાહકો માટે લઈને આવ્યું છે ઓથેન્ટિક હેન્ડલૂમ ગિફ્ટિંગ

(એજન્સી) મુંબઈ | તા.12

વેલેન્ટાઈન્સ ડે એ એક અવસર છે જ્યારે ભેટ કિંમત અને દેખાવ જોઈને નથી દેવાતી, ગ્રાહકો કંઈક એવું શોધે છે જે અર્થપૂર્ણ હોય, હાથે બનાવેલું હોય અને પ્રામાણિકતા ધરાવે, અને આ બધું જ લઈને આવે છે ઈન્ડિહ્યુઝ. દક્ષિણ ભારતના વણકર ગામડાઓમાં વર્ષોથી મુસાફરી કરીને પ્રેરિત થઈને અમદાવાદમાં ધ્રુતિ મિશ્રા દ્વારા સ્થાપિત, ઈન્ડિહ્યુઝની સ્થાપના, મોટા પાયે મૂળ કલાની નકલ ઘણીવાર પરંપરાગત હેન્ડલુમસની જગ્યા લઈ લે તેવા એથનિક વેર બજારમાં વધતા જતા અંતર પર ધ્યાન આપવામાં આપવા માટે કરવામાં આવી હતી. ભારતભરમાં વણકર 20 થી વધુ સમૂહો અને 70 લૂમ્સ સાથે જાતે કામ કરીને, ઈન્ડિહ્યુઝ આધુનિક ગ્રાહકો માટે 100% કપાસ, હાથેથી બનાવેલા એથનિક વેર અને હોમ ટેક્સટાઈલ્સ લઈ આવવાની સાથે કારીગરો માટે વાજબી ભાવ અને માન્યતા આપે છે. વેલેન્ટાઈન્સ ડે જેવા ભેટ આપવા માટેના ખાસ પ્રસંગો દરમિયાન, આ બ્રાન્ડ ગ્રાહકોને સંસ્કૃતિ અને પર્યાવરણ અનુકૂળતામાં મૂળ રહેલા અર્થપૂર્ણ વિકલ્પો પ્રદાન કરે છે. આ ઓફરને વિશિષ્ટ પ્રેક્ષકોથી સિવાય બીજા લોકો સુધી પહોંચાડવા માટે, ઈન્ડિહ્યુઝે વેચાણમાં સરળતા, શ્રેષ્ઠ કિંમત અને દેશવ્યાપી પહોંચ માટે એમેઝોન સાથે હાથ મિલાવ્યા. ઈન્ડિહ્યુઝે 2025 માં એમેઝોન ઈન્ડિયા સાથે હાથ મિલાવ્યા અને પાછળથી તેની ડિઝાઈન ફિલસૂફી અને વણકરો સાથે ભાગીદારી સ્થાપિત કર્યા પછી એમેઝોન USA સુધી વિસ્તરણ કર્યું. 300 થી વધુ ડિઝાઈનના પોર્ટફોલિયો સાથે, તેણે કારીગરી અને પ્રામાણિકતાનો સંચાર કરવા માટે જરૂરી વિગતવાર વર્ણનો અને સુસંગત ફોટા સાથે ઉત્પાદનોની સૂચિ બનાવી. એમેઝોન સેલર સેન્ટ્રલ દ્વારા સ્પષ્ટ ઓનબોર્ડિંગમાં સમર્થન સાથે, એમેઝોન પર શરૂઆત કરવી એ એક સંરચિત પ્રક્રિયા હતી, જેનાથી જે બ્રાન્ડને લિસ્ટિંગ બનાવવા, કિંમત નક્કી કરવા અને કેટલોગ બનાવવામાં મદદ મળી. લોજિસ્ટિક્સ અને ફુલફિલમેન્ટ નાના વ્યવસાયો માટે સૌથી મોટો ખર્ચ છે. એમેઝોનના માર્કેટપ્લેસ દ્વારા ઈન્ડિહ્યુઝ એ ફુલફિલમેન્ટ બાય એમેઝોન (FBA) દ્વારા વેચાણ સંબંધિત ખર્ચમાં ઘટાડો કર્યો. એમેઝોનના વેરહાઉસિંગ, પેકિંગ અને ડિલિવરી નેટવર્કનો ઉપયોગ કરીને, બ્રાન્ડે તેના પોતાના લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે અગાઉથી રોકાણ કરવાનું ટાળ્યું. એમેઝોનના યોગ્ય શિપિંગ દરો, સ્વચાલિત ચુકવીઓ અને વ્યવસાયના વિશ્લેષણો જેવી સુવિધાથી રોજિંદી કામગીરીના વધારાના ખર્ચમાં ઘટાડો થયો. આ કાર્યક્ષમતાઓએ ઈન્ડિહ્યુઝને ઉત્પાદનના વિકાસ, કેટલોગના વિસ્તરણ અને વણકરો સાથે લાંબા ગાળાની ભાગીદારીમાં ફરીથી રોકાણ કરવા સક્ષમ બનાવ્યું.

# સેન્સેક્સ 559 પોઈન્ટ ઘટીને 83,675 પર બંધ:નિફ્ટી પણ 147 પોઈન્ટ ઘટીને બંધ થયો

મુંબઈ: 12 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં ઘટાડો થયો. સેન્સેક્સ 558 પોઈન્ટ ઘટીને 83,675 પર બંધ થયો. નિફ્ટી પણ 147 પોઈન્ટ ઘટીને 25,807 પર બંધ થયો.આઈટી, મીડિયા અને રિયલ્ટી શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 5.51% ઘટીને બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 17 શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે નિફ્ટી 50 માંથી 30 શેરોમાં વેચાણ જોવા મળ્યું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 2.60% ઉપર 5,495 પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ફ્લેટ છે. તે 57,605ના સ્તરે આવી ગયો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.84% ઘટીને 27,036 પર છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.12% ઉપર 4,137ના સ્તરે કારોબાર કરી રહ્યો છે.11 ફેબ્રુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.13% ઘટીને 50,121 પર બંધ થયો. નાસ્ડેક 0.16% ઘટીને 23,066 અને S&P 500 6,941 પર ફ્લેટ બંધ થયો.વિદેશી રોકાણકારો (FII) એ 11 ફેબ્રુઆરીના રોજ 944 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII)એ 126 કરોડ રૂપિયાના શેર વેચ્યા.આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 5,913 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ પણ 3,945 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.જાન્યુઆરી 2026 માં FIIsએ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.કેન્દ્ર સરકારની મહારત્ન કંપની, ભેલનો 'ઓફર ફોર સેલ' આજે, 12 ફેબ્રુઆરીના રોજ રિટેલ રોકાણકારો માટે ખુલ્યો છે. સરકાર આ યોજના દ્વારા કંપનીમાં તેનો 3% હિસ્સો વેચી રહી છે, જેમાં ગ્રીનશૂ વિકલ્પ દ્વારા વધારાનો 2% હિસ્સો વેચવાનો વિકલ્પ પણ છે.ગઈકાલે, 11 ફેબ્રુઆરીના રોજ શેરબજાર ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 40 પોઈન્ટ ઘટીને 84,234 પર બંધ થયો.

# સ્માર્ટવર્ક્સે ધ સ્ક્વેર ખાતે 182,300 ચોરસ ફૂટને લીઝ પર લેવા સાથે મુંબઈમાં 2 મિલિયન ચોરસ ફૂટનો આંકડો વટાવ્યો

ગુરુગ્રામ : સ્માર્ટવર્ક્સ કોવર્કિંગ સ્પેસ લિમિટેડ ('સ્માર્ટવર્ક્સ' અથવા 'કંપની'), કુલ વિસ્તારની દ્રષ્ટિએ ભારતના સૌથી મોટા મેનેજ્ડ ઓફિસ પ્લેટફોર્મે, લોયડ્સ રિયલ્ટી ડેવલપર્સ લિમિટેડ દ્વારા ડેવલપ્ડ ધ સ્ક્વેર ખાતે 182,300 ચોરસ ફૂટ મેનેજ્ડ ઓફિસ સ્પેસના ઉમેરા સાથે મુંબઈમાં પોતાનો વ્યાપ વધાર્યો છે.અંધેરી (ઈસ્ટ)માં વ્યૂહાત્મક રીતે આવેલ, આ પ્રી-સર્ટિફાઈડ આઈજીબીસી ગોલ્ડ ઓફિસ સ્પેસ મુંબઈના મુખ્ય બિઝનેસ અને રેસિડેંશિયલ હબ સાથે સારી એવી કનેક્ટિવિટી આપે છે. છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (ટી2)થી થોડાજ પગલા દૂર, ધ સ્ક્વેર એમઆઈડીસી કોમર્શિયલ ડિસ્ટ્રિક્ટની નજીક છે, જ્યાં એક્વા મેટ્રો લાઈનનું ટી2 સ્ટેશન લગભગ 0.5 કિમી દૂર છે અને મેટ્રો લાઈન 1 પર મરોલ નાકા સ્ટેશન લગભગ 1 કિમી દૂર છે.આ વિસ્તરણ અંગે ટિપ્પણી કરતા, સ્માર્ટવર્ક્સના મેનેજિંગ ડિરેક્ટર અને ફાઉન્ડર નીતિશ સારદાએ જણાવ્યું: "મુખ્ય બિઝનેસ ડિસ્ટ્રિક્ટ્સમાં મજબૂત એન્ટરપ્રાઈઝ માંગને કારણે, મુંબઈ સ્માર્ટવર્ક્સ માટે એક વ્યૂહાત્મક બજાર રહ્યું છે. શહેરમાં અમારો પોર્ટફોલિયો હવે 2 મિલિયન ચોરસ ફૂટને વટાવી ગયો છે, તેથી હવે અમે વર્તમાન અને નવી મેનેજ્ડ ઓફિસ જરૂરિયાતો બંનેને પૂર્ણ કરવા માટે સારી સ્થિતિમાં આવી ગયા છીએ, કારણ કે ભારતની ફાઈનાન્શિયલ કેપિટલમાં એન્ટરપ્રાઈઝીસની માંગ સતત સ્થિર જોવા મળી રહી છે."

# ભારત અને અમેરિકા વચ્ચેના કરારથી વ્યાપાર પુરાંત ૯૦ અબજ ડોલર વટાવશે

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે થયેલા તાજેતરના ઐતિહાસિક વ્યાપાર કરારના પરિણામે આગામી એક વર્ષમાં ભારતની વ્યાપાર પુરાંત (Trade Surplus) ૯૦ અબજ ડોલરને વટાવી જાય તેવી પ્રબળ શક્યતા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના નવીનતમ અહેવાલ મુજબ, નિકાસમાં થનારો તીવ્ર વધારો અને આયાતની ઊંચી સંભાવનાઓ ભારતીય અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જશે. આ કરારને પગલે અમેરિકા દ્વારા ટેરિફમાં કરવામાં આવેલો ઘટાડો ભારતીય નિકાસકારો માટે અમેરિકન બજારમાં પોતાનો દબદબો વધારવા માટે 'ગોલ્ડન ઓપર્ચ્યુનિટી' સમાન સાબિત થશે.અહેવાલના પ્રારંભિક અંદાજ મુજબ, ભારતીય નિકાસકારો માત્ર ટોચની ૧૫ ચીજવસ્તુઓની અમેરિકામાં નિકાસ કરીને જ વર્ષે ૯૭ અબજ ડોલરની વધારાની કમાણી કરી શકે છે. જો અન્ય તમામ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે, તો વાર્ષિક નિકાસની ક્ષમતા ૧૦૦ અબજ ડોલરના આંકને સરળતાથી પાર કરી જશે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ભારતની વ્યાપાર પુરાંત ૪૦.૯ અબજ ડોલર હતી, જે હવે કરાર બાદ બમણાથી પણ વધુ થવાની ધારણા છે. આ આર્થિક ગતિવિધિઓની દેશના જીડીપી (GDP) પર આશરે ૧.૧ ટકા જેટલી સકારાત્મક અસર પડશે.

વ્યાપાર માત્ર નિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ આયાત ક્ષેત્રે પણ મોટા પરિવર્તનો આવશે. ભારતે અમેરિકાના તમામ ઔદ્યોગિક માલસામાન અને કૃષિ પેદાશો પર ટેરિફ ઘટાડવા સંમતિ આપી છે.

## નિકાસની સંભાવનાઓ ઉજળી બની

# અમેરિકામાં ભારતીય કૃષિ નિકાસના ૭૫ ટકા માલ પર શૂન્ય ટેરિફ

નવી દિલ્હી: ભારતીય કૃષિ ક્ષેત્ર અને ખેડૂતો માટે આંતરરાષ્ટ્રીય બજારમાંથી અત્યંત પ્રોત્સાહક સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના તાજેતરના અહેવાલ મુજબ, અમેરિકામાં ભારતની કૃષિ નિકાસમાં મોટો ઉછાળો આવવાની પૂરેપૂરી શક્યતા છે. આ પાછળનું મુખ્ય કારણ એ છે કે અમેરિકા મોકલવામાં આવતી ભારતની કુલ કૃષિ પેદાશોમાંથી ૭૫ ટકા વસ્તુઓ પર હવે 'શૂન્ય ટેરિફ' એટલે કે કોઈ પણ પ્રકારની આયાત ડ્યૂટી લાગશે નહીં. આ ઐતિહાસિક બદલાવથી ભારતીય ઉત્પાદનો અમેરિકન બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે અને સ્થાનિક ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ થવાની અપેક્ષા છે. અહેવાલ મુજબ, ભારત અમેરિકા સાથેના કૃષિ વ્યાપારમાં ૧.૩ અબજ ડોલરની વ્યાપાર પુરાંત (સરપ્લસ) ધરાવે છે. હવે જ્યારે ૧.૩૬ અબજ ડોલરની કૃષિ પેદાશોને શૂન્ય ડ્યૂટી એક્સેસ મળશે, ત્યારે ભારતીય નિકાસકારો માટે નિકાસના જથ્થામાં વધારો કરવાનું કામ સરળ બનશે. ડ્યૂટીમાં થયેલા આ ઘટાડાથી માત્ર બજારની પહોંચ જ નહીં વધે, પરંતુ અમેરિકા



સાથેના કૃષિ વ્યાપાર સંબંધો પણ વધુ મજબૂત બનશે. અંદાજે ૧.૦૩૫ અબજ ડોલરની પેદાશો પર પરસ્પર શૂન્ય ટેરિફની ખાતરી આપવામાં આવી છે, જે સીધો જ ખેડૂતોના હિતમાં જશે.આ નવી ટેરિફ વ્યવસ્થાથી સૌથી વધુ ફાયદો ચોખા, મસાલા, તેલીબિયાં, ચા અને કોફી જેવા પાકોને થવાનો છે. હાલમાં અમેરિકામાં આયાત થતા કુલ ચોખામાં ભારતનો હિસ્સો અંદાજે ૨૪ ટકા જેટલો માતબર છે, જે શૂન્ય ટેરિફને કારણે હજુ વધશે. બીજી તરફ, ચા, કોફી અને મસાલાનો હિસ્સો અત્યારે ૩ ટકાની આસપાસ છે. નવી નીતિથી ભારતની 'પ્લેન્ટેશન ઈકોનોમી' એટલે કે બગીચા ઉદ્યોગને નવી ઊંચાઈ મળશે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકામાં મસાલા અને કોફીની વધતી જતી માગ વચ્ચે ભારતીય નિકાસકારો માટે આ સોનેરી તક છે.

## ટેક્સટાઈલ — અમેરિકાના રૂનો ઉપયોગ કરનાર બાંગ્લાદેશી ગારમેન્ટ્સ પર હવે શૂન્ય ટેરિફ લાગુ

# અમેરિકાનો બાંગ્લાદેશ તરફ ઝુકાવ ભારતીય ટેક્સટાઈલ નિકાસકારો માટે પડકારરૂપ

મુંબઈ:વૈશ્વિક વ્યાપારના ફલક પર બદલાતા સમીકરણોએ ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ખતરાની ઘંટડી વગાડી છે. અમેરિકા દ્વારા બાંગ્લાદેશના ચોક્કસ પ્રકારના તૈયાર વસ્ત્રો (ગારમેન્ટ્સ) પર શૂન્ય ટકા ટેરિફ લાગુ કરવાના નિર્ણયથી ભારતીય નિકાસકારોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કાપડ ઉદ્યોગમાં પહેલેથી જ તીવ્ર સ્પર્ધા છે, ત્યારે અમેરિકાના આ નિકટવર્તી વલણે ભારતના નિકાસ બજાર સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કર્યા છે. અગાઉ ભારત પરના ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવાની જાહેરાતથી જે રાહત મળી હતી, તે હવે અલ્પજીવી સાબિત થઈ રહી હોય તેમ



જણાય છે.તાજેતરના પ્રાપ્ત અહેવાલો અનુસાર, અમેરિકાએ બાંગ્લાદેશી માલસામાન પરના સામાન્ય ટેરિફને ૨૦ ટકાથી ઘટાડીને ૧૯ ટકા કર્યો છે. જોકે, સૌથી મોટો ફટકો એ શરતથી પડ્યો છે કે જો બાંગ્લાદેશ અમેરિકાના રૂ (કોટન) નો ઉપયોગ કરીને ટેક્સટાઈલ કે એપરલ પ્રોડક્ટ્સ બનાવશે, તો તેના પર શૂન્ય ટકા ટેરિફ લાગુ થશે. આ કરારને કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો ટેરિફ તફાવત હવે ઘટીને માત્ર એક જ ટકો રહી ગયો છે. આ સ્થિતિમાં બાંગ્લાદેશ જો અમેરિકાથી રૂની આયાત વધારશે, તો ભારત તરફથી થતી રૂની નિકાસમાં મોટું ગાબડું પડી શકે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ભારત દ્વારા બાંગ્લાદેશમાં કોટન યાર્ન, ફેબ્રિક્સ અને હેન્ડલૂમ પ્રોડક્ટ્સની કુલ ૨.૩૯ અબજ ડોલરની નિકાસ કરવામાં આવી હતી, જે મૂલ્યની દ્રષ્ટિએ અત્યાર સુધીનો સૌથી ઊંચો આંકડો હતો. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો શૂન્ય ડ્યૂટીનો લાભ બાંગ્લાદેશને મળશે, તો ભારતની આ મજબૂત પકડ ઢીલી પડી શકે છે. નોંધનીય છે કે એપ્રિલથી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન અમેરિકામાં બાંગ્લાદેશની ગારમેન્ટ નિકાસ ૭.૬૦ અબજ ડોલર રહી હતી, જેની સામે ભારતનો આંકડો માત્ર ૩.૨૬ અબજ ડોલર સુધી મર્યાદિત રહ્યો હતો.ભારતમાં કોટન ટેક્સટાઈલ અને નિટવેરનું સૌથી મોટું કેન્દ્ર ગણાતા તિરુપુરના એક્સપોર્ટર્સ એસોસિએશન દ્વારા આ બાબતે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે. સૂત્રો દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ, જો ભારત પણ અમેરિકાના રૂનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે અને તેને બદલામાં કન્સેસન મળે, તો દેશના ખેડૂતોને નુકસાન પહોંચવાની શક્યતા નહિવત છે. ઉદ્યોગ જગતની માગ છે કે ભારતને પણ બાંગ્લાદેશ જેવી જ શૂન્ય ડ્યૂટીની ઓફર મળે તે માટે કેન્દ્ર સરકારે અમેરિકા સમક્ષ રાજદ્વારી સ્તરે મજબૂત રજૂઆત કરવી જોઈએ.હાલમાં ભારતને શૂન્ય ડ્યૂટી જેવી કોઈ દરખાસ્ત અમેરિકા તરફથી મળી નથી તેવું સરકારી સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે. જ્યારે બીજી તરફ બાંગ્લાદેશની આક્રમક રણનીતિ ભારતીય બજાર હિસ્સાને નુકસાન પહોંચાડી રહી છે. ભારતીય ટેક્સટાઈલ ક્ષેત્રને જીવંત રાખવા માટે હવે સરકારે રેસિપ્રોકલ ડ્યૂટીમાં વધુ ઘટાડો અને નિકાસ પ્રોત્સાહન માટે નવી નીતિઓ ઘડવી અનિવાર્ય બની ગઈ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-11

# દિલ્હીમાં બિશ્નોઇ ગેંગનો વધતો દબદબો

દિલ્હી-એનસીઆર દેશની રાજધાની છે અને અહીં ઝેડ સિક્યુરીટીવાળી બે ડઝનથી વધુ વ્યક્તિઓ રહે છે. આમ જોવા જઈએ તો દિલ્હીની ગણના દેશના એક સૌથી સુરક્ષીત શહેર તરીકે થવી જોઈએ. જોકે હકીકત એવી છે કે, દિલ્હીમાં રાત્રે ૮ વાગ્યા પછી બહાર નીકળતા યુવતીઓ ડરે છે અને પોશ ગાડીમાં ફરતા ઉદ્યોગપતિઓ- બિઝનેસમેનો પણ સતત અસલામતી અનુભવે છે. ખંડણી માટે દરરોજ અપહરણો અને હત્યા થતા રહે છે. દિલ્હીના બવાના વિસ્તારમાં બિઝનેસમેન વૈભવ ગાંધીની હત્યા થઈ ત્યારે આ વાત ફરીથી સાબિત થઈ છે. આ હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઇ ગેંગે લીધી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર બિશ્નોઇ ગેંગના ગેંગસ્ટરે આ હત્યાની જવાબદારી સ્વિકારી છે. ગેંગના કહેવા પ્રમાણે એમણે આ હત્યા લૂંટફાટ માટે નહીં, પરંતુ એક ખંડણીના કેસમાં બિઝનેસમેનએ વચેટીયાની ભૂમિકા ભજવી હોવાથી કરી છે.

હવે આખો કિસ્સો દિલ્હી પોલીસ સમક્ષ ગયો છે. પોલીસે 'ઓપરેશન ફોર સ્ટાર્સ' શરૂ કરી દીધું છે. હવે તપાસ થશે કે જે પુસ્તક પ્રકાશીત કરવાની સહમતી ભારત સરકારે નહોતી આપી એ પુસ્તક ભારતમાં કઈ રીતે વેચાઈ રહ્યું છે? પુસ્તક કયાં છપાયું? કોણે છાપ્યું? કોણે સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યું? જેવી બાબતોની પોલીસ તપાસ કરશે. તપાસ રાહુલ ગાંધીના ઘર સુધી પહોંચશે. આખી વાત ઓફિસયલ સિક્રેટ એક્ટ અને નેશનલ સિક્યુરીટી સાથે જોડાયેલી છે. એટલા માટે પગલા પણ ગંભીર લેવાશે. જેમણે આ પુસ્તકના કન્ટેન્ટ લીક કર્યા છે એમની પૂછપરછ પણ કરવામાં આવશે.

ઉત્તર પ્રદેશના સંભલમાં ડીએસપી રહેલા અનુજ ચૌધરીને અલ્હાબાદ હાઇકોર્ટે રાહત આપી છે. સીજેએમએ અનુજ ચૌધરી સહીત ૨૨ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. હાઇકોર્ટે સીજેએમ કોર્ટના આ હુકમ સામે સ્ટે આપ્યો છે. હવે પાંચ અઠવાડિયા પછી કેસની સુનાવણી થશે. સંભલ જામા મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસા સંદર્ભે સંભલના તત્કાલ સીઓ અનુજ ચૌધરી અને બીજા અધિકારીઓ સામે એફઆઇઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમને અનુજ ચૌધરી ઉપરાંત રાજ્ય સરકારે પણ હાઈકોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સંભલમાં થયેલી હિંસા વખતે અનુજ ચૌધરી અને એની પોલીસ ટીમ ફક્ત સંભલ જ નહીં, સમગ્ર ઉત્તર પ્રદેશમાં હીરો બની ગયા હતા. અનુજ ચૌધરીની કામગીરીનો વિડિયો ખૂબ વાયરલ થયો હતો.

બિહાર વિધાન પરિષદમાં થયેલી ધાધલીના સમાચાર આખા દેશમાં ચમક્યા છે. સ્પિકરે તમામ વિરોધપક્ષ પર કાર્યવાહી કરી છે. સ્પિકરે એક દિવસ માટે તમામ એમએલસીને ગૃહમાંથી બહાર કાઢી મૂક્યા છે. એમણે માર્શલને હુકમ કરીને તમામ વિરોધપક્ષના એમએલસીને બહાર કઢાવ્યા હતા. ત્યાર પછી ગરમાગરમી વધી ગઈ હતી. બહાર આવીને વિરોધપક્ષે સત્તાપક્ષ પર ગંભીર આરોપો મૂક્યા હતા. એમણે કહ્યું હતું કે અમારો અવાજ દબાવવાની કોશિષ થાય છે. ગૃહમાં કાર્યવાહી શરૂ થતા પહેલા વિપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આરજેડીના એમએલસી અબ્દુલ બારી સિદ્દીકીએ કહ્યું હતું કે મુખ્યમંત્રી નિતિશકુમારે વિરોધપક્ષના રાબડી દેવી સાથે જે વ્યવહાર કર્યો હતો એ ખોટો હતો. એમણે માફીની માંગણી કરી હતી. સ્પિકરે વિરોધ પક્ષ તરફ જોઈને કહ્યું હતું કે, તમને મારી તટસ્થતા પર સંદેહ હોય તો હું માફી માંગુ છું. આ સાંભળીને વિરોધપક્ષોએ કહ્યું હતું કે સ્પિકર હોશમા લાગતા નથી.

રાજકારણમાં અચાનક મૃત્યુ સત્તાના સમીકરણ બદલી નાખે છે. ભૂતકાળમાં આપણે આ જોઈ ગયા છીએ. પ્રમોદ મહાજન, ગોપીનાથ મુંડે અને અજીત પવાર જેવી વ્યક્તિઓના મૃત્યુ પછી એમનો વારસો સચવાઈ ગયો છે. જોકે ત્યાર પછી જ આંતરીક સ્પર્ધા શરૂ થાય છે. અજીત પવારના મૃત્યુ પછી હવે પવાર કુટુંબ સમક્ષ એક પ્રશ્નો ઉભો થયો છે. એનસીપીએ હવે અજીત પવારના ઉત્તરાઅધિકારી શોધવા જોઈએ કે શરદ પવારના. અજીત પવાર જ્યાં સુધી હયાત હતા ત્યા સુધી શરદ પવારના ઉત્તરાઅધિકારી તરીકે એમનું નામ લેવામાં આવતું હતું. હવે અજીત પવારના પત્ની સુનેત્રા પવારે ઉપમુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા પછી લાગતુ નથી કે તેઓ શરદ પવારના ઉત્તરાઅધિકારીને સ્વિકારે. અજીત પવારના બે પુત્રોમાંથી ભવિષ્યમાં કયો પુત્ર વારસદાર બનશે એ વિશે પણ ચર્ચા થઈ રહી છે.

# આણંદપર (યક્ષ) પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં 'સેલ્ફી પોઈન્ટ' બન્યો આકર્ષણનું કેન્દ્ર

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ ના આણંદપર (યક્ષ) પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક પર્વ પર દેશભક્તિના માહોલમાં ધ્વજવંદન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ ઉજવણીમાં આ વર્ષે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર 'સેલ્ફી પોઈન્ટ' રહ્યો હતો. કલાત્મક સેલ્ફી પોઈન્ટની લોકપ્રિયતા શાળાના શિક્ષિકા અનિતાબેન સોની દ્વારા સ્વહસ્તે તૈયાર કરવામાં આવેલા અનોખા સેલ્ફી પોઈન્ટે ભારે આકર્ષણ જમાવ્યું હતું.તેમણે વેસ્ટમાંથી બેસ્ટ અને રંગબેરંગી કાગળના ઉપયોગથી કલાત્મક ફ્રેમ તેમજ બાળકોને ગમે તેવું 'જંગલ સફારી જીપ'નું મોડેલ



તૈયાર કર્યું હતું.કાગળના ફૂલો,ચક્ર અને વિવિધ કાર્ટૂન પાત્રો સાથેના સેલ્ફી પોઈન્ટે કાર્યક્રમમાં જીવંતતા ભરી દીધી હતી.કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ફોટા પડાવી આ ક્ષણને યાદગાર બનાવી હતી.શાળાના સ્ટાફ મિત્રો અને ગ્રામજનોએ પણ આ સર્જનાત્મક અભિગમને બિરદાવ્યો હતો.આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી અને સ્ટાફ દ્વારા અનિતાબેન સોનીની આ સુંદર અને મહેનતભરી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. પ્રજાસત્તાક પર્વની આ ઉજવણી શિક્ષણની સાથે સાથે કલા અને સર્જનાત્મકતાના સંગમ સમાન બની રહી હતી.

# શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી.જુનાગઢ દ્વારા ઝુંપડપટ્ટી નાં બાળકોને નાસ્તો તથા ચોકલેટ, ટોસ્ટપટ્ટી, શેતરંજી વિગેરે આપવામાં આવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી.જૂનાગઢનાં પ્રમુખશ્રી રસિલાબેન સોઢાની એક યાદીમાં જણાવેલ છે કે તા.૧૦/૦૨/૨૦૨૬ ને મંગળવારનાં રોજ જૂનાગઢમા ચોબારી રોડ પાસે આવેલ ઝુંપડપટ્ટીનાં બાળકોને નાસ્તો તથા



ચોકલેટ, ટોસ્ટપટ્ટી, પતંગ અને સંસ્થાનાં પ્રમુખશ્રી રસિલાબેન સોઢા તરફથી બાળકોને બેસવા માટે સેંતરંજી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં સંસ્થાનાં ઉપપ્રમુખ સાધનાબેન નિર્મળ, સેક્રેટરી રૂપલબેન લખલાણી, ડિરેક્ટરશ્રીઓમાં હિનાબેન મજમુદાર, ઝંખનાબેન ભીંડોરા, તથા સ્ટાફ મેમ્બર્સ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## જુનાગઢમાં શ્રી સાંઈ પરિવાર સેવા ટ્રસ્ટ, શ્રી અંબાઈ ઓસમ ગ્રુપ દ્વારા શ્રી સાંઈ અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

બાબાશ્રીના 'અમૃત મહોત્સવ' ની ઉજવણી અંતર્ગત તા.૧૫/૦૨/૨૦૨૬ ના રોજ 'મહા શિવરાત્રી' ના પાવન દિવસે ' હોમાત્મક લઘુરૂદ્ર' નું શ્રી 'સાંઈ સુખ ધામ', માઢ સ્ટ્રીટ, અંબાઈ ફળીયા, જૂનાગઢ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.જેના કાર્યક્રમો ની રૂપરેખા જોઈએ તો સવારે 8 થી 8:30 પુજન અર્ચન, 8:30 થી 12:30 હોમાત્મક લઘુરૂદ્ર આ હવનમાં કોઈ પણ ભક્તો આહુતિ આપી શકશે. અને બપોરે 12:30 વાગ્યે હવનનું બીડું હોમાયા પછી બપોરે 1 થી 2:30 સુધી ફરાળી મહાપ્રસાદ ઉપરોક્ત ધાર્મિક કાર્યક્રમોમાં સૌને પધારવા હાર્દિક મેહુલભાઈ વૈશ્નવ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સંખેડા પંચેશ્વર મંદિરે મહાશિવરાત્રીની તૈયારીઓ




રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

કાર્યક્રમ રૂપરેખા: 14 ફેબ્રુઆરીએ પ્રદોષ પૂજન, 15 ફેબ્રુઆરીએ લઘુરુદ્ર યજ્ઞ યોજાશે, સંખેડા સ્વામિનારાયણ મંદિર શ્રી પંચેશ્વર મહાદેવ ખાતે મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. આ નિમિત્તે 14 અને 15 ફેબ્રુઆરી, 2026ના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 14 ફેબ્રુઆરી, 2026ના શનિવારે સાંજે 6 થી 8:30 કલાક દરમિયાન પ્રદોષ નિમિત્તે મહાદેવજીનું વિશેષ પૂજન કરવામાં આવશે.મહાશિવરાત્રીના દિવસે, 15 ફેબ્રુઆરી, 2026ના રોજ સવારે 8 કલાકથી સાંજે 5 કલાક સુધી પાંડવો દ્વારા સ્થાપિત શ્રી પંચેશ્વર મહાદેવના સાનિધ્યમાં લઘુરુદ્ર યજ્ઞ યોજાશે. આ ઉપરાંત, તે જ દિવસે સાંજે 7 કલાકથી 10:30 કલાક સુધી શિવ આરાધના અને મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય નૌતમ સ્વામીજી દ્વારા તમામ ભક્તોને આ ધાર્મિક કાર્યક્રમોમાં દર્શન અને પૂજનનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધુણી ધખાવી બેઠેલા સાધુઓને શ્રી મહેશ ગીરીબાપુએ એની જરૂરિયાત મુજબનું રાશન અને દક્ષિણા અર્પણ કરી સાધુઓના આશીર્વાદ લીધા



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ ગિરનાર તળેટી ભવનાથ ખાતે પાંચ દિવસના મહાશિવરાત્રી મેળામાં બહારથી પધારેલા અલખના આરાધક એવા સાધુઓના ધુણા ઉપર જઈ અને તેમને સીધું સામાન અને દક્ષિણા આપવાની દત પીઠ ની પરંપરા છે તે પરંપરા પૂજ્ય મહેશ ગીરીબાપુ એ જાળવી રાખી છે ગઈકાલે સમી સાંજે બે રીક્ષા ભરી અને સીધુ સામાન લઈ અને દરેક ધૂણે આરાધના કરી રહેલા સાધુઓને ભેટ અર્પણ કરી હતી ધૂણી ધખાવી બેઠેલા સાધુઓ મહત્તમ અંશે તેઓ અન્નક્ષેત્ર નું કે કોઈના હાથનું ભોજન ગ્રહણ કરતા નથી તેઓ જાતે ધુણા ઉપર બનાવેલી રોટી સબજી આરોગે છે જેથી તેઓને રાશન પાણીની જરૂર હોય આ અદભુત સેવા ગીરનાર દતશિખર અને કમંડળ કુંડના મહંતો એને નિભાવી રહ્યા છે જે સાધુ ધુણા ઉપર બેસી અને પોતાની સાધના કરે છે તેઓ અન્ય પાસે કે બીજી કોઈ જગ્યાએ ભોજન માટે જતા નથી જેથી કરી આ સાધુઓને જે જરૂરિયાત હોય છે તે એમને તેમના ધુણા ઉપર જઈ અને અર્પણ કરી હતી અને સાધુઓએ મહેશ ગીરી બાપુ ની આ સેવાથી મોટો રાજીપો વ્યક્ત કર્યો હતો તેમ એક યાદીમાં જણાવ્યું છે.

# મંગલ ભારતી આશ્રમ શાળામાં શુભાશિષ કાર્યક્રમ યોજાયો: ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ અપાઈ



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, મંગલભારતી ખાતે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શુભાશિષ પ્રદાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભૂમિપુત્ર સામયિકના સંપાદક શ્રીમતી સ્વાતિબેન મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મંગલભારતી વિદ્યાસમિતિના અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ ઠક્કર પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ સમૂહ પ્રાર્થના 'ઓમ તત્ સત્' અને સર્વધર્મ સમભાવ ભજન 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું'થી કરવામાં આવ્યો હતો. મહેમાનશ્રીઓના હસ્તે જ્ઞાનજ્યોત પ્રગટાવવામાં આવી હતી. તેમનું સ્વાગત સુતરની આંટી અને ખાદીના રૂમાલથી કરાયું હતું. ત્યારબાદ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મહેમાનશ્રીઓના હસ્તે કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી તેમને પુસ્તક ભેટ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાની ગુરુકુળ પ્રણાલી મુજબ, વિદ્યાર્થીઓને ગુરુના આદેશ બોધ વચનોની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના શિક્ષક શ્રી પ્રશાંતભાઈએ પ્રાસંગિક પ્રવચનમાં સર્વોદય-નઈ તાલીમ આધારિત બોધવચનોની પ્રતિજ્ઞા અપાવતા જણાવ્યું કે વિદ્યાર્થીઓએ ચારિત્ર્ય ઘડતર, સત્ય બોલવું અને પર્યાવરણીય સમાજ અભિમુખ વર્તન કરવું જોઈએ. મુખ્ય મહેમાન સ્વાતિબેને સર્વોદય કેળવણી અને નઈ તાલીમ પ્રેરિત પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને સમાજ અભિમુખ વર્તન માટે પ્રેરણા આપી હતી.

# જિલ્લા ગામ વિકાસ એજન્સી, પાટણ, સ્વચ્છ ભારત મિશન અભિયાન અંતર્ગત ચાણસ્મા તાલુકાના ૩૨ ગામોની. ગ્રા. પં ને કચરા એકત્રીકરણ વાહનોનું વિતરણ કરાયું



નિતીન ઠાકર ચાણસ્મા

શહેરોની જેમ ગ્રામીણ વિસ્તારો સ્વચ્છ બને તે માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર ના સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક કરવા ગ્રામ પંચાયતો ગ્રામીણ વિસ્તારના કચરા ના નિકાલ માટે વાહનો ની ફાળવણી કરવામાં આવતાં ચાણસ્મા તાલુકાના ૩૨ ગામો ની ગ્રામ પંચાયતોને ચાણસ્મા તાલુકાના પિંપલ ગામે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ચાણસ્મા તાં. ભાજપના અધ્યક્ષ કિરણભાઈ જાની તા પં પ્રમૂખ પુષ્પાબેન પટેલ. ૩૨ ગામના સરપંચો તલાટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સમી ખાતે "EUREKA – Business Proposal & Pitch Competition" કાર્યક્રમનું આયોજન



નિતિન ઠાકર | ચાણસ્મા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સમી ખાતે ઈનોવેશન ક્લબ દ્વારા તા. 12 ફેબ્રુઆરી 2026ના રોજ "EUREKA - Business Proposal & Pitch Competition" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને આત્મનિર્ભરતા વિકસાવવાનો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સરકારી વિનયન કોલેજ, બેચરાજીના પ્રિન્સિપાલ ડૉ. ભાવનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એક્સપર્ટ સ્પીકર તરીકે ડૉ. ઈજન વેદ (આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત વિનયન અને વાણિજ્ય કોલેજ(સાંજ), અમદાવાદ), ડૉ. અંકિત સિંહા (આસિસ્ટન્ટ મેનેજર, GUNI ઈન્ક્યુબેશન સેન્ટર, ગણપતિ યુનિવર્સિટી) તથા શ્રી અશ્વિનભાઈ ચૌધરી (પ્રમુખશ્રી, ઓમ ગૌશાળા, કમાલપુર) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.આ સ્પર્ધામાં કુલ 22 જેટલા બિઝનેસ પ્રપોઝલ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં વર્મીકમ્પોસ્ટ, મશરૂમની ખેતી, ઓર્ગેનિક સાબુ જેવા નવીન વિષયો પર પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. કેટલાક વિદ્યાર્થીઓ પ્રોટોટાઈપ સાથે હાજર રહ્યા હતા, જેનાથી કાર્યક્રમ વધુ પ્રેરણાદાયી અને વ્યવહારુ બન્યો હતો.કાર્યક્રમ અંતે નિષ્ણાત મંડળ દ્વારા શ્રેષ્ઠ પ્રસ્તુતિઓને પારિતોષિક આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે નવીન વિચારોને પ્રોત્સાહન આપનાર અને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રેરિત કરનાર સાબિત થયો હતો.

# પુરાતત્વ ખાતા દ્વારા આ વારસાને સાચવવામાં નહિ આવે તો એક દિવસ તેનો નાશ થશે

## કચ્છનું રહસ્યમય પદ્ધરગઢ. ૯મી સદીના વૈભવ અને વિનાશની ગાથા.

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ગુજરાતનો કચ્છ જિલ્લો પોતાની અંદર અનેક ઐતિહાસિક રહસ્યો ધરબાયેલા ધરાવે છે.આવું જ એક વિસરાયેલું અને રહસ્યના આંચળા હેઠળ ઢંકાયેલું સ્થળ એટલે 'પદ્ધરગઢ'. લાખાડી ગામ પાસે આવેલું આ સ્થળ આજે ભલે અવશેષોમાં ફેરવાઈ ગયું હોય પરંતુ તેના પથ્થરો આજે પણ ૯મી સદીના કચ્છના શાસકોની શૌર્યગાથા અને ત્યારબાદ થયેલા આક્રમણોની સાક્ષી પૂરે છે.

સ્થાપના અને સ્થાપત્ય

ઐતિહાસિક દસ્તાવેજો અને પુરાતત્વ વિભાગની માહિતી અનુસાર, પદ્ધરગઢની સ્થાપના ૯મી સદીમાં રા' પુંઅરા દ્વારા કરવામાં આવી હતી.આ સ્થળ એક સમયે અત્યંત વિશાળ અને સુરક્ષિત કિલ્લો હોવાનું મનાય છે. હાલમાં અહીં કિલ્લાની દીવાલોના અંશ,એક મુખ્ય દરવાજો અને બે મુખ્ય ઈમારતો જોવા મળે છે:

વડી મેડી: જે કદાચ શાસકોનું નિવાસસ્થાન કે સભામંડપ હોઈ શકે.

નાની મેડી: જે સ્થાપત્યની દ્રષ્ટિએ આકર્ષક છે.

નોંધનીય બાબત એ છે કે હિન્દુ પરંપરા મુજબ તે સમયે માત્ર ધાર્મિક ઈમારતો જ સંપૂર્ણ પથ્થરથી બનાવવામાં આવતી હતી.આ જ કારણ છે કે અન્ય રહેણાંક ઈમારતો નષ્ટ થઈ ગઈ છે પરંતુ પથ્થરની બનેલી આ મેડીઓ આજે પણ અડીખમ ઉભી છે.

પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષણ

વર્ષોથી ઉપેક્ષિત રહેલા આ સ્થળને હવે ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા 'રક્ષિત સ્થળ' જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અધિનિયમ ૧૯૬૫ હેઠળ આ સ્થળને નુકસાન પહોંચાડવું એ કાયદેસરનો ગુનો છે. પુરાતત્વ પ્રેમીઓનું માનવું છે કે જો અહીં વધુ સંશોધન કરવામાં આવે તો મધ્યકાલીન કચ્છના ઈતિહાસના નવા પાસાઓ પ્રકાશમાં આવી શકે છે.

પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર

આજે પદ્ધરગઢ શાંત અને એકાંત સ્થળે આવેલું છે.જે ઈતિહાસના ચાહકો અને ફોટોગ્રાફીના શોખીનો માટે સ્વર્ગ સમાન છે.તેની પથ્થરોની કોતરણી અને આજુબાજુનું પ્રાકૃતિક વાતાવરણ મુલાકાતીઓને ભૂતકાળમાં લઈ જાય છે.

લાખાડીના અરવિંદસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે ભૂકંપ,વાવાઝોડા સહિતની આફતોથી ઈમારતોનો નાશ થતો જાય છે.પુરાતત્વ ખાતાની બેદરકારીથી આ જુનો વારસો એક દિવસ નાસ થઈ જશે એવું લાગી રહ્યું છે.વર્ષો પહેલાં અહી વડી મેડી મધ્યે પુરાતત્વ ખાતાની ઓફિસ અને વડી મેડી દેખરેખ રાખવા માણસની નિમણુક પણ કરવામાં આવી હતી. આજે આ નવમી સદીનો વારસો એમને એમ કોઈ પણ જાતની દેખ રેખ વગર ધુળ ખાય છે.આ બાબતે પુરાતત્વ ખાતા વાળાએ ખાસ ધ્યાન દોરી તેની જાળવણી કરવી ખાસ જરૂરી છે.જેથી કરીને આવતી પેઢી આ જુના વારસાને જાણી અને માણી શકે.આ વડી મેડી ની માહિતી માટે પુરાતત્વ વિભાગ દ્વારા વર્ષો પહેલા લગાવવામાં આવેલ સાઈન બોર્ડ પર કાટ લાગવાના કારણે મુલાકાત લેવા આવતા મુલાકાતીઓ માહિતી મેળવી શકતા નથી.જેથી કરીને પુરાતત્વ ખાતા ના અધિકારીઓ દ્વારા આ જુના વારસા(સ્થળ) ની અવર નવાર મુલાકાત લઈ જુના વારસાને જીવંત રાખવા સભાળ લેવી જોઈએ.

પદ્ધરગઢ માત્ર પથ્થરોના ઢગલા નથી, પરંતુ તે કચ્છના ભવ્ય વારસાનો એક અગત્યનો હિસ્સો છે. આ સ્થળની જાળવણી એ આપણી આવનારી પેઢી માટે અનિવાર્ય છે.તેવું લાખાડી ગામના અરવિંદસિંહ જાડેજાએ જણાવ્યું છે.

## નિરોણામાં નૂતન બાલિકા પંચાયત ભવનનું લોકાર્પણ

જગદીશ દવેએ | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામે તા. ૧૬-૨ના સવારે ૧૦ કલાકે નૂતન બાલિકા પંચાયત ભવનનું લોકાર્પણ થશે, જેમાં જિલ્લા મદદનીશ બાલ અધિકારી અવનીબેન રાવલ, દશરથભાઈ પંડયા, દિક્ષીતભાઈ ઠક્કર, મનીષભાઈ આચાર્ય, શક્તિસિંહ જાડેજા, સુરેશભાઈ છાંગા, બહાદુરસિંહ જાડેજા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે તેવું એન.ટી. આહિર તથા બાલિક જૂથ ગ્રામ પંચાયતના સરપંચ નયનાબેન શિવજીભાઈ આહિરની યાદીમાં જણાવાયું છે

# જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં આદિત્ય ફાઉન્ડેશન, જૂનાગઢ દ્વારા નિ:શુલ્ક છાશ વિતરણ




# જૂનાગઢમાં મહા શિવરાત્રીના મેળામાં 50 વાહનોનો ઉપયોગ કરી દિવ્યાંગ અને વૃદ્ધજનોને તંત્ર દ્વારા ભવનાથ મહાદેવના દર્શન કરાવાયા





નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાશિવરાત્રીના મેળામાં પ્રથમ વખત વૃદ્ધ દિવ્યાંગજનો અને અશક્તો માટે વિનામૂલ્યે વાહન વ્યવસ્થા રાખવામાં આવી છે. આ વાહનનો ઉપયોગ કરીને ભવનાથ મહાદેવના દર્શન અને મેળાનો લાભ મળતા દિવ્યાંગ અને વયોવૃદ્ધ ,અશક્ત ભાવિકોએ એ તંત્રનો આભાર માન્યો હતો. જિલ્લા વહીવટી તંત્રની આ વ્યવસ્થાને ભાવિકોએ આવકારી છે. જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની સુચનાથી આજે દિવ્યાંગો માટે રિઝર્વ રખાયેલા તમામ 50 વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેથી દિવ્યાંગો ,વૃદ્ધજનો અને અશક્ત ભાવિકોને મોટી રાહત થઈ હતી. આ કામગીરી નું સંકલન વિવિધ પાર્કિંગ ખાતેથી સમાજ સુરક્ષા વિભાગના અધિકારી અને તેની ટીમ પ્રાંત અધિકારી અને મેળા અધિકારીના સંકલનમાં કરી રહી છે.



જાણીતા ટ્રાવેલ ફોટોગ્રાફર ચૌલા દોશી દ્વારા ભારતની ભવ્ય અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત કરતું એક વિશેષ ફોટો એક્ઝિબિશન યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ફોટોગ્રાફરેએ તેમની દેશભરની સફર દરમિયાન કેમેરામાં કેદ કરેલી અદ્ભુત ક્ષણોને રજૂ કરી છે, જેમાં દક્ષિણ ભારતનો દસરા ફેસ્ટીવલ, નાગાલેન્ડના આદિવાસીઓના વોરિયર ડાન્સથી લઈને ઓડિશાની લુપ્ત થતી પરંપરાઓ, મહાકુંભ મેળાની પવિત્રતા, ગુજરાતનો ઉત્સાહવંત સાંસ્કૃતિક વારસો અને કોલકાતાની દુર્ગા પૂજાની ભવ્યતાનો સમાવેશ થાય છે. અમદાવાદ ખાતે આવેલી સત્ય આર્ટ ગેલેરી ખાતે પંદર ફેબ્રુઅરી સુધી આ ફોટોગ્રાફી એક્ઝિબિશનની મુલાકાત લઇ શકાય છે.



# શ્રીમતી સરિતા યોલ્મો દાર્જિલિંગ હિમાલયન રેલ્વે પર ટૂર ડ્યુટીનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા ટીટીઈ બન્યા







માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના દાર્જિલિંગ હિમાલયન રેલ્વે (DHR) ના સુપ્રસિદ્ધ ટ્રેક એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બની રહ્યા છે કારણ કે સરિતા યોલ્મો વિશ્વ-વારસા સ્થળ રેલ્વે પર પ્રતિષ્ઠિત 'ટૂર ડ્યુટી' ને સોંપાયેલ પ્રથમ મહિલા ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર (TTE) ની જવાબદારી સંભાળે છે.

આ ઐતિહાસિક ક્ષણ સુધી સરિતાની સફર નોંધપાત્ર દ્રઢતાનો અનુભવ છે. તેણીએ રેલ્વે પ્રેસમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી, સુવિધા બંધ થાય ત્યાં સુધી સમર્પણ સાથે સેવા આપી. કારકિર્દીમાં પરિવર્તનને ધીમું થવા દેવાને બદલે, સરિતાએ વાણિજ્યિક વિભાગમાં એકીકૃત સંક્રમણ કર્યું, ન્યૂ જલપાઈગુડી (NJP) સ્થિત ટીટીઈ તરીકે નવી ભૂમિકા નિભાવી.

જ્યારે તે NJP માં નિયમિત ફરજોનું સંચાલન કરે છે, ત્યારે સરિતાને ક્યારેક ક્યારેક DHR ટૂર ડ્યુટી માટે નિર્દેશિત કરવામાં આવે છે. આ ચોક્કસ કાર્ય તેમને DHR પરના પ્રતિષ્ઠિત વારસાના પ્રવાસોનું નિરીક્ષણ કરનાર NFRના ઈતિહાસમાં પ્રથમ મહિલા બનાવે છે.

ટોય ટ્રેનમાં સરિતા યોલ્મોની હાજરી માત્ર એક નોકરીની સોંપણી કરતાં વધુ છે; તે ભારતીય રેલ્વેના ટેકનિકલ અને ક્ષેત્રીય કામગીરીમાં મહિલાઓના પ્રતિનિધિત્વ માટે એક મહત્વપૂર્ણ પગલું છે. તેમની વાર્તા રેલ્વેના વિકસિત ભાવનાનો પુરાવો છે, જ્યાં પરંપરા પ્રગતિને મળે છે.

# હવે ગામની કમાન સંભાળશે બાલિકાઓ! – ગાંધીનગરમાં 55 દીકરીઓને નેતૃત્વની તાલીમ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દીકરીઓ હવે માત્ર સપનાઓ નહીં, પરંતુ ગામના નિર્ણયોમાં પણ ભાગીદાર બનવા તૈયાર છે. ગાંધીનગર જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાલિકા પંચાયત સશક્તિકરણ માટે ત્રણ દિવસીય વિશેષ તાલીમનું સફળ આયોજન કરવામાં આવ્યું.

સમાજમાં દીકરા-દીકરીના ભેદભાવને દૂર કરી દીકરીઓના શિક્ષણ અને નેતૃત્વને પ્રોત્સાહન આપવા 55 બાલિકાઓએ ઉત્સાહભેર તાલીમ મેળવી. આ કાર્યક્રમ ICDS, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને આરોગ્ય વિભાગના સંકલનથી યોજાયો હતો.તાલીમ દરમિયાન બાલિકા પંચાયતની રચના, જાતિભેદની નાબૂદી, નેતૃત્વ કૌશલ્ય, પોષણ-આરોગ્ય, સરકારની કલ્યાણકારી યોજનાઓ, સાયબર ક્રાઈમ જાગૃતિ અને વ્યવસાય કૌશલ્ય જેવા મહત્વપૂર્ણ વિષયો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું.ઉચ્ચ અધિકારીઓ અને યુનિસેફ પ્રતિનિધિઓએ તાલીમની ગુણવત્તાની સરાહના કરી અને બાલિકાઓના આત્મવિશ્વાસને વખાણ્યો.આ પહેલ દીકરીઓને નિર્ણયક્ષમ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહી છે. હવે બાલિકાઓ માત્ર ભાગીદાર નહીં, પણ પરિવર્તનની આગેવાન બનશે - એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## જૂનાગઢમા મહાશિવરાત્રીના મેળામાં રાજસ્થાનથી આવેલા સખી સહેલીઓના જૂથે જિલ્લા પ્રશાસનની વ્યવસ્થાઓને ખુલ્લા મને વખાણી



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૨ મહાકુંભ સમાન મહાશિવરાત્રીના મેળામાં આજે રાજસ્થાનથી સખી સહેલીઓનું વર્તુળ પહોંચ્યું હતું, તેમણે મહાશિવરાત્રીના મેળામાં સહભાગી થવાને સૌભાગ્ય ગણાવી વહીવટી તંત્રની વ્યવસ્થાઓની ખુલ્લા મને પ્રશંસા કરી હતી. રાજસ્થાનથી પોતાના સખી સહેલીઓ સાથે પૂર્ણિમાજીએ જણાવ્યું હતું કે, ગિરનારની પવિત્ર ભૂમિ પર અમે પહેલીવાર આવ્યા છીએ, તેમાં પણ અમારું સૌભાગ્ય છે કે, મીની કુંભ સમાન મહાશિવરાત્રીના મેળામાં સહભાગી થવાનો પણ અવસર પ્રાપ્ત થયો છે. તેમણે દેશવાસીઓને પણ આ ભૂમિ પર અચૂક આવવા માટે અનુરોધ કર્યો હતો. ઉપરાંત તેમણે કહ્યું કે, પીવાના પાણી, સુરક્ષા, આરોગ્ય સેવા માટે એમ્બ્યુલન્સ સહિતની ખુબ સુંદર વ્યવસ્થાઓ સ્થાનિક પ્રશાસન દ્વારા કરવામાં આવી છે.

## રાજપીપલા નજીક નવા વાઘપુરા ગામ પાસે ફોર વહીલર ની ટક્કરે બાઈક ચાલક નું મોત



રાજપીપલા | રાજપીપલા નજીક નવા વાઘપુરા ગામના બસસ્ટેન્ડ પાસે ફોરવહીલ વાહન અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક નું મોત નીપજ્યું હતું .

પ્રાપ્ત માહિતી મુજબ અનીશ અશ્વિનભાઈ વસાવા તેના મિત્ર છત્રસિંહ વસાવા સાથે બાઈક પર રાજપીપલા થી ધીરખાડી ગામ જતા હતા ત્યારે નવા વાઘપુરા ગામ પડે પુરઝડપે જતા એક ફોરવહીલ વાહને બાઈક ને ટક્કર મારતા સર્જાયેલ અકસ્માત માં બાઈક ચાલક અનીશ વસાવા ને ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું જયારે તેના મિત્ર છત્રસિંહ ને નાની મોટી ઈજાઓ પહોંચી હતી . રાજપીપલા પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરત નવી સિવિલમાં 'કેથ લેબ'નો શુભારંભ – હવે 12 કરોડના બાયપ્લેન મશીનથી હૃદયથી મગજ સુધીની સારવાર નિઃશુલ્ક





ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરત: રાજ્યમાં સૌપ્રથમવાર સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટી પ્રોજેક્ટ હેઠળ અદ્યતન કેથેટરાઈઝેશન લેબોરેટરી (કેથ લેબ) સેવા શરૂ થઈ છે. અંદાજે રૂ. 12 કરોડના બાયપ્લેન મશીનથી હવે હૃદયના બ્લોકેજથી લઈને માથાથી પગ સુધીની રક્તવાહિનીઓનું નિદાન અને સારવાર એક જ સ્થળે શક્ય બનશે. એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, સ્ટેન્ટિંગ અને પેસમેકર ઈમ્પ્લાન્ટેશન જેવી સારવાર, જે માટે ખાનગી હોસ્પિટલોમાં હજારો રૂપિયા ખર્ચવા પડે છે, તે સેવાઓ હવે નવી સિવિલમાં નિઃશુલ્ક મળશે.

પ્રથમ જ દિવસે મગજ અને પગના દર્દીની સફળ એન્ડોવાસ્ક્યુલર ઈન્ટરવેન્શનલ સારવાર કરવામાં આવી, જે નવી સિવિલ માટે ઐતિહાસિક ક્ષણ ગણાઈ રહી છે.

ડૉ. ધારિત્રી પરમારના જણાવ્યા મુજબ, કેથ લેબ દ્વારા વાઢ-કાપ વિના નાની છિદ્ર પદ્ધતિથી સ્ટેન્ટિંગ, થ્રોમ્બેક્ટોમી અને એમ્બોલાઈઝેશન જેવી સારવાર શક્ય બનશે. નસ પાતળી થવી, નસમાં ફુગ્ગો બનવો, બ્લીડિંગ જેવી સમસ્યાઓ ઉપરાંત કેટલાક પ્રકારના કેન્સરમાં પણ આ ટેક્નોલોજી ઉપયોગી સાબિત થશે.

રાજ્ય સરકારનો આ પ્રોજેક્ટ જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદ સમાન બની રહ્યો છે. નવી સિવિલ હવે સુપર સ્પેશિયાલિટી સારવારમાં વધુ એક મોટું પગલું આગળ વધી છે.

## એએમએ દ્વારા "બિહેવિયરલ સાયકોલોજી એન્ડ ધ સાયકોલોજી ઓવ રીસર્ચ: પ્રેક્ટીકલ ઈમ્પ્લીકેશન્સ ફોર મેનેજમેન્ટ" વિષય પર ખાસ વાર્તાલાપનું આયોજન

અમદાવાદ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા શુક્રવાર, ફેબ્રુઆરી ૧૩, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦ થી ૭:૪૫ દરમિયાન એએમએ ખાતે "બિહેવિયરલ સાયકોલોજી એન્ડ ધ સાયકોલોજી ઓવ રીસર્ચ: પ્રેક્ટીકલ ઈમ્પ્લીકેશન્સ ફોર મેનેજમેન્ટ" (વર્તણૂકનું મનોવિજ્ઞાન અને સંશોધનનું મનોવિજ્ઞાન: મેનેજમેન્ટ માટે વ્યવહારુ સૂચિતાર્થો) વિષય પર ડૉ. નેહા ચતવાણી ('ધ વર્કપ્લેસ એટલિયર' ના સ્થાપક અને વિયેના યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ (WU) તથા યુનિવર્સિટી ફોર કંટીન્યુઈંગ એજ્યુકેશન ક્રેમ્સમાં એડજંક્ટ ફેકલ્ટી મેમ્બર) દ્વારા સંબોધિત એક ખાસ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે..આજના યુગમાં જ્યાં સંસ્થાકીય સફળતા માટે માનવ વર્તણૂકને સમજવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, આ સત્ર મનોવૈજ્ઞાનિક સંશોધન અને વાસ્તવિક મેનેજમેન્ટના ઉપયોગો વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરશે. ઉપસ્થિત રહેનારા લોકોને એ જાણવા મળશે કે કેવી રીતે નિર્ણય લેવાની પ્રક્રિયા, નેતૃત્વ અને કાર્યસ્થળની ગતિશીલતાને સુધારવા માટે વર્તણૂક વિજ્ઞાનનો ઉપયોગ કરી શકાય છે.

# ૧૫મી ફેબ્રુઆરીએ યોજાનારી ચાણસ્માની કોમર્સિયલ બેંકની ચૂંટણીપ્રચાર જામ્યો

નિતીન ઠાકર | ચાણસ્મા | અગામી ૧૫મી ફેબ્રુઆરીના રોજ ચાણસ્મા કોમર્સિયલ બેંકની ચૂંટણી યોજાઈ રહી છે જેમાં .અંદાજે આઠ હજાર આસપાસના સભાસદો તેમનો મતાધિકારનો ઉપયોગ કરશે દરેક મતદારે ૧૩ ઉમેદવારો મતદાન કરવાનું રહેશે મતદારો એ ૧૩ થી વધારે કે ૧૩ થી ઓછું મતદાન કર્યું હશે તો તે મતદાન કરેલું નિષ્ફળ જશે જેથી ૧૩ ડિરેક્ટરો માટે યોજાઈ રહેલી કોમર્સિયલ બેંકની ચૂંટણીમાં વિકાશ અને પરીવર્તન એમ બે પેનલમાં ૧૩-૧૩ મળી ૨૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં વિજયી ભવ: થવાની આશા સાથે ચૂંટણી લડી રહ્યા છે ત્યારે બંન્ને પેનલ દ્વારા. બેનર દ્વારા. મતદારો નો ડોર-ટુ-ડોર સંપર્ક સહિત પ્રચાર રેલીઓ યોજી મતદારોને રીઝવવા ઉમેદવારો ટેકેદારો દ્વારા એડીચોટીનું જોર લગાવાઈ રહ્યું છે. જેમાં ચાણસ્મા નગરના વિવિધ વિસ્તારોમાં પરીવર્તન પેનલના સમર્થનમાં મહિલા ટેકેદારો દ્વારા રેલી સાથે પ્રચાર કરાયો હતો જ્યારે વિકાશ પેનલ દ્વારા ચાણસ્મા નગરના વિવિધ વિસ્તારો બહારગામ ના મતદારો નો ક્યાંક પ્રત્યક્ષ તો ક્યાંક ટેલીફોનિક માધ્યમ દ્વારા સંપર્ક કરી પ્રચાર તેજ કરાયો છે.



**વિકાશ અને પરીવર્તન પેનલ દ્વારા મતદારોને રીઝવવા એડીચોટીનું જોર**

એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડે (એલજીઈ ઈન્ડિયા) તેના નાણાકીય

## વર્ષ-26ના ત્રીજા ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા, બજાર નેતૃત્વ જાળવી રાખ્યું અને નિકાસ પ્રોત્સાહન વધારવા માટે તૈયાર

નવી દિલ્હી | એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ (એલજીઈ ઈન્ડિયા), ભારતની અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડે, આજે નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિકના પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિકમાં 41.14 બિલિયનની ઓપરેશનમાંથી આવક મેળવી, જે નાણાકીય વર્ષ 25ના ત્રીજા ત્રિમાસિકમાં 43.96 બિલિયન હતી, અને નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિકમાં EBITDA માર્જિન 4.8% રહ્યું.તહેવારો પછીની માંગ અપેક્ષા કરતાં ઓછી હોવા છતાં, એલજીઈ ઈન્ડિયાએ હોમ એપ્લાયન્સ અને હોમ એન્ટરટેઈનમેન્ટ સેગમેન્ટ સહિતની મુખ્ય કેટેગરીમાં બજાર નેતૃત્વ જાળવી રાખ્યું છે. આ કંપનીની મૌલિક બ્રાન્ડ તાકાત અને ગ્રાહક વિશ્વાસ સાબિત કરે છે.પરિણામો પર પ્રકાશ પાડતા, એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ સેલ્સ અને માર્કેટિંગ ઓફિસર શ્રી હોંગ જુ જિયોને જણાવ્યું, "બાહ્ય પરિબળોથી પ્રભાવિત છેલ્લા ત્રિમાસિકમાં સુસ્તી હોવા છતાં, એલજીઈ ઈન્ડિયાએ મુખ્ય બી2સી સેગમેન્ટમાં ★1 સ્થાન જાળવી રાખ્યું છે.

# વેલેન્ટાઈન ડે ની પંચાત

**મેરે રંગ મેં રંગ ને વાલી પરી હો યા, કોઈ પરીઓ કી રાની... મેરે સવાલો કા જવાબ દો ના..**



- રુપાલી દવે

૧૯ મી સદી ના માધ્યમમાં 'મેને પ્યાર કિયા' ફિલ્મ થિયેટર માં રિલીઝ થયું ત્યારે વગર વેલેન્ટાઈન એ 'આયા મૌસમ પ્યાર કા..'માં આસપાસ નું વાતાવરણ ગુલાબી થઈ જતા જુવાનિયા માં પ્રેમરસ નું ઝરણું વહેવા લાગ્યું હતું.આ સમયગાળા માં નાના સિટીમાં કો એજ્યુકેશન સ્કૂલ કોલેજ એકાદ બે હતી.આ કારણોસર ગર્લ્સ સ્કૂલ કોલેજ સામે સલમાન ખાન સ્ટાઈલ માં છોકરાઓ સુમન ની શોધ માં એન્ટ્રી મારતા હતા. 'ભાઈનું'વર્ચસ્વ એટલું બધું હતું ને કે ભૂલ થી પણ ભૂલમાં 'મેને પ્યાર કિયા' સ્ટાઈલ માં ભાઈની બેન ને છેડવાનો પ્રયત્ન કર્યો તો બીજે દિવસે યુવકનો ચહેરો લાલ ગુલાબ બની જતો હતો.આ સમય માં છોકરીઓને ખાસ ભણાવવા માં રસ નહતો એટલે સામન્ય ભણતર બાદ છોકરીઓને લગ્ન જીવન ને લગતી ટ્રેનિંગ આપવામાં આવતી હતી. પતિ,સાસુ,દિયર અને નણંદ ને ખુશ રાખવા ની તરકીબ શીખવવામાં આવતી હતી.નાના શહેરો માં ૧૮ થી ૨૧ વર્ષ માં છોકરીઓ પરણી ને સાસરે વિદાઈ થયા બાદ એકાદ બે વર્ષમાં એ એકાદ બે બાળક ની મમ્મી પણ બની જતી હતી.આ યુવતીઓ એના પતિ નું નામ પણ માંડ માંડ શરમાતા શરમાતા લેતી હતી પોતાની શરમ ને પતિ પ્રેમ નું નામ આપતી હતી.

પ્રેમની પરિભાષા શું? રોમેન્ટિક, પ્લેટોનિક, સ્પિરિચુઅલ વગેરે પ્રેમની પરિભાષા ના પ્રકાર વિશે જાણકારી ખાસ નહતી,કેમ? નાની વય માં પરણેલા છોકરીઓનું એટ્રેક્શન 'પત્ની' માં મોબાઈલ,ટીવી કે વેલેન્ટાઈન ડે નહતા એટલે ફોકસ રહેતું હતું.આ કારણોસર તો પ્રેમ નો પર્યાય પરિભાષા ની પંચાત કરતા લગ્નજીવન માં 'સેક્સ' કેન્દ્ર સ્થાને હતું. વર્તમાન સમય ના લગ્ન પ્રસંગો 'ઓ મેરી જોહરાજબી તું અભી તક હૈ જવા ઔર મેં હસી..' સોંગ પર સ્ટેજ પરફોર્મન્સ કરતા પ્રૌઢો અને વૃદ્ધો ના ચહેરા ઓનું ધ્યાન થી કરજો. ૭૦ થી ૮૦ વર્ષ ની વૃદ્ધા ના મુખ પર પતિની નજદીકી થી જે શરમ ની લાલિમા દેખાશે એ પ્રૌઢ સ્ત્રીઓના ચહેરા પર દેખાશે નહી.

'પ્રેમ' શબ્દ એ ગુલાબી મલમલ ના સુંવાળા કપડાં પર છુપાવેલી કટાર સમાન સમજો. યુવતીઓએ વિજાતીય આકર્ષણ માં પ્રેમ શબ્દ ની સાપસીડી માં ફસાવવાના બદલે 'કેરિયર' પર ફોક્સ કરવું જોઈએ. રોઝ ડે, ચોકલેટ ડે,ટેડી ડે, હગ ડે વગેરે ડે વગેરે પાશ્ચાત્ય સંસ્કૃતિ ના દિવસો ની માર્કેટિંગ વધારે થતી હોવાના લીધે આકર્ષિત તો કરે છે પરંતુ યુવતીઓ અને મહિલાઓ એ 'ડે' ના ચક્કર માં પોતાનું સર્વસ્વ લુટાઈ ન જાય એનું ધ્યાન રાખવાની જરૂર છે. 'સ્ત્રી ના ચરિત્ર' શું? સમજવું હોય તો ગુરુ દત્તાત્રેય ભગવાન ના માતા સતી અનસૂયા ની કથા નો અભ્યાસ કરવો જરૂરી છે: માતા અનસૂયાના પતિવ્રત ધર્મ ની પરીક્ષા લેવા બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ એની કુટિર માં આવ્યા ત્યારે અત્રિ ઋષિ સંધ્યા માટે ગયા હતા. ત્રિદેવ એ માતા અનસૂયાના પતિવ્રત ધર્મ ની પરીક્ષા કરવા એની સમક્ષ ભોજન ની સાથે અન્ય ઈચ્છા પણ પ્રગટ કરી હતી.આ વિકટ સમયે સતી અનસૂયા એ એના પતિ અત્રિ ઋષિ નું સ્મરણ કરી ને પ્રાર્થના કરી કે જો સાચા અર્થમાં મેં મારો પતિવ્રત ધર્મ પાળિયો હશે તો આંગણે પધારેલ અતિથિઓ બાલુડા બની જાય.માતા અનસૂયા ના પતિવ્રત ધર્મ ની તાકાત એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ને પણ એકાદ બે માસના બાલુડા બનવું પડ્યું.

ભારતીય હિન્દુ સંસ્કૃતિ એ પ્રેમ પ્રકરણ નામની ભ્રામક જાળ ને બદલે સુખી પ્રેમથી ભરપુર દાંપત્ય જીવન માટે વાત્સાયન ના 'કામસૂત્ર' ને સમર્થન આપે છે. પૃથ્વી પરના પ્રથમ દંપતી મનુ મહારાજ અને શતરૂપા એ પતિ પત્ની ના મજબુત સબંધ ની આધાર શીલા મૂકતા સંદેશ આપ્યો છે કે પ્રેમ સબંધ નું સાચું મૂલ્ય દાંપત્ય જીવનમાં થાય છે.શાસ્ત્ર એ સ્ત્રી ને પણ સંપતિ,ઘરેણા અને ધન ને માયા નું સ્વરૂપ કીધું છે એટલે જે રીતે માણસ એની ધન સંપતિ ને સાચવે છે એજ રીતે સ્ત્રી ના માનસન્માન,ખુશી અને શોખ સાચવવા જોઈએ. જો ભૂલ થી પણ ભૂલ માં સ્ત્રી રૂપી માયા પર કબજો જમાવ્યો તો એ પણ રામાયણ ના સોના ના મૃગ બની ને છટકી શકે છે.

જીવનની નરી વાસ્તવિકતા એ છે કે લૈલા મજનુ,રોમિયો જુલિયટ વગેરે પ્રેમી જોડાઓ મૃત્યુ પામ્યા ન હોત તો એની પ્રેમ કહાની અમર બની ન હોત.મોટાભાગ ના વેલેન્ટાઈન ડે માં પ્રેમ માં પડેલ પ્રેમીજોડા ના અમુક દિવસો કે મહિનાઓ બાદ બ્રેક અપ થઈ જતા હોય છે.ફર્સ્ટ સાઈટ એટ્રેક્શન એવી બાલા છે ને કે જેટલું સુખ દૂર થી દેખાય છે તેટલું નજીક જતા અનુભવાતું હોતું નથી.આધુનિક સમય માં ભારતીય સમાજના આંખો પર લાગેલ રંગીન ચશ્મા માં એને વિશ્વ ગોળ ના બદલે લંબ ચોરસ વધારે દેખાવા લાગ્યું છે એટલે જ 'પ્રેમ સબંધ' એ મિથ્યા મૃગજળ સમાન છે એ સમજતા હોવા છતાંય ભૂલ કરી બેસે છે. જૂના સમય માં લોકોમાં એજ્યુકેશન ઓછું હોવા છતાંય 'સબંધ' ની મજબૂતી સમજતા હતા.હમેશા પારકે ભાણે લાડુ મોટો જ લાગે છે,કેમ? લાડુ ના સ્વાદ ની તો બનાવનાર ને જ ખબર હોય છે.વર્તમાન સમય માં લોકોનો વિકાસ અને પ્રગતિ વધતા એને પોતાના પાર્ટનર માં ખામીઓ જોવાની આદત પડી ગઈ છે.પતિઓ થી સતત અપમાનિત થતી પરણિત સ્ત્રીઓ એના પાર્ટનર ની ખામીઓની રામાયણ પર અજાણ્યા પુરુષ આગળ કરવાની ભૂલ કરી બેસતી હોય છે.પરણિત સ્ત્રીઓ 'સેક્સ' બાદ પ્રેગ્નન્ટ થાય તો પુરુષને સમસ્યા ન થાય એટલે પ્રેમના નામે ખાસ કરીને હાઉસ વાઈફ ને ફસાવવાના કિસ્સા માં વધારો થયો છે. ઘરની ચાર દીવાલ વચ્ચે વરસો થી પતિ ની છત્ર છાયા માં રહેતી સ્ત્રીઓ એ જલ્દી અન્ય પુરુષની ચીકણી પ્રેમ ભરી ભાષા માં ફસાઈ જાય છે ત્યારે એ પોતાની 'પતિ પંચાત' ની ભૂલ ને લીધે ખુદા ઊંડા કાદવ માં ફસાઈ શકે છે. પરિવારની જવાબદારીઓ પરણિત પુરુષો પર વધારે હોવાથી એને વેલેન્ટાઈન ડે કે અન્ય પાર્ટી જેવા શોખ પોસાતા નથી.ગિફ્ટ વગેરે લાવવા ના મામલે ઓછા આવડત વાળા હશે એનો મતલબ એતો નથી કે એ બેજવાબદાર છે.જ્યારે પતિ એની પત્ની ને ઠપકો આપે છે કે સમજાવવા પ્રયત્ન કરે છે ત્યારે એનો હેતુ પત્ની ને અપમાનિત કરવાનો બિલકુલ નથી હોતો..

મોટાભાગ ના પરણિત પુરુષોની તાકાત તારક મહેતા કા ઉલટા ચશ્મા ના જેઠાલાલની માફક પડોશણ બબીતાના વખાણ થી આગળ વધતી નથી ,કેમ? ઘરેઘરે જેઠાલાલ ની પત્ની દયા થી પણ વધારે માથાભારે 'માર દિયા જાય કે છોડ દિયા જાય..બોલ તેરે સાથ ક્યા સલૂક કિયા જાય..' પત્નીઓ હોય છે.

મોટાભાગ ના પ્રેમ સબંધો કેમ લાંબા ટકતા નથી?આની પાછળ ખાસ માનવ મન ની સાયકોલોજી છે મન ક્યારેય એક જગ્યા એ લાંબા સમય સુધી ટકતું નથી હોતું. માણસ એક સામાજિક પ્રાણી છે એટલે લાંબા સમય સુધી એ એક જ મીઠાઈ ખાઈને થાકી જાય છે. મુસ્લિમ ક્રિશ્ચન વગેરે ધર્મ માં પ્રેમ સંબંધ ને એક ભવ સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યા છે એટલે મુસ્લિમ ધર્મ માં પાંચ પત્નીઓ કરવાની છૂટ છે.ક્રિશ્ચન ધર્મ માં લગ્ન બાદ પણ અફેર કરવાની કે ડિવોર્સ લેવાની છૂટ છે. હિન્દુ ધર્મ શાસ્ત્ર માં પતિ પત્ની ના સબંધ ને સાત ભવ ના માનવામાં આવે છે એક ભવ માં બીજો ભવ કરવાની છૂટ નથી. જોક્સ: ડાયાબિટીસ રોગ પર સામૂહિક રિસર્ચ કર્યા બાદ રિસર્ચર એ તારણ જાહેર કરતા કહ્યું કે વિશ્વ માં સૌથી વધારે હિન્દુ ધર્મ ના પતિ પત્ની માં ડાયાબિટીસ નું વધારે જોવા મળ્યું છે,કેમ? હિન્દુ ધર્મ ના પતિ પત્નીઓ ગળપણ વધારે આરોગે છે એટલે..ન.. ના..કદાચ સાતભવ ના પતિ પત્ની ના પ્રેમસંબંધ એના તણાવ નું મુખ્ય કારણ હોઈ શકે...

## જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં શ્રદ્ધા અને આધુનિકતાનો સમન્વય: સેલ્ફી પોઇન્ટ્સ શ્રદ્ધાળુઓમાં બન્યા આકર્ષણનું કેન્દ્ર



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૨ ભવનાથ મહાશિવરાત્રીના મેળામાં રાજ્ય સરકારના પ્રયાસોથી આ વર્ષે ભવ્ય અને દિવ્ય બનવાની સાથે ઐતિહાસિક પણ બન્યો છે, મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકો તેમની સાથે વિશેષ સ્મૃતિઓ લઈ જઈ શકે તે માટે સમગ્ર મેળાના રૂટ ઉપર આકર્ષક સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવાની સાથે વિશેષ સુશોભનો કરવામાં આવ્યો છે. ભવનાથ મંદિરની સામે દત્ત ચોક ખાતે ભગવાનના શિવજીના પ્રતીક સમાન ભવ્ય શિવલિંગનો સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યો છે, ઉપરાંત સોરઠ સૌરાષ્ટ્ર ગ્રામીણ સંસ્કૃતિને ઉજાગર કરતી બળદ ગાડાની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે, ઉપરાંત ભારતીય સંસ્કૃતિના પ્રતીક ગ્રુપ ચિન્હો અને ભગવાન શિવજીની વિશાળ પ્રતિમાઓ પણ તૈયાર કરવામાં આવી છે. જ્યાં શ્રદ્ધાળુ -ભાવિકોએ તસવીરો લઈ પોતાની યાદગાર ક્ષણોને કેમેરામાં કેદ કરી હતી, આમ, ભવનાથના મેળામાં શ્રદ્ધા અને આધુનિકતાનો સમન્વય જોવા મળ્યો હતો.

# શું કપિલ શર્માએ ખુદ પોતાના કાફે પર ફાયરિંગ કરાવ્યું...?

## લૉરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી હતી જવાબદારી



## રાખી સાવંતનો સનસનીખેજ દાવો

(એજન્સી) મુંબઈ | તા.12

કોમેડી કિંગ કપિલ શર્માના કેનેડા સ્થિત 'કેપ્સ કાફે' પર ફાયરિંગની ઘટનાએ તમામને હચમચાવી મૂક્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે કોમેડિયનના કેફે પર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ હુમલો કરાવ્યો હતો. 'કેપ્સ કાફે' પર એક નહીં બે વાર હુમલો થયો હતો. જોકે, હવે આ સમગ્ર મામલે ભારતીય મનોરંજન જગતની 'કોન્ટ્રોવર્સી ક્વીન' રાખી સાંવતે સનસનીખેજ દાવો કર્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રાખી સાવંતે આરોપ લગાવ્યો કે, કપિલ શર્માએ પોતાના કાફે પર ખુદ ફાયરિંગ કરાવ્યું છે. માત્ર પબ્લિસિટી માટે તેણે આ ફાયરિંગ કરાવ્યું હતું. તેણે કપિલ પર લોરેન્સ બિશ્નોઈને બદનામ કરવાનો પણ આરોપ લગાવ્યો અને આ સમગ્ર ઘટનાને સસ્તી પબ્લિસિટી ગણાવી છે.



### પોતાના રેસ્ટોરન્ટને હિટ કરવા માટે ખુદ ફાયરિંગ કરાવ્યું

આ ઈન્ટરવ્યુમાં રાખી સાવંતે કહ્યું કે, 'કપિલ શર્માએ પોતાના રેસ્ટોરન્ટને હિટ કરવા માટે ખુદ ફાયરિંગ કરાવ્યું છે. શું અમારા બિશ્નોઈ ભાઈના માણસો એટલા ફ્રી બેઠા છે, કે ત્યાં ફાયરિંગ કરે? અરે ભાઈ તુ પોતાની રેસ્ટોરન્ટને હિટ કરવા માટે કેનેડામાં પબ્લિસિટી કર. તું અમારા ભાઈને કેમ બદનામ કરી રહ્યો છે? બિશ્નોઈ ગેંગને કેમ બદનામ કરી રહ્યો છે? શું તમને આ સસ્તી પબ્લિસિટી નથી લાગતી?'

### કપિલના કાફે પર થયો હતો હુમલો

તમને જણાવી દઈએ કે, જુલાઈ 2025માં કપિલ શર્મા અને તેની પત્ની ગિન્ની ચતરથે બ્રિટિશ કોલંબિયા શહેરમાં 'કેપ્સ કાફે' નામનું એક રેસ્ટોરન્ટ ખોલ્યું હતું. આ રેસ્ટોરન્ટમાં અનેક રાઉન્ડ ફાયરિંગ થયુ હતું. આ કાફેએ પોતાની સોફ્ટ ઓપનિંગ સેલિબ્રેટ કરી હતી. પરંતુ સેલિબ્રેશન વચ્ચે જ કાફેમાં તોડફોડ કરવામાં આવી હતી અને ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જોકે આ ઘટનામાં કોઈને ઈજા નહોતી થઈ, પરંતુ મિલકતને ઘણું નુકસાન થયું હતું.

## અજય દેવગણની દ્રશ્યમ થ્રીમાં પ્રકાશ રાજની એન્ટ્રી



મુંબઈ : અજય દેવગણની 'દ્રશ્યમ થ્રી'માં હવે સાઉથના પીઢ એક્ટર પ્રકાશ રાજની પણ એન્ટ્રી થઈ છે. અગાઉ અક્ષય ખન્નાએ આ ફિલ્મ છોડી દીધા બાદ તેના સ્થાને જયદીપ અહલાવતની એન્ટ્રી થઈ હતી. તે પછી હવે તેમાં પ્રકાશ રાજ એક નવું પાત્ર ભજવશે. અગાઉ એવી અટકળો હતી કે પ્રકાશ રાજને અક્ષય ખન્નાની જગ્યાએ સિનિયર પોલીસ અધિકારીની ભૂમિકા સોંપાઈ છે. જોકે, પ્રકાશ રાજે પોતે જ ક્લિયર કર્યું હતું કે હું ફિલ્મમાં કોઈ અન્ય કલાકારના સ્થાને ગોઠવાયો નથી. ઉલ્લેખનીય છે કે અજય દેવગણની હિન્દી ફિલ્મ આગામી ઓક્ટોબરમાં રીલિઝ થવાની છે. બીજી તરફ મોહનલાલની મુખ્ય ભૂમિકા ધરાવતી મલયાલમ 'દ્રશ્યમ થ્રી' આગામી એપ્રિલ માસમાં જ રીલિઝ થઈ જવાની છે.

## રાજપાલ યાદવને હાઈકોર્ટનો કડક ઠપકો, 25 તક છતાં ચૂકવણી નહીં

(એજન્સી) દિલ્હી | તા.12

25 તક છતાં ચુકવણી નહીં, હાઈકોર્ટનો કડક સવાલ. હાસ્ય કલાકાર રાજપાલ યાદવ ચેક બાઉન્સ કેસમાં ફરી ચર્ચામાં છે. કોર્ટના આદેશોનું પાલન ન કરતાં તેમને આત્મસમર્પણ કરવું પડ્યું છે અને હવે જામીન અંગે સુનાવણી ચાલી રહી છે. બોલીવુડના લોકપ્રિય કોમેડિયન રાજપાલ યાદવ સામે 9 કરોડના ચેક બાઉન્સ કેસમાં કાર્યવાહી ચાલી રહી છે. આ કેસની શરૂઆત 2010માં થઈ હતી, જ્યારે રાજપાલે પોતાની ફિલ્મ "આતા પતા લપતા" બનાવવા માટે દિલ્હીના એક ઉદ્યોગપતિ પાસેથી 5 કરોડની લોન લીધી હતી. આ ફિલ્મ 2012માં રિલીઝ થઈ, પરંતુ બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી. ફિલ્મને નુકસાન થતા રાજપાલ લોન પરત આપી શક્યા નહીં. સમય જતાં વ્યાજ સાથે આ રકમ વધીને લગભગ 9 કરોડ થઈ ગઈ. 2018માં આ મામલો કોર્ટ સુધી પહોંચ્યો અને રાજપાલ તથા તેમની પત્ની સામે કેસ દાખલ થયો. દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન ન્યાયાધીશે રાજપાલને કડક શબ્દોમાં ઠપકો આપ્યો. કોર્ટે કહ્યું: "તમને 25થી વધુ તક આપવામાં આવી હતી, પરંતુ તમે આદેશનો અનાદર કર્યો." કોર્ટે પૂછ્યું કે જ્યારે રાજપાલે પહેલેથી જ લોન લેવાનું સ્વીકાર્યું હતું અને ચૂકવણી કરવાનો વચન આપ્યો હતો, ત્યારે હવે સજા સામે સ્ટે કેમ માંગવામાં આવી રહી છે? મામલો સમાધાનથી ઉકેલવા રાજપાલના વકીલે દલીલ કરી કે તેઓ મામલો સમાધાનથી ઉકેલવા માગે છે. તેમણે જણાવ્યું કે 3 કરોડથી વધુ રકમ ચૂકવવામાં આવી ચૂકી છે અને બાકીની રકમ જમા કરાવવા માટે ફિલ્મ ઉદ્યોગમાંથી મદદ મળી રહી છે. વકીલે વધુમાં જણાવ્યું કે રાજપાલના પરિવારમાં લગ્ન હોવાથી તેમને જામીનની જરૂર છે. પરંતુ હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું કે કાયદો બધાને સમાન છે અને માત્ર સહાનુભૂતિના આધારે રાહત આપી શકાતી નથી.

### સુપ્રીમ કોર્ટનું કડક ફરમાન

## 'ઘુસખોર પંડિત' ફિલ્મનું નામ બદલ્યા વગર રિલીઝ નહીં થાય



(એજન્સી) દિલ્હી | તા.12

મનોજ બાજપેયીની આવનારી ફિલ્મ "ઘુસખોર પંડિત" તેના શીર્ષકને કારણે કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે ફિલ્મના નિર્માતા નીરજ પાંડેને ઠપકો આપતાં નવું નામ જાહેર થાય ત્યાં સુધી રિલીઝ પર રોક લગાવી છે. સુપ્રીમ કોર્ટે ફિલ્મ નિર્માતા નીરજ પાંડેને તેમની ફિલ્મ "ઘુસખોર પંડિત" ના શીર્ષક અંગે કડક ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું છે કે ફિલ્મનું આ શીર્ષક સમાજના એક વર્ગને બદનામ કરે છે અને તે નૈતિકતા તેમજ જાહેર વ્યવસ્થાના સિદ્ધાંતો સામે છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી ફિલ્મનું નવું અને યોગ્ય શીર્ષક રજૂ કરવામાં નહીં આવે, ત્યાં સુધી ફિલ્મને રિલીઝ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે.

### પોતાના "ઈન્ડિયા પ્લાન 2026" ની જાહેરાત

આ કેસ ત્યારે શરૂ થયો જ્યારે નેટફ્લિક્સે 3 ફેબ્રુઆરી, 2026 ના રોજ પોતાના "ઈન્ડિયા પ્લાન 2026" ની જાહેરાત કરી. આ જાહેરાત દરમિયાન મનોજ બાજપેયીની ફિલ્મ "ઘુસખોર પંડિત" નું ટીઝર પણ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ ટીઝર રિલીઝ થયા બાદ ફિલ્મના નામને લઈને વિવાદ ઉભો થયો. કેટલાક લોકોનું કહેવું હતું કે આ શીર્ષક એક ખાસ સમાજને નકારાત્મક રીતે દર્શાવે છે.

## નિક્કી તંબોલી 'ધ ૫૦'માંથી બહાર



(એજન્સી) મુંબઈ | તા.12

'બિગ બોસ' જેવા મોટા પ્લેટફોર્મ પર પોતાની ઓળખ બનાવનાર નિક્કી તંબોલી 'ધ ૫૦' માં વિજેતા તરીકે જોવામાં આવી હતી. તેણીએ શોના પહેલા દિવસથી જ પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો. કોઈનો સામનો કરવાનો હોય કે હિંમતભેર પોતાના મનની વાત કહેવાની હોય, નિક્કી હંમેશા આગળ પડતી જ દેખાતી હતી. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, નિક્કી તંબોલી હવે આ હાઈ-પ્રોફાઈલ રમતમાંથી બહાર નીકળી ગઈ છે. અહેવાલો અનુસાર, નિક્કી હવે 'ધ 50' હાઉસનો ભાગ નથી. જોકે નિર્માતાઓ અથવા નિક્કી તંબોલી તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ સોશિયલ મીડિયા પર તેના નામની ચર્ચા થઈ રહી છે. નિક્કી તંબોલીએ તેના બોયફ્રેન્ડ અરબાઝ પટેલ સાથે શોમાં પ્રવેશ કર્યો હતો. આ જોડીને શોની સૌથી મજબૂત શક્તિ માનવામાં આવતી હતી. જોકે, જેમ જેમ રમત આગળ વધતી ગઈ તેમ તેમ નિક્કી અને અરબાઝ વચ્ચેનું અંતર સ્પષ્ટપણે દેખાતું ગયું. ઘણી વાર, નિક્કીને તેના જીવનસાથી પાસેથી ભાવનાત્મક ટેકોની અપેક્ષા રાખતી જોવા મળી, પરંતુ અરબાઝ તેની રમત અને નવી વ્યૂહરચનામાં વ્યસ્ત રહ્યો.

## "હું મારો ધર્મ બદલવા માંગુ છું" : રેમો ડિસોઝા



(એજન્સી) મુંબઈ | તા.12

કોરિયોગ્રાફર રેમો ડિસોઝાએ પોતાની આધ્યાત્મિક યાત્રા વિશે ખુલાસો કર્યો છે. તેમણે ખુલાસો કર્યો છે કે તેમનો જન્મ એક હિન્દુ પરિવારમાં થયો હતો પરંતુ બાદમાં તેઓ ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો હતો. તેમણે એ પણ ખુલાસો કર્યો કે તેઓ હવે બધા ધર્મોને મહત્વ આપે છે. બોલિવૂડના જાણીતા કોરિયોગ્રાફર અને દિગ્દર્શક રેમો ડિસોઝાએ તાજેતરમાં પોતાની આધ્યાત્મિક યાત્રા વિશે ખુલાસો કર્યો છે. હિન્દુ પરિવારમાં જન્મેલા રેમોએ પછી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો, પરંતુ આજે તેઓ દરેક ધર્મને સમાન માન આપે છે. રેમો ડિસોઝા, જેમનું મૂળ નામ રમેશ ગોપી નાયર હતું, તેમનો જન્મ હિન્દુ પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેઓ ધાર્મિક વાતાવરણમાં ઉછર્યા હતા. જોકે જીવનના એક તબક્કે તેમને ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષણ થયું અને તેમણે ધર્મ પરિવર્તન કરવાનો નિર્ણય લીધો. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં રેમો અને તેમની પત્ની લિઝેલે તેમની આધ્યાત્મિક સફર વિશે ખુલ્લેઆમ વાત કરી. લિઝેલનો જન્મ કેથોલિક પરિવારમાં થયો હતો અને તે પોતાની પરંપરાઓનું પાલન કરતી આવી છે. છતાં, છેલ્લા કેટલાક વર્ષોમાં તે હિન્દુ ધર્મ તરફ પણ આકર્ષાઈ છે. લિઝેલે જણાવ્યું કે તેમના ઘરમાં ગણેશજી, શિવજી, માતા મેરી અને બુદ્ધની મૂર્તિઓ છે. તેઓ બધા ધર્મોમાં વિશ્વાસ રાખે છે અને દરેક પરંપરાને માન આપે છે. લિઝેલે કહ્યું કે છેલ્લા 25 વર્ષથી તેમના ઘરમાં ગણપતિ સ્થાપિત થાય છે અને છેલ્લા 4-5 વર્ષમાં, ખાસ કરીને તેમના માતા-પિતાના નિધન પછી, તેઓ વધુ આધ્યાત્મિક બની છે.

## દિગ્દર્શક સાહિર રઝાની હકાલપટ્ટી થતાં તમન્ના ભાટિયાની ફિલ્મ અટકી

(એજન્સી) મુંબઈ | તા.12

તમન્ના ભાટિયાની ફિલ્મ 'રાગિણી એમએમએસ થ્રી' અટકી પડી છે. ફિલ્મ માટે દિગ્દર્શક તરીકે સાહિર રઝાની પસંદગી કરાઈ હતી. પરંતુ, કહેવાય છે કે સાહિર રઝાએ આ પ્રોજેક્ટ માટે ટાઈમ જ આપ્યો ન હતો. આથી તેને દિગ્દર્શક તરીકે પાણીચું અપાયું છે અને ફિલ્મ હાલ મુલત્વી રાખી દેવામાં આવી છે. એકતા કપૂરની આ બહુચર્ચિત ફ્રેન્ચાઈઝીમાં તમન્નાને જોવા ઈચ્છતા ચાહકો નિરાશ થઈ ગયા છે. સાહિર રઝા હાલ એક ઓટીટી શો હોસ્ટ કરી રહ્યો છે. તેના કારણે તે ફિલ્મ દિગ્દર્શન માટે સમય ફાળવી શક્યો ન હતો. હવે એકતા કપૂર તેના સ્થાને નવા ડાયરેક્ટરને શોધી રહી છે. જોકે, આ પ્રક્રિયામાં કેટલો સમય લાગશે તે નક્કી નથી.



## ચિરંજીવીએ 47 વર્ષ જૂના ફોટા શેર કરી યાદો તાજી કરી

**મેગાસ્ટાર ચિરંજીવીએ 47 વર્ષ જૂના ડેબ્યૂ ફોટા શેર કરી યાદો તાજી કરી! 'પુનાધિરલ્લુ' ફિલ્મમાં પહેલીવાર કેમેરા સામે ઊભા થયાની ક્ષણને 'ગઈકાલ જેવી' કહીને ભાવુક થયા. ઉત્સાહ, આનંદ અને જવાબદારીની લાગણીઓ વર્ણવી. ફેન્સમાં ભારે ઉત્સાહ**







(એજન્સી) હૈદરાબાદ | તા.12

ફિલ્મ સુપરસ્ટાર ચિરંજીવીએ તેમના ઉત્તમ અભિનય માટે જાણીતા છે. તેમણે તાજેતરમાં જ તેમની યાદોને તાજી કરી છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પર તેમની અભિનય કારકિર્દીના શરૂઆતના દિવસોના ફોટા શેર કર્યા છે, તે દિવસો વિશે લખ્યું છે. તેમણે યાદ કર્યું કે જ્યારે તેમણે પહેલીવાર કેમેરા સામે અભિનય કર્યો ત્યારે તેઓ કેટલા ઉત્સાહિત હતા. ચિરંજીવ કોનિડેલાએ ટોલીવુડ ફિલ્મ 'પુનાધિરલ્લુ' માં પોતાનું ડેબ્યૂ કર્યું હતું. ચિરંજીવીએ 11 ફેબ્રુઆરી, 2026ના રોજ તેમના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કેટલાક જૂના ફોટા શેર કર્યા. તેમણે ખુલાસો કર્યો કે તેમણે વર્ષો પહેલા આ દિવસે પહેલીવાર કેમેરાનો સામનો કર્યો હતો. જોકે તે 47 વર્ષ પહેલાનો દિવસ હતો, પરંતુ લાગણીઓ ગઈકાલ જેટલી જ તાજી છે. એક ફોટામાં, યુવાન અભિનેતા શર્ટ અને ટ્રાઉઝર પહેરીને કેમેરા તરફ જોતો જોવા મળે છે. બીજા ફોટામાં, તેની સાથે ઘણા લોકો પણ દેખાય છે.

### ચિરંજીવીની ભાવનાત્મક પોસ્ટ

કેપ્શનમાં, અભિનેતાએ તેલુગુમાં લખ્યું, "આજે મારા જીવનનો પહેલો દિવસ છે જ્યારે હું ફિલ્મ 'પુનાધિરલ્લુ' માટે કેમેરા સામે ઉભો હતો. તે દિવસે મને જે ઉત્સાહ, આનંદ, જવાબદારી અને લાગણીનો અનુભવ થયો તે શબ્દોમાં વર્ણવી શકાય નહીં. તે ક્ષણ હજુ પણ ગઈકાલે કે પરમ દિવસે બની હોય તેવું લાગે છે.' તેમણે આગળ લખ્યું, "તે એક સુંદર પૂર્ણિમાની વાર્તાનો અનુભવ હતો. આ ખાસ પ્રસંગે, હું તે ફિલ્મના દિગ્દર્શક અને નિર્માતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું જેમણે મને મારો પહેલો બ્રેક આપ્યો. તેમના વિશ્વાસ અને પ્રેરણાથી, મારી અભિનય યાત્રાનો પાયો નંખાયો, અને મને મળેલી તક મળી. તે દિવસથી આજ સુધી, હું તે બધા દર્શકોનો આભાર માનું છું જેમણે મને ટેકો આપ્યો અને મને આશીર્વાદ આપ્યા."

## મુન્નાભાઈ 3 અને 3 ઈડિયટ્સની સિક્વલના વિલંબ પર રાજકુમાર હિરાનીએ આપ્યું કારણ

(એજન્સી) મુંબઈ | તા.12

'મુન્નાભાઈ MBBS' અને '3 ઈડિયટ્સ' જેવી સુપરહિટ ફિલ્મોની સિક્વલની રાહ જોઈ રહેલા ચાહકો માટે મોટા સમાચાર આવ્યા છે. દિગ્દર્શક રાજકુમાર હિરાનીએ ખુલાસો કર્યો છે કે બંને ફિલ્મોની



સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે, પરંતુ 'મુન્નાભાઈ 3' માટે યોગ્ય ક્લાઈમેક્સ શોધવામાં વિલંબ થઈ રહ્યો છે. કેટલીક બોલિવૂડ ફિલ્મો યાદગાર બની જાય છે અને લોકો સાથે ગુંજતી રહે છે. આવી ફિલ્મ ફ્રેન્ચાઈઝીમાં 'મુન્નાભાઈ MBBS' અને '3 ઈડિયટ્સ'નો સમાવેશ થાય છે, જેના ચાહકો વર્ષોથી જવાબો શોધી રહ્યા છે: શું આખરે સિક્વલ બનશે? પરંતુ હવે, ફિલ્મ નિર્માતા રાજકુમાર હિરાનીએ આ બાબતે પોતાનું મૌન તોડ્યું છે, અને ખુલાસો કર્યો છે કે બંને ફિલ્મોની સિક્વલ પર કામ ચાલી રહ્યું છે, પરંતુ અપડેટ્સના અભાવનું કારણ પણ સમજાવ્યું છે. 'મુન્નાભાઈ MBBS', 'લગે રહો મુન્નાભાઈ' અને '3 ઈડિયટ્સ' જેવી ગ્રાઉન્ડબ્રેકિંગ ફિલ્મોથી દિલ જીતનારા ફિલ્મ નિર્માતા રાજકુમાર હિરાનીએ ચાલી રહેલી ચર્ચા પર પોતાનું મૌન તોડ્યું છે. વર્ષોથી, 'મુન્નાભાઈ એમબીબીએસ' અને '3 ઈડિયટ્સ' ની સિક્વલ અંગે પ્રશ્નો ઉભા થયા છે.

**સ્ક્રિપ્ટો શા માટે વિલંબિત છે?** એક મીડિયા આઉટલેટ સાથે વાત કરતા, હિરાનીએ જણાવ્યું કે બંને ફિલ્મોની કલ્પના અને સ્ક્રિપ્ટ તૈયાર થઈ રહી છે, પરંતુ તેઓ ખાસ કરીને 'મુન્નાભાઈ 3' માટે યોગ્ય અંત શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. હિરાનીએ સમજાવ્યું કે 'મુન્નાભાઈ 3' માટે તેમનો એક ભવ્ય વિચાર છે, પરંતુ તેમને હજુ પણ એવું નથી લાગતું કે ક્લાઈમેક્સ વાર્તા માટે યોગ્ય છે. આના પરિણામે આખી સ્ક્રિપ્ટને અંતિમ સ્વરૂપ આપવામાં વિલંબ થયો છે. 3 ઈડિયટ્સ' ની સિક્વલ અંગે, હિરાનીએ કહ્યું કે અચાનક તેમના મગજમાં એક નવો વિચાર આવ્યો અને તેઓ તેના પર કામ કરી રહ્યા છે. જોકે, તેમણે એ પણ સ્વીકાર્યું કે '3 ઈડિયટ્સ' 2 ની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# IND-PAK મેચ પહેલાં જ ભારતને મોટો ફટકો

## ઈશાન કિશનને બુમરાહનો બોલ વાગતાં દુખાવાથી કણસતો પડી ગયો; અભિષેક પણ પેટમાં ઈન્ફેક્શનથી પીડિત

સ્પોર્ટ્સ ડેસ્ક | T-20 વર્લ્ડ કપ 2026માં નામિબિયા સામે ગુરુવારે (આજે) રમાનારી મેચ પહેલાં બુધવારે સાંજે યોજાયેલી પ્રેક્ટિસ સેશન દરમિયાન ટીમ ઈન્ડિયાના ઓપનર ઈશાન કિશન ઈજાગ્રસ્ત થયો છે. મીડિયા રિપોર્ટ્સમાં આ જાણકારી આપવામાં આવી છે. બીજી તરફ, અન્ય ઓપનર અભિષેક શર્મા પહેલાંથી જ બીમારીથી પીડાઈ રહ્યો છે.

પ્રેક્ટિસ દરમિયાન ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહનો યોર્કર ઈશાન કિશનના ડાબા પગના અંગૂઠા પર વાગ્યો. બોલ વાગતાં જ ઈશાન દર્દથી કણસતા જમીન પર પડી ગયો. ટીમના ફિઝિયોએ તરત જ તેની તપાસ કરી. આ પછી ઈશાન લંગડાતો નેટ્સમાંથી બહાર નીકળી ગયો.

જોકે થોડીવાર પછી તેણે ફરીથી બેટિંગ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેનું સેશન લાંબો સમય ચાલી શક્યો નહીં. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ હાલમાં તેની ઈજા અંગે કોઈ સત્તાવાર અપડેટ જાહેર કર્યું નથી.

અભિષેક શર્માને પેટમાં ચેપ ટીમની મુશ્કેલીઓ એટલા માટે પણ વધી ગઈ છે, કારણ કે ઓપનર અભિષેક શર્મા પેટના ચેપથી પીડાઈ રહ્યો છે. તે બે દિવસ સુધી દિલ્હીની એક હોસ્પિટલમાં દાખલ રહ્યો અને બુધવારે તેને રજા મળી. આવી સ્થિતિમાં તેનું નામિબિયા સામે રમવું મુશ્કેલ છે. પ્રેક્ટિસ પછી યુવા બેટર તિલક વર્માએ જણાવ્યું હતું કે અભિષેકની ફિટનેસ પર અંતિમ નિર્ણય મેચ પહેલાં લેવામાં આવશે. જો તે ઉપલબ્ધ નહીં હોય તો વિકેટકીપર-બેટર સંજુ સેમસનને તક મળી શકે છે.

સંજુએ બુધવારે નેટ્સ પર લાંબી પ્રેક્ટિસ કરી હતી. પીચ રિપોર્ટ અરુણ જેટલી સ્ટેડિયમમાં જ નામિબિયાએ પોતાની મેચ રમી હતી. ટીમ 156 રન જ બનાવી શકી હતી, નેધરલેન્ડ્સે 18 ઓવરમાં 3 જ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. દિલ્હીમાં આજે પણ બેટિંગ પીચ જ મળશે, આવા સંજોગોમાં ટૉસ જીતનારી ટીમ ચેઝ કરવાનું પસંદ કરી શકે છે.

વેધર કંડિશન દિલ્હીમાં આજે વરસાદની કોઈ શક્યતા નથી. તાપમાન 12થી 26 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. દિવસ દરમિયાન તડકાને કારણે ગરમી રહેશે, પરંતુ મેચ સાંજે રમાશે, તેથી હવામાન ઠંડું રહેશે.



### બન્ને ટીમની સંભવિત પ્લેઈંગ-11

ભારત (IND): સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), હાર્દિક પંડ્યા, શિવમ દુબે, વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ/મોહમ્મદ સિરાજ અને જસપ્રીત બુમરાહ.

નામિબિયા (NAM): લૌરેન સ્ટીનકેમ્પ, જૈન ફ્રાયલિંક, જૈન નિકોલ લોફ્ટી-ઈટન, જેરાર્ડ ઈરાસ્મસ (કેપ્ટન), જેજે સ્મિટ, જૈન ગ્રીન (વિકેટકીપર), ડાયલન લીચર, રૂબેન ટ્રમ્પલમેન, વિલેમ માયબર્ગ, બર્નાર્ડ શોલ્ટ્ઝ અને મેક્સ હિંગો.

### સંજુને ટીમનો પૂરો ટેકો

• છેલ્લાં કેટલાંક અઠવાડિયાંમાં સંજુ સેમસન માટે પરિસ્થિતિઓ બદલાઈ છે. મુંબઈમાં રમાયેલી પ્રથમ વર્લ્ડ કપ મેચમાં તેને ઓપનર તરીકે તક મળી ન હતી.

• આ અંગે ટેન ડેશકાટેએ સ્પષ્ટપણે કહ્યું હતું કે પસંદગીને લઈને ટીમને પ્રામાણિક રહેવું પડે છે. સંજુને પૂરો ટેકો મળ્યો, પરંતુ ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં ઈશાનના પ્રદર્શન પછી પહેલી મેચની પસંદગી સ્પષ્ટ હતી. તેણે એમ પણ કહ્યું કે ટુર્નામેન્ટ લાંબી છે અને તમામ 15 ખેલાડી ટીમ માટે મહત્ત્વપૂર્ણ છે.

• નેટ્સમાં સંજુએ લગભગ 30 મિનિટ સુધી ઝડપી બોલરોનો સામનો કર્યો. શરૂઆતમાં તે થોડો સાવચેત દેખાયો, પરંતુ બાદમાં તેનું ટાઈમિંગ સુધરતું ગયું. સ્પિન સામે તેનો આત્મવિશ્વાસ વધુ જોવા મળ્યો, જે નામિબિયાના લેફ્ટ આર્મ સ્પિનર બર્નાર્ડ શોલ્ટ્ઝ સામે કામ આવી શકે છે.

• બુમરાહ ફિટ, વાપસીની આશા આ દરમિયાન તિલક વર્માએ જસપ્રીત બુમરાહની ફિટનેસ પર પોઝિટિવ અપડેટ આપ્યું. તેણે કહ્યું, "બુમરાહ હવે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને પહેલાં કરતાં વધુ સારું અનુભવી રહ્યા છે. મેચ પહેલાં અમારી પાસે એક દિવસનો સમય છે. જો તેમનો સુધારો ચાલુ રહેશે તો ટીમ મેનેજમેન્ટ અંતિમ નિર્ણય લેશે. આશા છે કે તેઓ નામિબિયા સામેની મેચ માટે ઉપલબ્ધ રહેશે."

### અહીંથી આજનો મેચ પ્રીવ્યૂ વાંચો...

• T20 વર્લ્ડ કપની 18મી મેચમાં આજે યજમાન ભારત સામે નામિબિયાનો પડકાર છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે, જેનો ટૉસ 6.30 વાગ્યે થશે.

• ભારતે પ્રથમ મેચમાં અમેરિકાને હરાવ્યું હતું, જ્યારે નામિબિયાને નેધરલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આજની મેચ જીતીને ટીમ ઈન્ડિયા ગ્રુપ-એના પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર પહોંચી શકે છે, જ્યારે નામિબિયા પાસે પણ જીત સાથે નંબર-2 પર પહોંચવાની તક છે. પાકિસ્તાન 4 પોઈન્ટ્સ સાથે નંબર-1 પર છે.

• શ્રીલંકાને હરાવી ચૂક્યું છે નામિબિયા નામિબિયાએ T20 વર્લ્ડ કપમાં 16 મેચ રમી છે. 4માં ટીમને જીત અને 11માં હાર મળી. એક મેચ ટાઈ પણ રહી. 2022માં ટીમ શ્રીલંકાને પણ હરાવી ચૂકી છે. વર્લ્ડ કપમાં નામિબિયાએ એકવાર ભારતનો સામનો પણ કર્યો, પરંતુ 2021માં ટીમને હાર મળી હતી.

• કેપ્ટન સૂર્યા ફોર્મમાં, અભિષેક બીમાર નામિબિયા સામેની મેચ પહેલાં ભારતને મોટો ઝટકો લાગ્યો. ઓપનર અભિષેક શર્મા બીમાર છે, તેનું આજની મેચમાં રમવું મુશ્કેલ છે. અભિષેકની જગ્યાએ વિકેટકીપર સંજુ સેમસનને તક મળી શકે છે. તેની સાથે હવે કોણ ઓપનિંગમાં આવશે, એ જોવાનું રહેશે, કારણ કે ઈશાન કિશનને પણ નેટ્સમાં ઈજા થઈ હતી. બીજી તરફ, કેપ્ટન સૂર્યકુમાર યાદવ અમેરિકા સામે 84 રન બનાવીને પોતાનો ફોર્મ સાબિત કરી ચૂક્યો છે. • USA સામે મોહમ્મદ સિરાજે નવા બોલથી શાનદાર બોલિંગ કરતાં મેચમાં 3 વિકેટ પોતાના નામે કરી હતી. ત્યારે અર્શદીપ સિંહને 2 વિકેટ મળી હતી. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઈજામાંથી રિકવર થયા બાદ આજે કમબેક કરશે.

# ચાલુ મેચમાં અમ્પાયર સાથે માથાકૂટ કરવી ભારે પડી! ICCએ સ્ટાર ખેલાડીને ફટકાર્યો દંડ

સ્પોર્ટ્સ ડેસ્ક | નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલા T20 વર્લ્ડ કપ 2026ના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં સાઉથ આફ્રિકા સામે હાર્યા બાદ અફઘાનિસ્તાનની મુશ્કેલીઓ વધી છે. એક તરફ અફઘાની ટીમ વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાંથી બહાર થવાની અણી પર છે, તો બીજી તરફ ટીમના સિનિયર ઓલરાઉન્ડર મોહમ્મદ નબી પર ICCએ શિસ્તભંગ બદલ દંડ ફટકાર્યો છે.

આ ઘટના અફઘાનિસ્તાનની ઈનિંગની 14મી ઓવર દરમિયાન બની હતી. દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર લુંગી એન્ગિડીએ હાથમાં પહેરેલા રિસ્ટબેન્ડ (કાંડા પરના બેન્ડ) ને લઈને મોહમ્મદ નબીએ વાંધો ઉઠાવ્યો હતો. આ મુદ્દે નબીએ અમ્પાયરો સાથે લાંબી દલીલબાજી કરી હતી, જેને ICCએ અમ્પાયરના નિર્દેશોનું ઉલ્લંઘન માન્યું છે. મોહમ્મદ નબીને ICC આચાર સંહિતાના લેવલ-1 ના ઉલ્લંઘન માટે દોષી ઠેરવવામાં આવ્યા છે અને તેમની મેચ ફીના 15 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. નબીના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. છેલ્લા 24 મહિનામાં નબીનો આ પ્રથમ ગુનો છે.



## શ્રીલંકાની બીજી સૌથી મોટી જીત

## ઓમાનને 105 રનથી હરાવ્યું, મેન્ડિસ, રત્નાયકે અને શનાકાની ફિફ્ટી; ચમીરા-થિક્સાનાને 2-2 વિકેટ મળી

સ્પોર્ટ્સ ડેસ્ક | શ્રીલંકાની ટીમે T20 વર્લ્ડ કપમાં સતત બીજી મેચ જીતી લીધી છે. ટીમે ગુરુવારની પ્રથમ મેચમાં ઓમાનને 105 રનથી હરાવ્યું. આ શ્રીલંકાની T20 ઈન્ટરનેશનલમાં રનના હિસાબે બીજી સૌથી મોટી જીત છે. કેન્ડીના પલ્લેકેલે ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ગ્રુપ-Bની આ મેચમાં ઓમાને ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. શ્રીલંકાએ 20 ઓવરમાં 5 વિકેટે 225 રન બનાવ્યા.

જવાબમાં ઓમાનની ટીમ 20 ઓવરમાં 9 વિકેટે 120 રન જ બનાવી શકી. મોહમ્મદ નદીમે 53 રનની ઈનિંગ રમી. વસીમ અલીએ 27 રન બનાવ્યા. દુષ્મંથા ચમીરા અને મહીશ થિક્સાનાએ 2-2 વિકેટ ઝડપી. દુનિથ વેલ્લાલાગે, દુશાન હેમંથા અને કામિન્દુ મેન્ડિસને 1-1 વિકેટ મળી. વિનાયક શુક્લા અને સુફિયાન મહમૂદ રન આઉટ થયા.

આ પહેલાં, શ્રીલંકા તરફથી કુસલ મેન્ડિસ (61), પવન રત્નાયકે (60) અને દાસુન શનાકા (50)એ હાફ સેન્ચુરી ફટકારી. શનાકાએ 19 બોલમાં ફિફ્ટી ફટકારી. તે શ્રીલંકા માટે T20માં સૌથી ઝડપી ફિફ્ટી લગાવનાર ખેલાડી બની ગયો. ઓમાન માટે જીતેન રામાનંદીએ 2 વિકેટ લીધી. જય ઓડેદરા અને સુફિયાન મહમૂદને 1-1 વિકેટ મળી. કુસલ મેન્ડિસ રન આઉટ થયો.

### બંને ટીમોની પ્લેઈંગ-11

શ્રીલંકા (SL): દાસુન શનાકા (કેપ્ટન), પથુમ નિસાંકા, કામિલ મિશારા, કુસલ મેન્ડિસ (વિકેટકીપર), પવન રત્નાયકે, કામિન્દુ મેન્ડિસ, દુનિત વેલ્લાલાગે, દુશાન હેમંથા, દુષ્મંથા ચમીરા, મહીશ થિક્સાના અને મથીશ પથિરાના.

ઓમાન (OMAN): જતિન્દર સિંહ (કેપ્ટન), આમિર કલીમ, હમ્માદ મિર્ઝા, વસીમ અલી, મોહમ્મદ નદીમ, જીતેન રામાનંદી, વિનાયક શુક્લા (વિકેટકીપર), સુફિયાન મહમૂદ, નદીમ ખાન, શાહ ફૈઝલ, જય ઓડેદરા.

# વેસ્ટ ઈન્ડિઝની સતત બીજી જીત, ઈંગ્લેન્ડ 30 રનથી હાર્યું



## ગુડાકેશ મોતીએ 3 વિકેટ ઝડપી; રધરફોર્ડે અણનમ 76 રન બનાવ્યા 197 રનના ટાર્ગેટનો પીછો કરી રહેલી ટીમ 18.5 ઓવરમાં 166 રન બનાવીને ઓલઆઉટ થઈ

મુંબઈ | વેસ્ટ ઈન્ડિઝે T-20 વર્લ્ડ કપમાં સતત બીજી જીત મેળવી છે. ટીમે ગ્રુપ Cની મેચમાં ઈંગ્લેન્ડને 30 રનથી હરાવ્યું. કેરેબિયન ટીમ આ ટુર્નામેન્ટમાં 10 વર્ષ પછી ઈંગ્લેન્ડને હરાવી શકી છે. તેને છેલ્લી જીત 2016ના વર્લ્ડ કપની ફાઈનલમાં મળી હતી. જ્યારે કાર્લોસ બ્રેથવેટે બેન સ્ટોક્સની છેલ્લી ઓવરમાં સતત 4 છગ્ગા મારીને જીત અપાવી હતી.

બુધવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં 197 રનના ટાર્ગેટનો પીછો કરી રહેલી ઈંગ્લિશ ટીમ 18.5 ઓવરમાં 166 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. સેમ કરને અણનમ 43 રન બનાવ્યા. જેકબ બેથેલે 33 રન અને ફિલ સોલ્ટે 30 રન બનાવ્યા. ગુડાકેશ મોતીએ 3 વિકેટ ઝડપી. રોસ્ટન ચેઝને બે વિકેટ મળી. અકીલ હુસૈન, રોમારિયો શેફર્ડ અને શમાર જોસેફને એક-એક વિકેટ મળી. 2 બેટર રનઆઉટ થયા.

ટોસ હારીને બેટિંગ કરી રહેલા વેસ્ટ ઈન્ડિઝે 6 વિકેટ ગુમાવીને 196 રન બનાવ્યા. શેરફન રધરફોર્ડે 7 છગ્ગા ફટકારીને 76 રન બનાવ્યા. આદિલ રશીદ અને જેમી ઓવરટને 2-2 વિકેટ લીધી. જોફ્રા આર્ચર અને સેમ કરનને એક-એક વિકેટ મળી.

# IND vs NAM મેચ પહેલાં વિવાદ...



## નામિબિયાએ કહ્યું- ફ્લડલાઈટમાં પ્રેક્ટિસ ન મળી; ICCએ કહ્યું-સમય બદલવાની વિનંતી મોડી મળી

દિલ્હી | T20 વર્લ્ડ કપ 2026 માં આજે (ગુરુવાર) ભારત અને નામિબિયા વચ્ચે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં મુકાબલો રમાશે. આ મેચ પહેલા નામિબિયાના કેપ્ટન જેરાર્ડ ઈરાસ્મસે પ્રેક્ટિસ સેશનના સમયને લઈને નારાજગી વ્યક્ત કરી છે.

હકીકતમાં, ભારત સામે રમાનારી આ મેચ ડે-નાઈટ છે, પરંતુ નામિબિયાને તેના માટે રાત્રે પ્રેક્ટિસ કરવાની તક મળી નથી. તેમને બપોરે ટ્રેનિંગ કરવી પડી.

આશ્ચર્યની વાત એ રહી કે જ્યારે નામિબિયાની ટીમ બપોરે પ્રેક્ટિસ કરીને જઈ રહી હતી, ત્યારે ભારતીય ટીમ સાથે કેનેડાની ટીમ ફ્લડલાઈટ્સમાં ટ્રેનિંગ લેવા પહોંચી. તમને જણાવી દઈએ કે કેનેડાની આગામી મેચ શુક્રવારે UAE સામે બપોરે 3 વાગ્યે છે.

નામિબિયાના કેપ્ટને કહ્યું- અમારા દેશમાં લાઈટ્સ નથી, આ એક મોટો પડકાર છે મેચની પૂર્વ સંધ્યાએ જેરાર્ડ ઈરાસ્મસે પોતાની મુશ્કેલીઓ શેર કરતા કહ્યું, 'નામિબિયામાં અમારી પાસે ફ્લડલાઈટ્સવાળું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. જે ખેલાડીઓ વિદેશી લીગ કે છેલ્લો વર્લ્ડ કપ રમ્યા છે, તેમના સિવાય કોઈને રાત્રે રમવાની આદત નથી. અમને ભારત સામેની મેચ પહેલા રાત્રે ટ્રેનિંગ કરવાનો સમય આપવામાં આવ્યો નથી. મને ખબર નથી કે આવું શા માટે થયું, જ્યારે ભારત અને કેનેડા બંનેને રાત્રિ સત્રો મળ્યા છે. હવે અમે ફક્ત મેદાન પર ઉતરીશું અને લડીશું.'

ICCનો જવાબ: નામિબિયાએ સમય બદલવા માટે મોડી વિનંતી કરી આ વિવાદ પર (ICC)ના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું, 'બધી ટીમોને ટ્રેનિંગનું શિડ્યૂલ 27 જાન્યુઆરીએ જ મોકલી દેવામાં આવ્યું હતું. સમયમાં ફેરફારની વિનંતીને અમે શક્ય હોય ત્યાં સુધી સ્વીકારીએ છીએ. નામિબિયાએ 10 ફેબ્રુઆરીની રાત્રે સમય બદલવા માટે કહ્યું, જે ખૂબ મોડી મળેલી વિનંતી હતી. આ જ કારણોસર શિડ્યૂલમાં ફેરફાર કરી શકાયો નહીં.'

કોચને રાત્રે પ્રેક્ટિસ મળવાનો ભરોસો હતો નામિબિયાના કોચ ક્રેગ વિલિયમ્સ પણ છેલ્લી મેચ પછી આ વાતને લઈને આશ્વસ્ત હતા કે તેમને ભારત સામેની મેચ પહેલા રાત્રે પ્રેક્ટિસ કરવાનો મોકો મળશે. તેણે મંગળવારે કહ્યું હતું કે લાઈટ્સમાં રમવું અમારા માટે હંમેશા પડકારજનક હોય છે કારણ કે અમે તેનાથી ટેવાયેલા નથી, તેથી અમે આ નાઈટ સેશનનો પૂરો ફાયદો ઉઠાવવા માંગીએ છીએ. જોકે, ICC તરફથી પરવાનગી ન મળવાને કારણે કોચની આ યોજના નિષ્ફળ ગઈ.

નેધરલેન્ડ્સ સામે હાર્યા બાદ વાપસીનો પ્રયાસ નામિબિયા તેની પ્રથમ મેચ નેધરલેન્ડ્સ સામે હારી ગયું હતું. હવે વિશ્વની નંબર-1 T20 ટીમ ભારત સામે તેમની રાહ વધુ મુશ્કેલ બનવાની છે. લાઈટ્સ વિના પ્રેક્ટિસ કર્યા વિના દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ભારતીય બોલરો અને ઝાકળનો સામનો કરવો નામિબિયાના બેટર્સની માટે મોટી કસોટી હશે.

# T20 કે IPL નહીં... વનડે વર્લ્ડકપ જ સર્વોચ્ચ!

## રોહિત શર્માએ 2027માં ભારતને ચેમ્પિયન બનાવવા લીધો સંકલ્પ

ટીમ ઈન્ડિયાને T20 વર્લ્ડ કપ 2024 અને ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં વિજય અપાવનાર રોહિત શર્માને વનડે વર્લ્ડ કપ 2023ની ફાઈનલમાં હારવાનું દુ:ખ હજું પણ છે. અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાના હાથે મળેલી હારથી તે ટ્રોફી તેના માટે અધૂરા સ્વપ્ન સમાન બની ગઈ છે. હવે રોહિત ખુલ્લેઆમ કહી રહ્યો છે કે, તેનું આગામી લક્ષ્ય માત્ર રમવાનું નથી, પણ જીતવાનું છે. રોહિતે 2027માં ભારતને ચેમ્પિયન બનાવવાનો સંકલ્પ લીધો છે.

ICCના એક કાર્યક્રમમાં રોહિતે સ્પષ્ટ કરી દીધું છે કે, '2027 મારા કરિયરનું મોટું મિશન હશે. હું 50 ઓવરનો વર્લ્ડ કપ જોઈને મોટો થયો છું. તે જ સૌથી મોટો મંચ હતો.

મને ખરેખર તે ટ્રોફી જોઈએ છે અને હું તેના માટે સંપૂર્ણ તાકાત લગાવી દઈશ. હું ત્યાં જઈને મારા દેશ માટે વર્લ્ડ કપ જીતવા માંગુ છું.' રોહિત શર્માનું આ નિવેદન દર્શાવે છે કે તેના માટે આ માત્ર એક ટુર્નામેન્ટ નથી, પરંતુ એક અધૂરી કહાનીનો બીજો અધ્યાય છે.

T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધા બાદ ઘણા લોકોએ માની લીધું હતું કે, 2027 સુધી રોહિતની સફર મુશ્કેલ હશે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓમાં તેણે પોતાની ફિટનેસ પર શાનદાર કામ કર્યું, વજન ઘટાડ્યું અને નવી એનર્જી સાથે મેદાનમાં પરત ફર્યો. ભલે તેણે ન્યૂઝીલેન્ડ સામે રન ન બનાવ્યા હોય, પરંતુ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સામેની તેની બેટિંગે તેને ફરીથી યાદ અપાવ્યું કે મોટા મંચનો ખેલાડી હજુ પણ જીવંત છે.

રોહિત માત્ર ઈરાદાથી જ નહીં પણ આંકડાથી પણ દમદાર છે. તેણે 282 વનડેમાં 11,577 રન બનાવ્યા છે અને તેમાં 33 સદી અને 61 અડધી સદી સામેલ છે. આ આંકડા જણાવે છે કે શા માટે તેની ગણતરી વિશ્વના સૌથી ખતરનાક ઓપનરોમાં થાય છે.



# સાંસદોની ધબધબાટી: તુર્કીની સંસદમાં જ એકબીજા પર તૂટી પડ્યા

(એજન્સી) તુર્કીતા | 12

તુર્કીની સંસદમાં બુધવારે એટલે કે 11 ફેબ્રુઆરીના રોજ હોબાળો મચી ગયો. કેબિનેટ ફેરબદલ વચ્ચે ન્યાય મંત્રાલયમાં એક વિવાદાસ્પદ ચહેરાની નિમણૂકને લઈને સત્તાપક્ષ અને વિપક્ષના સાંસદો સામસામે આવી ગયા. અહીં માનનીય સાંસદોએ એવું બધું જ કર્યું, જેની તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવતી નથી. સોશિયલ મીડિયા પર અત્યારે તેજીથી વાઈરલ થઈ રહેલા વીડિયોમાં બંને પક્ષના સાંસદો એકબીજાને મુક્કા અને લાત મારતા જોવા મળી રહ્યા છે. અહીં નોંધવા જેવી વાત એ હતી કે હિંસા પર માત્ર થોડા સાંસદો જ ઊતર્યા નહોતા, પરંતુ સાંસદોનું ટોળું એમાં સામેલ હતું.



સાંસદોને નાનીમોટી ઈજાઓ પહોંચી આ મારામારી દરમિયાન વિપક્ષી પાર્ટી (CHP)ના એક સાંસદના નાકમાં ઈજા થવાને કારણે લોહી પણ નીકળ્યું હતું. કેટલાકને નાનીમોટી ઈજાઓ પહોંચી હતી. હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી 15 મિનિટ માટે સ્થગિત કરવી પડી હતી, જોકે બાદમાં ભારે વિરોધ વચ્ચે પણ અકિન ગુરલેકે શપથ લીધા હતા. સંસદમાં કેમ થયો હોબાળો? ખરેખર વિપક્ષી સાંસદોએ ઈસ્તંબુલના ચીફ પ્રોસિક્યુટર અકિન ગુરલેકને સંસદમાં નવા ન્યાયમંત્રી તરીકે શપથ લેતાં રોકવાનો પ્રયાસ કર્યો હતો. અકિન ગુરલેકની નિમણૂક તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન દ્વારા નવા ન્યાયમંત્રી તરીકે કરવામાં આવી છે. આ જ વાત પર ગુસ્સો વધતો ગયો અને મામલો હિંસા સુધી પહોંચી ગયો. સાંસદો એકબીજાને ધક્કા અને લાત-ઘૂંસા મારતા જોવા મળ્યા હતા.

વિપક્ષ લાલચોળ થયો ઈસ્તંબુલના ચીફ પ્રોસિક્યુટર તરીકે ગુરલેકે મુખ્ય વિરોધપક્ષ, રિપબ્લિકન પીપલ્સ પાર્ટી (CHP)ના અનેક સભ્યો વિરુદ્ધ હાઇ પ્રોફાઈલ ટ્રાયલની અધ્યક્ષતા કરી હતી. તુર્કીના વિપક્ષ દ્વારા લાંબા સમયથી આ ટ્રાયલ્સને રાજકીય રીતે પ્રેરિત ગણાવવામાં આવી છે. હવે તે જ અકિન ગુરલેક ન્યાયમંત્રી તરીકે શપથ લઈ રહ્યા હતા, જેના કારણે વિપક્ષ લાલચોળ છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ એર્દોગને પૂર્વી પ્રાંત એર્ઝુરમના ગવર્નર મુસ્તફા સિફ્ટસીને દેશના નવા ગૃહમંત્રી તરીકે પણ નામાંકિત કર્યા છે.

ભ્રષ્ટાચારની તપાસમાં ધરપકડ જણાવી દઈએ કે વિપક્ષી દળ, રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના નિયંત્રણ હેઠળની નગરપાલિકાઓના સેંકડો અધિકારીઓની ભ્રષ્ટાચારની તપાસમાં ધરપકડ કરવામાં આવી છે. એમાં ઈસ્તંબુલના મેયર એકરેમ ઈમામોગ્લુ પણ સામેલ હતા, જેમને વ્યાપકપણે એર્દોગનના મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે જોવામાં આવે છે, જેમની ગયા વર્ષે ધરપકડ કરવામાં આવી હતી. સરકારનું કહેવું છે કે ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

મંત્રાલયમાં હવે ફેરફાર શા માટે? મંત્રાલયમાં હવે ફેરફાર શા માટે કરવામાં આવી રહ્યો છે, એના માટે કોઈ સત્તાવાર કારણ જણાવવામાં આવ્યું નથી, જોકે સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા સત્તાવાર રાજપત્રમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન મંત્રીઓએ પોતાની ફરજોમાંથી મુક્ત થવા માટે વિનંતી કરાઈ હતી. તુર્કીમાં આ નવી અને વિવાદાસ્પદ નિમણૂકો એવા સમયે થઈ છે, જ્યારે તુર્કી સંભવિત બંધારણીય સુધારાઓ પર ચર્ચા કરી રહ્યું છે અને દાયકાઓથી ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના ઉદ્દેશ સાથે કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટી અથવા PKK સાથે શાંતિ પહેલ કરી રહ્યું છે.



# આરોપ- ઈઝરાયલે ગાઝામાં પ્રતિબંધિત વેક્યૂમ બોમ્બ ફેંક્યા

### એનાથી તાપમાન 3,500 ડિગ્રી પર પહોંચ્યું, હજારો લોકો વરાળ બનીને ગાયબ થઈ ગયા

વોશિંગ્ટન ડીસી | ઈઝરાયલ પર ગાઝામાં 'વેક્યૂમ બોમ્બ'નો ઉપયોગ કરવાનો આરોપ લાગ્યો છે. 'ધ રેસ્ટ ઓફ ધ સ્ટોરી' નામના અહેવાલ મુજબ, આ બોમ્બ પહેલા હવામાં બળતણ જેવાં વાદળ ફેલાવે છે અને પછી એમાં આગ લગાડી દે છે. આનાથી આગનો એક વિશાળ ગોળો બને છે અને આસપાસની હવા ખેંચાઈ જવાને કારણે એક પ્રકારનું શૂન્યાવકાશ (વેક્યૂમ) સર્જાય છે.

આ ધડાકાઓને કારણે તાપમાન 3,500 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે. આ બોમ્બમાં એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ જેવાં તત્ત્વો હોય છે, જે ગણતરીની સેકન્ડોમાં શરીરને બાળી નાખે છે. લશ્કરી નિષ્ણાતો અને પ્રત્યક્ષદર્શીઓનું પણ કહેવું છે કે ઈઝરાયલે ત્યાં એવાં હથિયારોનો ઉપયોગ કર્યો છે, જેને 'વેક્યૂમ બોમ્બ', 'થર્મલ' અથવા 'થર્મોબેરિક' બોમ્બ કહેવામાં આવે છે.

અહેવાલ મુજબ, હુમલામાં માર્યા ગયેલા ઘણા લોકોના મૃતદેહ પણ મળ્યા નથી. ગાઝાની સિવિલ ડિફેન્સ ટીમે આવા 2,842 પેલેસ્ટાઈનીનો રેકોર્ડ નોંધ્યો છે, જેમના વિશે કહેવામાં આવ્યું છે કે દફનાવવા માટે તેમનો કોઈ અંશ પણ બચ્યો નથી, જ્યારે 3,500થી વધુ લોકો હજુ પણ ગુમ છે.

અત્યારે ગાઝામાં ઔપચારિક સીઝફાયર લાગુ છે અને સમજૂતીના 100 દિવસ પૂરા થયા બાદ એ બીજા તબક્કામાં પહોંચી ચૂક્યું છે, પરંતુ તણાવ હજુ પણ યથાવત્ છે. 10 ઓક્ટોબર 2025થી અત્યારસુધીમાં 500થી વધુ પેલેસ્ટાઈનીઓનાં મોત થયાંના સમાચાર આવ્યા છે.

એક માતા, યાસમીન મહાનીએ પોતાની આપવીતી જણાવી. 10 ઓગસ્ટ 2024ના રોજ ગાઝા સિટીની અલ-તબીન સ્કૂલ પર થયેલા હુમલા બાદ તે પોતાના પુત્ર સાદને શોધી રહી હતી. તેને ત્યાં તેના પતિ તો મળી ગયા, પરંતુ પુત્રનો કોઈ પત્તો મળ્યો નહીં. તેણે જણાવ્યું કે મસ્જિદમાં તેને જમીન પર માંસ અને લોહી પડેલું મળ્યું, પરંતુ દફનાવવા માટે પુત્રનો કોઈ અંશ પણ મળ્યો નહીં.

અલ જઝીરાના અહેવાલ મુજબ, યાસમીન જેવી હજારો માતાઓ આજે પણ પોતાનાં બાળકોને હોસ્પિટલો અને શબઘરોમાં શોધી રહી છે. આ યુદ્ધમાં મરનારાઓની સંખ્યા 72,000થી વધુ બતાવવામાં આવી રહી છે. માનવાધિકાર સંગઠનોએ ઈઝરાયલ પર યુદ્ધ અપરાધોના આરોપ લગાવ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે આવા બોમ્બનો ઉપયોગ ગીચ વસતિવાળા વિસ્તારોમાં કરવો એ ખૂબ જ ગંભીર બાબત છે.

## ન્યૂઝ બ્રીફ

### રશિયામાં ડિજિટલ ઈમરજન્સી, વોટ્સએપ, યુટ્યુબ અને ફેસબુક સંપૂર્ણપણે ઠપ્પ




રશિયા | રશિયામાં સોશિયલ મીડિયા પર અંકુશ લાદવામાં આવ્યો. તાજેતરના અહેવાલો મુજબ, વોટ્સએપ, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા અગ્રણી આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ્સ પર રશિયામાં સરકારી અંકુશ અત્યંત કડક બન્યો છે. અગાઉ આ સાઈટ્સ પર હળવા નિયંત્રણો લાગુ કરાયા હતા, પરંતુ હવે તેને રશિયાના નેશનલ ડોમેન નેમ સિસ્ટમ (DNS) માંથી જ હટાવી દેવામાં આવ્યા છે. રશિયન સરકાર દ્વારા સોશિયલ મીડિયા પર નિયંત્રણ બાદ વોટ્સએપ, યુટ્યુબ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામના વપરાશકર્તા અને બીબીસી (BBC), ડોઈશ વેલે (DW), રેડિયો ફ્રી યુરોપ જેવા આંતરરાષ્ટ્રીય મીડિયાને અસર થશે. સોશિયલ મીડિયા પર નિયંત્રણ ઉપરાંત પ્રાઈવસી ટૂલ્સ એટલે કે અનામી બ્રાઉઝિંગ માટે જાણીતું 'ટોર' (Tor) બ્રાઉઝર પણ બ્લોક કરવામાં આવ્યું છે.

### જેલમાં કામ કરવા માટે અપાઈ છે તારીખો, પાકિસ્તાનના ભૂતપૂર્વ PMની દિનચર્યા વિશે જાણો

કરાંચી | ઈમરાન ખાનની જમણી આંખમાં દ્રષ્ટિ ગુમાવવાની ફરિયાદો બાદ, કોર્ટે તબીબ અને પરિવાર સાથે મુલાકાતની વ્યવસ્થા કરવા જણાવ્યુ છે.પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના આદેશ પર બેરિસ્ટર સલમાન સફદર જેલમાં ઈમરાન ખાનને મળ્યા અને તેમની સ્થિતિ અંગે એક રિપોર્ટ તૈયાર કર્યો હતો. રિપોર્ટની સમીક્ષા કર્યા પછી, સુપ્રીમ કોર્ટે સરકારને 16 ફેબ્રુઆરી પહેલા નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા તેમની આંખોની તપાસ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. રિપોર્ટ મુજબ, ઈમરાન ખાન છેલ્લા ત્રણ મહિનાથી દ્રષ્ટિ ગુમાવવાની ફરિયાદ કરી રહ્યા હતા. તેમની જમણી આંખની દ્રષ્ટિ ધીમે ધીમે નોંધપાત્ર રીતે બગડતી ગઈ, અને હવે તે ફક્ત 15% પર જ કામ કરી રહી છે.

### 'ટેકનોલોજીને અપનાવો અથવા ગૌરવ સાથે છોડી દો' Googleએ AI અંગે કર્મચારીઓને અલ્ટીમેટમ આપ્યું



વોશિંગ્ટન | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના વધતા પ્રભાવ વચ્ચે ગૂગલે તેના ગ્લોબલ બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GBO) વિભાગમાં કાર્યરત કર્મચારીઓ માટે સ્વૈચ્છિક એક્ઝિટ પેકેજ (VEP)ની જાહેરાત કરી છે. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે હવે તેનું મુખ્ય ધ્યાન 'AI-first' મિશન પર છે અને ભવિષ્યમાં તેવા જ કર્મચારીઓ સાથે આગળ વધશે જે આ દિશામાં સંપૂર્ણ રીતે જોડાયેલા રહેવા તૈયાર છે.ગૂગલના ચીફ બિઝનેસ ઓફિસર ફિલિપ ચૅન્ડલરે આંતરિક મેમો દ્વારા કર્મચારીઓને સંદેશ આપ્યો હતો. તેમણે લખ્યું કે ટેક દુનિયા ઝડપથી બદલાઈ રહી છે, સ્પર્ધા કઠિન બની રહી છે અને કંપની માટે આ સમય અત્યંત મહત્વનો છે. તેમણે કર્મચારીઓને AI ટેક્નોલોજી સ્વીકારીને વધુ અસરકારક બનવા પ્રોત્સાહિત કર્યા.આ પહેલ એક વર્ષમાં ત્રીજી વાર કરવામાં આવી છે.

### બે મતદાન કેન્દ્રોની બહાર બોમ્બ વિસ્ફોટ, થોડા સમય માટે મતદાન અટક્યું; અત્યાર સુધી 33% વોટિંગ

# ચૂંટણી: અથડામણમાં BNP કાર્યકરનું મોત

ઢાકા | બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણી માટે મતદાન ચાલુ છે. આ દરમિયાન ખુલનામાં એક મતદાન કેન્દ્રની બહાર જમાત-એ-ઈસ્લામીના કાર્યકરો સાથેની અથડામણમાં એક BNP નેતા મોહિબુજ્જમાન કોચ્ચીનું મોત થયું હતું.

BNPનું કહેવું છે કે તેમનું મૃત્યુ ત્યારે થયું જ્યારે જમાતના એક નેતાએ તેમને ધક્કો માર્યો, જેના કારણે તેઓ ઝાડ સાથે અથડાયા. બીજી તરફ, જમાત નેતાનો દાવો છે કે મોહિબુજ્જમાન હંગામા દરમિયાન ઢળી પડ્યા હતા અને તેમને હાર્ટ-એટેક આવ્યો હતો, જેના કારણે તેમનું મોત થયું હતું. બીજી બાજુ બાંગ્લાદેશના મુન્શીગંજ-3 અને ગોપાલગંજ સદર વિસ્તારમાં મતદાન કેન્દ્રની બહાર દેશી બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. મુન્શીગંજ-3માં વિસ્ફોટ બાદ થોડીવાર માટે મતદાન રોકી દેવામાં આવ્યું હતું, જે હવે ફરી શરૂ થઈ ગયું છે. જ્યારે ગોપાલગંજ સદર વિસ્તારમાં થયેલા વિસ્ફોટમાં બે અંસાર જવાન (અર્ધલશ્કરી દળ) અને એક 14 વર્ષની છોકરી ઘાયલ થયા છે.

બાંગ્લાદેશમાં આશરે 12.7 કરોડ મતદારો આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ ચૂંટણીમાં યુવાનોની ભૂમિકા અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે, કારણ કે લગભગ અડધા મતદારો 18 થી 37 વર્ષની વયના છે. આમાં આશરે 45.7 લાખ મતદારો પ્રથમ વખત વોટ આપશે.

બાંગ્લાદેશના કિશોરગંજ જિલ્લાના ભૈરબમાં પોલીસથી ભાગતી વખતે 55 વર્ષીય રઝાક મિયાંનું મોત થયું હતું. આ ઘટના ગુરુવારે સવારે 11:30 વાગ્યે બની હતી, એમ પ્રોથોમ આલોના અહેવાલમાં જણાવાયું છે. પરિવારના જણાવ્યા મુજબ, તે નાસ્તો કર્યા પછી ઘરેથી એમ કહીને નીકળ્યા હતા કે તે મતદાન કરવા જઈ રહ્યા છે. પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે તેણે સવારે 11 વાગ્યાની આસપાસ મતદાન મથક પર મતદાન કર્યું અને ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારબાદ તે મતદાન મથકની નજીક આવેલા આગાનગર યુનિયન પરિષદ (યુપી)ના વોર્ડ નંબર 2ના ભૂતપૂર્વ સભ્ય ખૈરુલ ઈસ્લામના ઘરે રોકાયા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સવારે 11:30 વાગ્યાની આસપાસ પોલીસનું વાહન ઘટનાસ્થળે પહોંચ્યું. પોલીસ અધિકારીઓ વાહનમાંથી બહાર નીકળ્યા અને સેન્ટરની બહાર રહેલા લોકોને હટાવવાનું શરૂ કર્યું. એવો આરોપ છે કે તેઓએ કેટલાક લોકો પર લાઠીચાર્જ કર્યો હતો.

આ દરમિયાન, રઝાક મિયાં મતદાન મથક પરિસરમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેઓ અચાનક પડી ગયા. તેમને આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.



### BNP મહામંત્રીએ કહ્યું કે દેશભરમાં શાંતિપૂર્ણ મતદાન

બાંગ્લાદેશમાં મતદાન ચાલુ હોવાથી, BNP મહામંત્રી મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીરે દાવો કર્યો છે કે દેશભરમાં મતદાન નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે થઈ રહ્યું છે. બીબીસી બાંગ્લા સાથે વાત કરતા, આલમગીરે કહ્યું કે પરિસ્થિતિ સામાન્ય છે અને લોકો ઉત્સાહથી મતદાન કરી રહ્યા છે.

પોતાના મતવિસ્તાર ઠાકુરગાંવનો ઉલ્લેખ કરતા તેમણે દાવો કર્યો કે લોકો ઉત્સવના વાતાવરણમાં મતદાન કરી રહ્યા હતા.

તેમના અંદાજ મુજબ, બપોરે 2 વાગ્યા બાંગ્લાદેશના મૌલવીબજાર જિલ્લામાં મતદાનના એક દિવસ પહેલા 28 વર્ષીય હિન્દુ પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. રતન સાહુકાર તરીકે ઓળખાતા યુવકના શરીર પર અનેક ઈજાઓ હતી અને તેના હાથ-પગ બાંધેલા હતા.

પોલીસે બુધવારે ઢાકાથી લગભગ 200 કિલોમીટર દૂર કમલગંજ સબડિસ્ટ્રિક્ટના ચંપારા ચાના બગીચામાંથી મૃતદેહ મળ્યો હતો. સ્થાનિક લોકોએ સવારે 10 વાગ્યાની આસપાસ મૃતદેહ જોયો અને પોલીસને જાણ કરી. શરીર પર ઊંડા ઘા અને લોહીના ડાઘ હતા, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે હત્યા નિર્દયતાથી કરવામાં આવી હતી.

રતન ચાના બગીચામાં મજૂરી કામ કરતો હતો. તેના પરિવારના જણાવ્યા મુજબ, તે ગઈ રાતથી ગુમ હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બે દિવસમાં હિન્દુ વ્યક્તિની આ બીજી હત્યા છે. આનાથી ચૂંટણીની મોસમ દરમિયાન લઘુમતી સમુદાયમાં ભય અને ચિંતા વધી ગઈ છે.

પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે. હત્યા શા માટે કરવામાં આવી તે હજુ સુધી સ્પષ્ટ નથી. ચૂંટણી સાથે તેને જોડતા કોઈ ચોક્કસ પુરાવા નથી, પરંતુ સ્થાનિક લોકો તેને ચૂંટણી સાથે જોડીને જોઈ રહ્યા છે.

# અમેરિકાની પોલીસે ભારતીય યુવતીના મોત બાદ ઉડાવી મજાક, પરિવારને અપાશે વળતર

(એજન્સી) વોશિંગ્ટન ડીસી |તા. 12

અમેરિકામાં સિએટલપોલીસની કારની ટક્કરે જીવ ગુમાવનારી ભારતીય વિદ્યાર્થિની જાહ્નવી કંડુલાના પરિવારને ન્યાય મળ્યો છે. વર્ષ 2023માં બનેલી આ કરૂણ ઘટનામાં અમેરિકન સરકારે પરિવારને આશરે 262 કરોડ (3.1 કરોડ ડોલર)નું વળતર આપવાની ઓફર કરી છે.

ભારતની 23 વર્ષીય જાહ્નવી કંડુલા સીએટલની નોર્થઈસ્ટર્ન યુનિવર્સિટીમાં ઈન્ફોર્મેશન સિસ્ટમ્સમાં માસ્ટર્સ કરી રહી હતી. જાન્યુઆરી 2023માં જ્યારે તે રોડ ક્રોસ કરી રહી હતી, ત્યારે ડ્રગ ઓવરડોઝના કોલ પર જઈ રહેલા પોલીસ ઓફિસર કેવિન ડેવે તેને જોરદાર ટક્કર મારી હતી, જેમાં તેનું મોત નીપજ્યું હતું. તપાસમાં બહાર આવ્યું હતું કે ઓફિસર નિર્ધારિત સ્પીડ લિમિટ કરતા ત્રણ ગણી વધુ ઝડપે કાર ચલાવી રહ્યો હતો.

આ કેસ ત્યારે વધુ ચર્ચામાં આવ્યો જ્યારે અન્ય એક પોલીસ ઓફિસર ડેનિયલ ઓડરરની બોડી કેમેરા રેકોર્ડિંગ સામે આવી હતી. આ રેકોર્ડિંગમાં ઓફિસર હસતા હસતા જાહ્નવીના જીવનની કિંમતને 'લિમિટેડ વેલ્યુ' કહી રહ્યો હતો અને પ્રશાસનને 'માત્ર એક ચેક લખી આપવા'ની સલાહ આપી રહ્યો હતો. આ ટિપ્પણીથી ભારત સહિત સમગ્ર વિશ્વમાં રોષ ફાટી નીકળ્યો હતો અને ભારતીય રાજદ્વારીઓએ કડક તપાસની માંગ કરી હતી.

કિંગ કાઉન્ટી સુપિરિયર કોર્ટમાં દાખલ કરાયેલા કરાર મુજબ, સિએટલશહેર વહીવટીતંત્ર આ આર્થિક વળતર આપવા સંમત થયું છે. શહેરના એટર્ની એરિકા ઈવાન્સે જણાવ્યું હતું કે જાહ્નવીનું મોત હૃદયદ્રાવક હતું અને આ વળતરથી પરિવારને કંઈક અંશે રાહત મળશે તેવી આશા છે. આ મામલે જવાબદાર ઓફિસરને અગાઉ નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો.

# કેનેડાની શાળામાં ગોળીબાર, શૂટર સહિત 9 લોકોનાં મોત:25 ઘાયલ, સ્કૂલમાં 175 વિદ્યાર્થીઓ હાજર હતા

ઓટાવા | કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના ટમ્બલર રિજ શહેરમાં મંગળવારે એક હાઈસ્કૂલમાં ગોળીબાર થયો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ ઘટનામાં 9 લોકોનાં મોત થયાં છે, જ્યારે 25 ઘાયલ છે. હજુ સુધી એ જાણકારી નથી આવી કે મૃત્યુ પામેલાઓમાં કોઈ વિદ્યાર્થી છે કે નહીં. સાવચેતીના ભાગરૂપે શાળાને બંધ કરી દેવામાં આવી છે.

વિસ્તારના ધારાસભ્ય લેરી ન્યૂફેલ્ડે જણાવ્યું હતું કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. તેમણે લોકોને અપીલ કરી કે જે લોકો પોતાનાં પરિવારજનોને શોધવા માટે બહાર નીકળી આવ્યા છે તેઓ પોતાના ઘરે પાછા ફરે અને ત્યાં જ સુરક્ષિત રહે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ આ ગોળીબાર બાદ પોતાનો જર્મની પ્રવાસ રદ કરી દીધો છે. સરકારી વેબસાઈટ અનુસાર, દુર્ઘટનાગ્રસ્ત ટમ્બલર રિજ સેકન્ડરી સ્કૂલમાં ધોરણ 7થી 12 સુધીના કુલ 175 વિદ્યાર્થી અભ્યાસ કરે છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)એ જણાવ્યું કે શંકાસ્પદ એક મહિલા હતી, જેણે સ્કૂલ ડ્રેસ પહેર્યો હતો અને તેના વાળ ભૂરા હતા. તેનો મૃતદેહ સ્કૂલની અંદર મળ્યો. પોલીસનું માનવું છે કે તેણે પોતાને ગોળી મારી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, બપોરે લગભગ 1 વાગ્યે ને 20 મિનિટે (ભારતીય સમય અનુસાર રાત્રે લગભગ 2 વાગ્યે) સ્કૂલમાં ગોળીબારની સૂચના મળી હતી. સૂચના મળતાં જ પોલીસ સ્કૂલની અંદર દાખલ થઈ. ત્યાં ઘણા લોકો ઘાયલ અને મૃત મળ્યા. વડાપ્રધાન માર્ક કાર્નીએ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે તેઓ આ ઘટનાથી ખૂબ દુ:ખી છે. તેમણે પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને રાહતકર્મીઓની પ્રશંસા કરી.

હુમલાખોર ઉપરાંત અન્ય છ લોકો શાળાની અંદર મૃત હાલતમાં મળ્યા હતા. ગંભીર હાલતમાં બે ઘાયલોને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. અન્ય એક વ્યક્તિનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મૃત્યુ થયું હતું. લગભગ 25 લોકોને સામાન્ય ઈજાઓ સાથે સ્થાનિક મેડિકલ સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

પોલીસ અધિકારી કેન ફ્લોઈડે જણાવ્યું હતું કે શાળામાંથી લગભગ 100 વિદ્યાર્થી અને સ્ટાફને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ગોળીબારનું કારણ હજુ સ્પષ્ટ નથી.

બ્રિટિશ કોલંબિયાના જાહેર સુરક્ષામંત્રી અને સોલિસિટર જનરલ નીના ક્રિગરે આ ગોળીબારને 'હૃદયદ્રાવક' ગણાવ્યો છે. તેમણે કહ્યું હતું કે તેમની સરકાર લોકોની મદદ માટે શક્ય તમામ મદદ કરશે.

ક્રિગરે જણાવ્યું હતું કે RCMPએ ટમ્બલર રિજમાં જારી કરાયેલ ઈમર્જન્સી એલર્ટ સમાપ્ત કરી દીધું છે. પોલીસનું માનવું છે કે હવે કોઈ અન્ય શંકાસ્પદ ફરાર નથી અને સામાન્ય લોકો માટે કોઈ ખતરો નથી.

### 50 વર્ષમાં ભારત સહિત 9 દેશોની છોકરીઓને ટાર્ગેટ બનાવી; માતા-માસીની હત્યા કરી

# ફ્રેન્ચ ટીચરે 89 સગીરો સાથે બળાત્કાર કર્યો

પેરિસ | ફ્રાન્સમાં એક 79 વર્ષના નિવૃત્ત શિક્ષક પર 1960ના દાયકાથી 2022 સુધી 89 સગીરો સાથે બળાત્કાર અને યૌન શોષણનો આરોપ લાગ્યો છે. ફ્રાન્સના ગ્રેનોબલ શહેરમાં ફરિયાદી એટિયન મેન્ટોએ મંગળવારે આ કેસને સાર્વજનિક કરતા પીડિતોને આગળ આવવા અપીલ કરી.

આરોપીનું નામ જેક લેવુગલ છે. ફરિયાદી અનુસાર, જેક લેવુગલે 1967 થી 2022 ની વચ્ચે ભારત, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, મોરોક્કો, નાઈજર, અલ્જીરિયા, ફિલિપાઈન્સ, કોલંબિયા અને ફ્રાન્સમાં સગીરો સાથે યૌન અપરાધ કર્યા.

તે ફ્રેન્ચ ભાષાના શિક્ષક અને ગુફા અધ્યયન (સ્પેલિયોલોજી) ના ટ્રેનર તરીકે કામ કરતો હતો. ફરિયાદી અનુસાર, તે દરેક જગ્યાએ જઈને યુવાનોને મળતો હતો અને તેમની સાથે યૌન સંબંધ બાંધતો હતો. પીડિતોની ઉંમર 13 થી 17 વર્ષની વચ્ચે જણાવવામાં આવી છે. તે 2024માં આરોપ નક્કી થયા પછીથી કસ્ટડીમાં છે. ફરિયાદી મુજબ, આરોપીએ તેની બીમાર માતા અને વૃદ્ધ માસીની હત્યાની વાત પણ કબૂલ કરી છે. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે આરોપીના ભત્રીજાને તેના પર શંકા ગઈ. ભત્રીજાએ આરોપીના રૂમની તલાશી લીધી જ્યાં તેને એક USB ડ્રાઈવ મળી, જેમાં સગીરો સાથેના તેના જાતીય સંબંધોની તસવીરો સામેલ હતી.

આ ડ્રાઈવમાં 15 ભાગમાં વિગતવાર જણાવવામાં આવ્યું હતું. તેમાં તેણે પોતે સગીરો સાથેના જાતીય સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. તપાસકર્તાઓએ આ લેખો વાંચીને 89 સગીર પીડિતોની ઓળખ કરી. તપાસ દરમિયાન આરોપીએ 1970ના દાયકામાં પોતાની કેન્સર પીડિત માતાને ઓશીકાથી ગળું દબાવીને મારી નાખ્યાની કબૂલાત કરી. તેણે 1990ના દાયકામાં પોતાની 92 વર્ષની ફોઈની પણ ઓશીકાથી હત્યા કરી. પ્રોસિક્યુટર (અભિયોજક) અનુસાર, ફોઈએ તેને પ્રવાસ પર જવાથી રોક્યો હતો.

મેન્ટોએ કહ્યું, "તેણે નક્કી કર્યું કે તે તેને પણ મારી નાખશે. જ્યારે તે સૂતી હતી, ત્યારે તેણે ઓશીકાથી તેનું ગળું દબાવી દીધું." પોતાની ડાયરીમાં આરોપીએ લખ્યું હતું કે તેણે બે લોકોની હત્યા કરી છે. આ બંને કેસોમાં અલગથી હત્યાની તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રોસિક્યુટર (અભિયોજક) અનુસાર, આરોપી પોતાના કૃત્યને એવું કહીને યોગ્ય ઠેરવે છે કે જો તે પોતે જીવનના અંતિમ તબક્કામાં આવી સ્થિતિમાં હોય, તો તે પણ ઈચ્છે છે કે કોઈ તેની સાથે આવું જ કરે.પ્રોસિક્યુટર એટિયન મેન્ટોએ દક્ષિણ-પૂર્વ ફ્રાન્સના ગ્રેનોબલમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે આ કેસમાં આરોપીનું નામ સાર્વજનિક કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું, 'આ નામ લોકો જાણતા હોવા જોઈએ, જેથી પીડિતો સામે આવી શકે.'

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તપાસ શરૂ થઈ ત્યારે નામ કેમ જાહેર કરવામાં આવ્યું ન હતું, તો તેમણે કહ્યું કે આ એક અલગ મામલો હતો અને પહેલા કેસની તપાસ જરૂરી હતી. પાછળથી લાગ્યું કે જે પીડિતોની ઓળખ થઈ શકી નથી, તેમને સામે આવવાની તક આપવી જરૂરી છે.

# દુનિયાની સૌથી લાંબી નાઈલ નદીમાં બોટ પલટતા 15 મોત, અનેક લોકો ગુમ

વિશ્વની સૌથી લાંબી નદી એવી નાઈલ નદીમાં ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સુદાનમાં મુસાફરોથી ભરેલી એક હોડી નદીના પ્રચંડ પ્રવાહમાં પલટી જતાં 15 લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અનેક લોકો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સુદાનના ઉત્તરી પ્રાંતમાં બની હતી. હોડીમાં ક્ષમતા કરતા વધુ એટલે કે અંદાજે 27 જેટલા મુસાફરો સવાર હતા. જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો સામેલ હતા. નદીની વચ્ચે પહોંચતા જ હોડીએ અચાનક સંતુલન ગુમાવ્યું હતું અને જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. કિનારે ઉભેલા લોકોએ ચીસાચીસ કરી મૂકી હતી, પરંતુ પાણીનો પ્રવાહ તેજ હોવાથી બચાવ કામગીરીમાં અવરોધ આવ્યો હતો.

'સુદાન ડોક્ટર્સ નેટવર્ક' ના જણાવ્યા અનુસાર: અત્યાર સુધી 15 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત 6 લોકોને સ્થાનિકો અને બચાવ દળની મદદથી સુરક્ષિત બચાવી લેવાયા છે. જો કે હજી પણ 6 લોકો નદીના વહેણમાં વહી ગયા છે, જેની શોધખોળ ચાલુ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, જો આધુનિક બચાવ ઉપકરણો સમયસર ઉપલબ્ધ હોત, તો વધુ લોકોના જીવ બચાવી શકાયા હોત.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, હોડીમાં તેની ક્ષમતા કરતા વધુ લોકો અને સામાન ભરવામાં આવ્યો હતો. સુદાનમાં નદી માર્ગે મુસાફરી સામાન્ય છે.

પરંતુ સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન પણ એટલું જ સામાન્ય બની ગયું છે. લાઈફ જેકેટનો અભાવ, દેખરેખની ઉણપ અને ઓવરલોડિંગ આવી દુર્ઘટનાઓની પાછળનાં મુખ્ય કારણ હોય છે.

# એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 30.01.2026 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લેણદાર: જિતેન્દ્ર બાબુભાઈ રાઠોડ, સહ-લેણદાર: રાધાબેન જિતેન્દ્રભાઈ રાઠોડ | 31029420000961 જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | રૂ.8,69,148.35 (રૂપિયા આઠ લાખ ઓગણસિત્તેર હજાર એકસો અડતાલીસ અને પાંત્રીસ પૈસા પૂરા) | 18/10/2025 | વિનંતી મુજબ | 34.52 ચો.મી. | રૂ. 56,900/- (રૂપિયા છપ્પન હજાર નવસો પૂરા) | રૂ.5,69,000/- (રૂપિયા પાંચ લાખ ઓગણસિત્તેર હજાર પૂરા) | 17/03/2026 બપોરે 03:00 વાગ્યે |

હરાજી કરવામાં આવી રહેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: ફ્લેટ નં. 205 ધરાવતી સ્થાવર મિલકત, જે બીજા માળે આવેલ છે અને તેનું સુપર બિલ્ટ અપ એરિયા 619.13 ચો. ફૂટ એટલે કે 57.54 ચો.મીટર છે અને બિલ્ટ અપ એરિયા 34.52 ચો. મીટર છે. આ મિલકતમાં 'સૂર્યવંશી ફ્લેટ્સ' ની જમીનમાં 9.33 ચો.મીટર અવિભાજિત હિસ્સાનો સમાવેશ થાય છે. આ મિલકત બ્લોક નં. 136/B અને 142, રેવન્યુ સર્વે નં. 108 અને 118/3 પૈકી પ્લોટ નં. 65 થી 71 પર સ્થિત છે, જેનું કુલ ક્ષેત્રફળ 667.76 ચો. મીટર છે, મોજે ગામ બગુમરા, તા. પલસાણા, જિલ્લો સુરત. માલિકી: 1) રાધાબેન જિતેન્દ્રભાઈ રાઠોડ, 2) જિતેન્દ્રભાઈ બાબુભાઈ રાઠોડ. સીમાઓ: ઉત્તર: ફ્લેટ નં. 206, દક્ષિણ: ફ્લેટ નં. 204, પૂર્વ: પેસેજ, પશ્ચિમ: સોસાયટીનો રોડ.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરેન્ટરો/મોર્ટગેગર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 13.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

# એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 30.01.2026 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લેણદાર: મનોહર ભંવર સિંઘ, સહ-લેણદાર: રેખા કુંવર મનોહર સિંઘ | 45259420002556 અને 45259410000738 જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | રૂ.9,06,570.01 (રૂપિયા નવ લાખ છ હજાર પાંચસો સિત્તેર અને એક પૈસો પૂરા) | 20/07/2025 | વિનંતી મુજબ | 30.20 ચો. મીટર એટલે કે 325.00 ચો.ફૂટ | રૂ. 65,500/- (રૂપિયા પાંસઠ હજાર પાંચસો પૂરા) | 6,55,000/- (રૂપિયા છ લાખ પંચાવન હજાર પૂરા) | 17/03/2026 બપોરે 03:30 વાગ્યે |

હરાજી કરવામાં આવી રહેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: મોજે ગામ કંસાડમાં આવેલી બિન-ખેતીની જમીનનો પ્લોટ, જે રેવન્યુ સર્વે નં. 168/2, બ્લોક નં. 148, ક્ષેત્રફળ 5362.00 ચો. મીટર પૈકી 452.00 ચો.મીટર, રેવન્યુ સર્વે નં. 169, બ્લોક નં. 149, ક્ષેત્રફળ 5868.00 ચો. મીટર પૈકી 230.00 ચો.મીટર, રેવન્યુ સર્વે નં. 170, બ્લોક નં. 150, ક્ષેત્રફળ 15075.00 ચો. મીટર પૈકી 10606.00 ચો.મીટર, ટી.પી. સ્કીમ નં. 34 (પાલી-સચિન-કંસાડ), એફ.પી. નં. 104/1 પૈકી, સબ ડિવિઝન નં. 1, ક્ષેત્રફળ 8409.56 ચો. મીટર ધરાવે છે. આ મિલકત 'ઉમંગ-સચિન' તરીકે ઓળખાય છે, જેમાં બિલ્ડિંગ-B ના બીજા માળે ફ્લેટ નં. 221 આવેલો છે. જેનું સુપર બિલ્ટ અપ એરિયા 550.00 ચો.ફૂટ એટલે કે 51.09 ચો.મીટર છે અને બિલ્ટ અપ એરિયા 30.20 ચો.મીટર એટલે કે 325.00 ચો.ફૂટ છે. રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ ચોર્યાસી, જિલ્લો સુરત. સીમાઓ: ઉત્તર: 12.00 મીટર રોડ, દક્ષિણ: 7.5 મીટર રોડ + બ્લોક નં. A, પૂર્વ: 4.5 મીટર રોડ + બ્લોક નં. C, પશ્ચિમ: 12.00 મીટર રોડ.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરેન્ટરો/મોર્ટગેગર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 13.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

# એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 16.01.2026 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લેણદાર: વાઘેલા વિશાલભાઈ મનહરભાઈ, સહ-લેણદાર: વાઘેલા વર્ષાબેન વિશાલભાઈ | 31489420000423 અને 31489410000242 જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ.11,25,252.44 (રૂપિયા અગિયાર લાખ પચ્ચીસ હજાર બસો બાવન અને ચુંમાલીસ પૈસા પૂરા) | 24/05/2025 | વિનંતી મુજબ | 41.36 ચો. મીટર | રૂ. 71,700/- (રૂપિયા એકોતેર હજાર સાતસો પૂરા) | રૂ. 7,17,000/- (રૂપિયા સાત લાખ સત્તર હજાર પૂરા) | 17/03/2026 સાંજે 06:00 વાગ્યે |

હરાજી કરવામાં આવી રહેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: થાનગઢ રેવન્યુ સર્વે નં. 314 પર નિર્મિત રહેણાંક મકાન, પ્લોટ નં. 18 પૈકી દક્ષિણ દિશાનો સબ પ્લોટ નં. 18/2, જેનું જમીનનું ક્ષેત્રફળ 56.67 ચો. મીટર અને બાંધકામ ક્ષેત્રફળ 41.36 ચો.મીટર છે. આ મિલકત નગરપાલિકાની હદમાં, તાલુકો થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર ખાતે આવેલી છે. સીમાઓ: ઉત્તર: આ પ્લોટની અન્ય જમીન, દક્ષિણ: સબ પ્લોટ નં. 18/3 નું મકાન, પૂર્વ: પ્લોટ નં. 9, પશ્ચિમ: 06.00 મીટર પહોળો રસ્તો.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC, |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરેન્ટરો/મોર્ટગેગર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 13.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

# એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 16.01.2026 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લેણદાર: વિકાસ સિંઘ રામકેશ સિંઘ, સહ-લેણદાર: સોની સિંઘ વિકાસ સિંઘ | 45259420002606 અને 45259410000550 જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | રૂ.8,81,586.47 (રૂપિયા આઠ લાખ એક્યાસી હજાર પાંચસો છ્યાસી અને સુડતાલીસ પૈસા પૂરા) | 06/07/2025 | વિનંતી મુજબ | 42.74 ચો. મીટર | રૂ. 66,500/- (રૂપિયા છાસઠ હજાર પાંચસો પૂરા) | રૂ. 6,65,000/- (રૂપિયા છ લાખ પાંસઠ હજાર પૂરા) | 18/03/2026 બપોરે 03:15 વાગ્યે |

હરાજી કરવામાં આવી રહેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: મોજે ઉધના, સુરત ખાતે આવેલી બિન-ખેતીની જમીનનો પ્લોટ, જે રેવન્યુ સર્વે નં. 278, ટી.પી. સ્કીમ નં. 1 (ઉધના), એફ.પી. નં. 42 પૈકી પ્લોટ નં. 15 થી 21, ક્ષેત્રફળ 409.71 ચો. મીટર પર સ્થિત છે, જે 'હેપ્પી હોમ' (HAPPY HOME) પૈકી બ્લોક-B ના ચોથા માળે ફ્લેટ નં. 401 તરીકે ઓળખાય છે. જેનું સુપર બિલ્ટ અપ એરિયા 74.35 ચો.મીટર એટલે કે 800.00 ચો.ફૂટ છે, બિલ્ટ અપ એરિયા 48.32 ચો.મીટર છે અને કાર્પેટ એરિયા 42.74 ચો.મીટર છે. ટેનામેન્ટ નં. 27F-09-5200-0-001, રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ સુરત અને જિલ્લો સુરત. સીમાઓ: ઉત્તર: 10.00 ફૂટ પહોળી માર્જિનલ જમીન, દક્ષિણ: 15.00 ફૂટની માર્જિનલ ખુલ્લી જમીન, પૂર્વ: 15.00 ફૂટની માર્જિનલ ખુલ્લી જમીન, પશ્ચિમ: 20.00 ફૂટનો સોસાયટી રોડ.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરેન્ટરો/મોર્ટગેગર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 13.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

# પેગાસસ પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5મો માળે, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
નોંધાયેલ ઓફિસ: 507, ડેટામેલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

## ઈ-હરાજી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સિક્યોર્ડ એસેટ્સ જે સ્થાવર મિલકત છે અને સિક્યોર્ડ લેણદાર પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ (જે પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે) પાસે ગીરો/ચાર્જ કરેલ છે. જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ ('જના બેંક') દ્વારા તારીખ 28/03/2024 ના અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ મુજબ નીચે દર્શાવેલ લેણદારના દેવા અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ સોંપવામાં આવ્યા હોવાથી, SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ આ મિલકતોનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'ત્યાં જે કંઈ પણ છે' તે ધોરણે તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે તારીખ 17/03/2026 ના રોજ કરવામાં આવશે.
જના બેંકના અધિકૃત અધિકારીએ તારીખ 07/09/2024 ના રોજ SARFAESI એક્ટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ નીચે વર્ણવેલ સ્થાવર મિલકતનો કબજો લીધો છે અને તેનો કબજો પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત અધિકૃત અધિકારીને સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ) ના નામ: | અ) જોશી મહેશભાઈ વ્રજેશચંદ્ર<br>બ) જોશી લીનાબેન મહેશભાઈ |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ એસેટ્સ વેચવામાં આવી રહી છે: | 23/02/2024 ના રોજ Rs.28,81,264.00 (રૂપિયા અઠ્ઠાવીસ લાખ શી હજાર બસો ચોસઠ પૂરા) અને ત્યારબાદનું વ્યાજ, ખર્ચ અને ચાર્જીસ. (06/02/2026 ના રોજ Rs.38,65,340.50 (રૂપિયા આડત્રીસ લાખ પાસઠ હજાર ત્રણસો ચાલીસ અને પચાસ પૈસા પૂરા) બાકી નીકળે છે અને 07/02/2026 થી વસૂલાત સુધીનું વ્યાજ અને અન્ય ખર્ચ.) |
| વેચવામાં આવનાર સિક્યોર્ડ એસેટ એટલે કે સ્થાવર મિલકતની વિગતો: | ગીરોકર્તા: શ્રીમતી લીનાબેન મહેશભાઈ જોશી<br>સ્થાવર રહેણાંક મિલકત: ફ્લેટ નં. 5, જેનું બાંધકામ ક્ષેત્રફળ 54.00 ચો.મીટર છે, બીજા માળે, 'પ્રેમ એપાર્ટમેન્ટ' (PREM APARTMENT) તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં, જે રાજકોટના સિટી સર્વે વોર્ડ નં. 15 ના પ્લોટ નં. 2 (ક્ષેત્રફળ 158.42 ચો. મીટર) ની જમીન પર આવેલ છે. આ મિલકત વિરાણી હાઈસ્કૂલ અને ટાગોર રોડની પાછળ, રાજકોટ શહેરની હદમાં આવેલી છે.<br>CERSAI SI.ID: 400052825542 અને 400053399319;<br>Asset ID: 200052820825 અને 200053394619;<br>LAN: 36499420000244, 36499430000030 અને 36499410000369 |
| રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) જેની નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ. માં): | Rs.13,07,000/- (રૂપિયા તેર લાખ સાત હજાર પૂરા) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | Rs.1,30,700/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર સાતસો પૂરા) |
| મિલકત સામે કરવામાં આવેલ કોઈ પણ દાવા અને સિક્યોર્ડ લેણદારને ખબર હોય તેવા અન્ય કોઈ પણ લેણાં અને મૂલ્ય: | જાણમાં નથી |
| મિલકતનું નિરીક્ષણ: | 20.02.2026 ના રોજ સવારે 11.30 થી બપોરે 03.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468<br>શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690 |
| બિડ (બોલી) સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 16.03.2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ઈ-હરાજી/બિડિંગ વેબસાઈટ (www.foreclosureindia.com) અથવા (https://bankauctions.in) દ્વારા 17.03.2026 ના રોજ સવારે 11.00 થી બપોરે 12.00 વાગ્યા દરમિયાન |

આ પ્રસિદ્ધિ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ ઉપરોક્ત લેણદારો/ સહ-લેણદારો/ જામીનદારો અને ગીરોકર્તાઓ માટે 30 દિવસની નોટિસ પણ છે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને બિડ સબમિટ કરતા પહેલા સિક્યોર્ડ લેણદારની વેબસાઈટ http://www.pegasus-arc.com/assets-to-auction.html અથવા (www.foreclosureindia.com) (https://bankauctions.in) જુઓ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ 4 ક્લોઝર (4 Closure) નો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ: શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725. ઈમેલ: info@bankauctions.in / arijit@bankauctions.in.

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 13.02.2026**
**સહી/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત**

# પેગાસસ પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5મો માળે, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
નોંધાયેલ ઓફિસ: 507, ડેટામેલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

## ઈ-હરાજી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સિક્યોર્ડ એસેટ્સ જે સ્થાવર મિલકત છે અને સિક્યોર્ડ લેણદાર પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ (જે પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે) પાસે ગીરો/ચાર્જ કરેલ છે. જના બેંક દ્વારા તારીખ 28/03/2024 ના અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ મુજબ નીચે દર્શાવેલ લેણદારના દેવા અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ સોંપવામાં આવ્યા હોવાથી, SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ આ મિલકતોનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'ત્યાં જે કંઈ પણ છે' તે ધોરણે તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે તારીખ 05.03.2026 ના રોજ કરવામાં આવશે.
જના સ્મોલ ફાયનાન્સ બેંકના અધિકૃત અધિકારીએ તારીખ 04/11/2023 ના રોજ SARFAESI એક્ટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ નીચે વર્ણવેલ સ્થાવર મિલકતનો પ્રત્યક્ષ (Physical) કબજો લીધો છે અને તેનો કબજો પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ને સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ) ના નામ: | શ્રી સંજય કાલુ બેહેરા (લેણદાર અને ગીરોકર્તા)<br>શ્રીમતી રુનુ સંજય બેહેરા (સહ-લેણદાર અને ગીરોકર્તા) |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ એસેટ્સ વેચવામાં આવી રહી છે: | 18/06/2023 ના રોજ Rs.11,04,703.10 (રૂપિયા અગિયાર લાખ ચાર હજાર સાતસો ત્રણ અને દસ પૈસા પૂરા) અને 19/06/2023 થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી લાગુ પડતું વ્યાજ, ખર્ચ અને ચાર્જીસ. |
| વેચવામાં આવનાર સિક્યોર્ડ એસેટ એટલે કે સ્થાવર મિલકતની વિગતો: | ગીરોકર્તા: શ્રી સંજય કાલુ બેહેરા અને શ્રીમતી રુનુ સંજય બેહેરા<br>મોજે ગામ હળદવા, તા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. 70, બ્લોક નં. 96 ના પ્લોટ નં. 94 જેનું ક્ષેત્રફળ 40.97 ચો.મી. છે, તેમાં આવેલ 'સાઈ દર્શન સોસાયટી-1' (SAI DARSHAN SOCIETY-1) ના મકાનવાળી તમામ સ્થાવર રહેણાંક મિલકત. સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. 93, પશ્ચિમ: પ્લોટ નં. 95, ઉત્તર: સોસાયટીનો રસ્તો, દક્ષિણ: બ્લોક નં. 28.<br>CERSAI SI.ID: 400060798593;<br>Asset ID: 200061426146;<br>LAN: 31029420001721; |
| રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) જેની નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ. માં): | Rs.7,16,000/- (રૂપિયા સાત લાખ સોળ હજાર પૂરા) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | Rs.71,600/- (રૂપિયા એકોતેર હજાર છસો પૂરા) |
| મિલકત સામે કરવામાં આવેલ કોઈ પણ દાવા અને સિક્યોર્ડ લેણદારને ખબર હોય તેવા અન્ય કોઈ પણ લેણાં અને મૂલ્ય: | જાણમાં નથી |
| મિલકતનું નિરીક્ષણ: | 20.02.2026 ના રોજ સવારે 11.00 થી બપોરે 03.00 વાગ્યા દરમિયાન |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468 |
| બિડ (બોલી) સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 04.03.2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ઈ-હરાજી/બિડિંગ વેબસાઈટ (www.foreclosureindia.com) અથવા (https://bankauctions.in) દ્વારા 05.03.2026 ના રોજ બપોરે 03:00 થી 04:00 વાગ્યા દરમિયાન |

આ પ્રસિદ્ધિ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 હેઠળ ઉપરોક્ત લેણદારો, સહ-લેણદારો, જામીનદારો અને ગીરોકર્તાઓ માટે પંદર (15) દિવસની નોટિસ પણ છે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ લેણદારની વેબસાઈટ http://www.pegasus-arc.com/assets-to-auction.html અથવા (www.foreclosureindia.com) (https://bankauctions.in) જુઓ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ 4 ક્લોઝર (4 Closure) નો સંપર્ક કરો.

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 13.02.2026**
**સહી/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત**

# પેગાસસ પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5મો માળે, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
નોંધાયેલ ઓફિસ: 507, ડેટામેલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

## ઈ-હરાજી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સિક્યોર્ડ એસેટ્સ જે સ્થાવર મિલકત છે અને સિક્યોર્ડ લેણદાર પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ (જે પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે) પાસે ગીરો/ચાર્જ કરેલ છે. જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ ('જના બેંક') દ્વારા તારીખ 28/03/2024 ના અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ મુજબ નીચે દર્શાવેલ લેણદારના દેવા અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ સોંપવામાં આવ્યા હોવાથી, SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ આ મિલકતોનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'ત્યાં જે કંઈ પણ છે' તે ધોરણે તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે તારીખ 17/03/2026 ના રોજ કરવામાં આવશે.
પેગાસસ ના અધિકૃત અધિકારીએ તારીખ 23/03/2025 ના રોજ SARFAESI એક્ટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ નીચે વર્ણવેલ સ્થાવર મિલકતનો કબજો લીધો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ) ના નામ: | અ) ખલાસી પ્રકાશકુમાર ચંદુભાઈ<br>બ) ખલાસી કૈલાસબેન પ્રકાશકુમાર |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ એસેટ્સ વેચવામાં આવી રહી છે: | SARFAESI કાયદાની કલમ ૧૩(૨) હેઠળ સૂચના મુજબ, તારીખ ૧૨/૦૨/૨૦૨૪ ના રોજ, તારીખ ૦૭/૦૨/૨૦૨૪ થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, ૧૪,૦૦,૩૪૨/- (રૂપિયા ચૌદ લાખ ત્રણસો બેતાલીસ માત્ર) રૂ. ૧૪,૦૦,૩૪૨/- (રૂપિયા ચૌદ લાખ ત્રણસો બેતાલીસ માત્ર). તારીખ ૦૬/૦૨/૨૦૨૬ ના રોજ, તારીખ ૦૭/૦૨/૨૦૨૬ ના રોજ, ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, બાકી (રૂપિયા ૧૮,૫૮,૧૪૦/- (રૂપિયા અઢાર લાખ અઠ્ઠાવન હજાર એકસો બેતાલીસ માત્ર). |
| વેચવામાં આવનાર સિક્યોર્ડ એસેટ એટલે કે સ્થાવર મિલકતની વિગતો: | ગીરોકર્તા: ખલાસી કૈલાસબેન પ્રકાશકુમાર 'માનસ ધામ-2' તા. અને જિ. મોરબી ખાતે સ્થિત પીપળી મહેસૂલ સર્વે નં. 8/1 ના પ્લોટ નં. 12 પાયકીના 43.68.ચોરસ મીટર જમીન પર બાંધકામ બ્લોક નં. H-1 સહિત સ્થાવર મિલકતના તમામ ટુકડાઓ અને પાર્સલ. ઉપરોક્ત મિલકતના બોડરીઝ: ઉત્તર: એડજ. બ્લોક નં. H-2, દક્ષિણ: એડજ. બ્લોક નં. H-6, પૂર્વ: પ્લોટ નં. 21, પશ્ચિમ: NA રોડ.<br>CERSAI SI.ID: 400068361077;<br>Asset ID: 200069471399;<br>LAN: 36499420003303; |
| રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) જેની નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ. માં): | Rs.૯,૭૧,૦૦૦/- (રૂપિયા નવ લાખ એકાવન હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | Rs.૯૭,૧૦૦/- (રૂપિયા સત્તાવણું હજાર એકસો માત્ર) |
| મિલકત સામે કરવામાં આવેલ કોઈ પણ દાવા અને સિક્યોર્ડ લેણદારને ખબર હોય તેવા અન્ય કોઈ પણ લેણાં અને મૂલ્ય: | જાણમાં નથી |
| મિલકતનું નિરીક્ષણ: | 20.02.2026 ના રોજ સવારે 11.30 થી બપોરે 03.00 વાગ્યા દરમિયાન |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468<br>શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690 |
| બિડ (બોલી) સબમિટ કરવાની છેલ્લી તારીખ: | ૧૬.૦૩.૨૦૨૬ થી ૦૪:૦૦ વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ઈ-હરાજી/ બિડિંગ વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ૧૭.૦૩.૨૦૨૬ ના રોજ બપોરે ૦૩.૦૦ થી ૦૪.૦૦ વાગ્યા સુધી). |

આ પ્રસિદ્ધિ ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો(ઓ) અને મોર્ટગેગરોને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ ત્રીસ (30) દિવસની નોટિસ પણ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે http://www.pegasus-arc.com/ assets-to-auction.html અથવા વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) જુઓ અથવા સેવા પ્રદાતા મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો. કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / arijit@bankauctions.in. નો સંપર્ક કરો.

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 13.02.2026**
**સહી/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત**

## સેટેલાઇટની શિવાલિક હાઇસ્ટ્રીટ બિલ્ડિંગના ચોથા માળે આગ

અમદાવાદ | અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં સ્ટ્રિટ ખાતે 12 ફેબ્રુઆરી 2026ના રોજ બપોરે 14:36 કલાકે આગની ઘટના નોંધાઈ હતી. આ આગ ચોથા ફ્લોર પર આવેલી 406 નંબરની રિયલ એસ્ટેટ ઓફિસમાં લાગી હતી. ઓફિસના ફર્નિચરમાં આગ લાગતા સ્થળ પર ભારે ધુમાડો ફેલાયો હતો.ફાયર વિભાગ દ્વારા અંદાજિત 100 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સદભાગ્યે ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા પહોંચી નથી તેમજ કોઈ જાનહાનિ નોંધાઈ નથી.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 13 FEBRUARY-2026

AHMEDABAD


## હવે શિક્ષકોને કૂતરાની ગણતરી કરવા આદેશ

અમદાવાદ | ગુજરાતમાં SIRની કામગીરીમાંથી શિક્ષકો હજી તો ફ્રી નથી થયા ત્યાં જ પોતાની શાળા અને આસપાસના વિસ્તારમાં રખડતા કૂતરાઓની ગણતરી માટે આદેશ કરાતા વિવાદ થયો છે. શિક્ષણ નિયામકે પરિપત્ર કરી શિક્ષકોને કૂતરા ગણવાની જવાબદારી સોંપાતા કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે. ગુજરાતમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની સોંપાતી કામગીરીના કારણે શિક્ષણ પર અસર થતી હોવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠતી રહી છે. તેની વચ્ચે જ હવે રખડતા કૂતરાની ગણતરીના થયેલા આદેશથી નવો વિવાદ છેડાયો છે.








## આપની કામની રાજનીતિથી પ્રેરાઈને સામાજિક કાર્યકર અને રાજકીય આગેવાનો પાર્ટીમાં જોડાયા

સુરત: આજે સુરત ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં ખૂબ જ મોટી સંખ્યામાં સામાજિક અને રાજકીય આગેવાનો ટોપી અને ખેસ પહેરીને વિધિવત આમ આદમી પાર્ટીમાં જોડાયા. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની સાથે સાથે શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી અને પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક



સહિત આમ આદમી પાર્ટીના આગેવાનોની ઉપસ્થિતિમાં આ તમામ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ મહત્વપૂર્ણ અવસર પર આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી સામાન્ય લોકો માટે એક વિકલ્પ અને આશાનું કિરણ લઈને ઉભરી છે. બીજી બાજુ ભાજપનું એકચક્રી શાસન છે, ભાજપે તમામ સંસ્થાઓને ગુલામ બનાવી અને તમામ ચૂંટણીમાં ગડબડ કરીને સત્તા ટકાવી રાખી છે.

## ભાદર નદી પ્રદૂષણ મુદ્દે AAPનો ઘેરાવ, GPCB સામે કડક કાર્યવાહીની માંગ

અમદાવાદ: ભાદર નદીમાં કેમિકલ પ્રદૂષણ મામલે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી જેતપુર પહોંચ્યા હતા. જેતપુરના સાડી ઉદ્યોગોમાંથી છોડાતા કેમિકલયુક્ત ગંદા પાણીના કારણે ભાદર નદી પ્રદૂષિત બની રહી છે. તેના પરિણામે જેતપુર શહેર તેમજ આસપાસના બે-ત્રણ જિલ્લાનાં લગભગ ૭૦થી વધુ ગામોના ખેડૂતોને ભારે પાક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. પીવાના પાણીમાં પણ કેમિકલ મિશ્રિત પાણી આવતાં લોકોના આરોગ્ય પર ગંભીર અસર થઈ રહી છે. ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં જેતપુર તાલુકા પ્રમુખ દિલિપભાઈ ભુવાએ મુદ્દાને ગંભીરતાથી ઉઠાવ્યો છે અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો છે. આંદોલનને ટેકો આપતા ખેડૂત નેતા મહેશભાઈ કોટડીયા છેલ્લા બે દિવસથી ધરણા પર બેઠા છે.

## રાજુ કરપડાના આક્ષેપો પર AAP નેતા ઈસુદાન ગઢવીએ આપ્યો મજબૂત જવાબ

અમદાવાદ: રાજુ કરપડાના આક્ષેપો અંગે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાએ પાંચ વર્ષ આમ આદમી પાર્ટીમાં કામ કર્યું છે, તેના માટે અમે તેમનો આભાર માનીએ છીએ. આમ આદમી પાર્ટી સંઘર્ષનો માર્ગ અપનાવતી પાર્ટી છે. અમારી સાથે જોડાયેલા મોટાભાગના લોકો સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવે છે. અમે કેન્દ્ર અને



રાજ્ય સરકારની નીતિઓને ખુલ્લેઆમ પડકારીએ છીએ, તેથી આમ આદમી પાર્ટીમાં કાર્ય કરવું સરળ નથી. ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે જ્યારે કોઈ નેતા જનહિતના મુદ્દે અવાજ ઉઠાવે છે ત્યારે તેને ડરાવવાની, ખોટા કેસોમાં ફસાવવાની અને જેલમાં મોકલવાની કોશિશ કરવામાં આવે છે. અગાઉ પણ અનેક નેતાઓને જેલમાં નાખવામાં આવ્યા છે અને દબાણ કરવામાં આવ્યું છે. રાજુભાઈ ઉપર પણ વિવિધ કેસો હતા અને ભાજપ દ્વારા દબાણ કરવામાં આવ્યું હોય તેવી શંકા નકારી શકાય નહીં.

## હાઈબ્રિડ ગાંજા મામલે કસ્ટમ તપાસનો ધમધમાટ

### ક્રૂ મેમ્બર, સફાઈ કર્મચારી અને સિક્યોરિટીની પૂછપરછ શરૂ, CCTV ફૂટેજની પણ તપાસ

અમદાવાદ | બેંગકોકથી સુરત આવતી ફ્લાઈટમાં ઉપરાઉપરી સતત બે દિવસ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો મળી આવતા કસ્ટમ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પેડલરો હાઈબ્રિડ ગાંજો ફ્લાઈટમાં બિનવારસી હાલતમાં છોડી દેતા હતા, તો ગાંજો બહાર કેવી રીતે નીકળ્યો તે લિંક શોધવા માટે કસ્ટમ્સના સિનિયર અધિકારીઓ દ્વારા ફ્લાઈટના ક્રૂ મેમ્બર, ફ્લાઈટમાં સાફ-સફાઈ કરતાં સફાઈ કર્મચારીઓ, ફ્લાઈટમાં અવરજવર કરતા લોડર સ્ટાફ અને સિક્યોરિટી ટીમની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ફ્લાઈટ જ્યારે એરપોર્ટ પર લેન્ડ થઈ ત્યારબાદ થયેલી મૂવમેન્ટના સીસીટીવી ફૂટેજની પણ તપાસ ચાલી રહી છે.

સુરત એરપોર્ટ પર હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપાયો છે. અમદાવાદ એરપોર્ટ પર પણ બેંગકોકથી આવતી ફ્લાઈટમાં આંતરે દિવસે હાઈબ્રિડ ગાંજો આવી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જેને પગલે કસ્ટમ્સના અધિકારીઓ દ્વારા કરાયેલા રિપોર્ટને આધારે દેશભરમાં બેંગકોકથી આવતી સીધી ફ્લાઈટ અથવા વાયા બેંગકોકથી આવતી ફ્લાઈટના મુસાફરો પર વોચ રાખવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. જે પેડલર અગાઉ પકડાઈ ચૂક્યા હોય તેમની પ્રોફાઈલ પણ તમામ એરપોર્ટ પર હાથવગી રાખીને તેના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

### અહીં ગુનાહિત નેટવર્ક શરૂ કરવા વેપન, ડ્રગ્સ અને જમીન દલાલને મળ્યો, 2-3 ટાર્ગેટ પણ નક્કી કરી લીધા હતા

## એન્કાઉન્ટરના ડર લાગતા અમન બચ્ચા અમદાવાદ આવ્યો

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કુખ્યાત અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી. અમન રાજસ્થાનના 20થી વધુ ગંભીર ગુનાનો આરોપી છે.અમનને રાજસ્થાનમાં હવે ગેંગ ચલાવતા એન્કાઉન્ટર થાય તેવો ડર હતો જેના કારણે અમદાવાદમાં નેટવર્ક શરૂ કરવા માટે આવ્યો હતો. અમન, લોરેન્સ બિશ્નોઈના સંપર્કમાં હતો.બે દિવસમાં અમન નવી ગેંગ શરૂ કરવા માટે અલગ અલગ ડીલરને મળ્યો પણ હતો અને બે ત્રણ ટાર્ગેટ પણ નક્કી કર્યા હતા.જોકે ક્રાઈમ બ્રાન્ચે કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ધરપકડ કરી લીધી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ આઈ.એન ઘાસુરા અને તેમની ટીમે 10 ફેબ્રુઆરીની વહેલી સવારે રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રવિ ગોદારા ગેંગના અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી. અમનની સાથે તેનો સાગરિત સુહેબ પણ ઝડપાયો હતો.આ બંને બે દિવસથી અમદાવાદમાં આવ્યા હતા.અમન અમદાવાદમાંથી પોતાનું નવું નેટવર્ક શરૂ કરી અહીંથી જ નેટવર્ક ચલાવવા માટે આવ્યો હતો.

નવું નેટવર્ક ઊભું કરવા માટે અમન અમદાવાદમાં વેપન ડીલર, ડ્રગ્સ ડીલર અને જમીન દલાલને મળ્યો હતો.અમદાવાદમાં જમીનનું મોટાપાયે કામકાજ શરૂ કરવાનો પણ અમનનો પ્લાન હતો.અમદાવાદમાંથી જ નવા છોકરાઓ ગેંગ માટે કામ કરે તેની પણ શોધખોળ કરતો હતો,આ માટે કેટલાક લોકોને પણ મળ્યો હતો.અમનના સગા અમદાવાદમાં રહે છે




તેમની પણ હાલ તપાસ ચાલી રહી છે.

અમન છેલ્લા 6 વર્ષથી જેલમાં હતો.એક મહિના અગાઉ જ તે જામીન પર બહાર આવ્યો છે.અમન જેલમાં હતો ત્યારે પણ નેટવર્ક ચાલુ જ હતું.અમનની ગેંગના કેટલાક લોકો દ્વારા અમનના નામના ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી લોકો પાસેથી ખંડણી લેવામાં આવતી હતી.અમન લોરેન્સ બિશનોઈના પણ સંપર્કમાં હતો.

અમન અમદાવાદમાં બે દિવસ રોકાયો ત્યારે જેને મળ્યો તે તમામની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમને કોઈ ડીલ કરી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.અમન અમદાવાદમાં કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ તો કરી લીધી છે પરંતુ હાલ તે જેના સંપર્કમાં હતો તેની તપાસ ચાલી રહી છે જે પૂર્ણ થતા અનેક મોટા ખુલાસા થઈ શકે છે.

## ગાંધીનગરમાં જસ્સી દે પરાઠે પાસે તસ્કરોનો તરખાટ

### નશાબંધી ક્લાર્કની ગાડીનો કાચ તોડી દાગીના-રોકડ મળીને 5 લાખની મત્તા ચોરીને ફરાર



(એજન્સી) ગાંધીનગર | તા.12

ગાંધીનગરના કુડાસણમાં ટ્રાફિકથી ધમધમતા રક્ષા શક્તિ સર્કલ પાસેના રાધે ઈન્ફિનિટી કોમ્પ્લેક્ષ નજીક નશાબંધી અને આબકારી કચેરીના ક્લાર્કની કારનો કાચ તોડી તસ્કરો પાંચ સોનાની વીંટી અને મંગળસૂત્ર સહિત 5 લાખની મત્તા ચોરીને ફરાર થઈ જતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચાંદખેડામાં સાળીના લગ્ન પતાવી પરત ફરી રહેલા પરિવારને કુડાસણમાં જસ્સી દે પરાઠેમાં પરાઠા ખાવા ભારે પડી ગયા છે. અમદાવાદના સૈજપુર બોઘા વિસ્તારમાં રહેતા અને ગાંધીનગર સેક્ટર-10માં નોકરી કરતા વિનયભાઈ સુતરીયા 8 ફેબ્રુઆરીના રોજ ચાંદખેડા ખાતે સાળીના લગ્નમાં ગયા હતા.

બાદમાં લગ્ન પૂર્ણ કરી સાંજે સાતેક વાગે તેઓ પત્ની અને બાળકો સાથે ગાંધીનગર આવ્યા હતા. જ્યાં કુડાસણના રાધે ઈન્ફિનિટી કોમ્પ્લેક્ષ સામે ખુલ્લી જગ્યામાં પોતાની ફ્રોંક્સ ગાડી પાર્ક કરી તેઓ જસ્સી દે પરાઠે હોટલમાં જમવા માટે ગયા હતા. જોકે જમવામાં વેઈટિંગ હોવાથી પરિવાર થોડીવાર મોલમાં ફરવા ગયો હતો.

ત્યારબાદ હોટલમાંથી ફોન આવતા તેઓ જમવા બેઠા હતા. પરંતુ જ્યારે પરિવાર પરત ફર્યો ત્યારે ગાડીનો પાછળનો કાચ તૂટેલો જોઈને ચોંકી ઉઠ્યા હતા. જે અંગે તપાસ કરતા જણાયું હતું કે, કારની પાછળની સીટમાં મુકેલું લેડીઝ પર્સ ગાયબ હતું. આ પર્સમાં 1 હજાર રોકડા તેમજ આશરે 35 ગ્રામ સોનાના દાગીના હતા.

જેમાં પાંચ લાખ 14 હજારની કિંમતની 5 સોનાની વીંટીઓ અને એક સોનાનું મંગળસૂત્ર હતું. જેના પગલે વિનયભાઈએ આસપાસમાં તપાસ કરી હતી.પરંતુ બેગના કોઈ સગડ મળ્યા નહોતા. આખરે આ અંગે તેમણે ઈન્ફોસિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## સરિતા ઉદ્યાન પાસે અકસ્માતમાં બે જિંદગીનો અંત : બે પિતરાઈ ભાઈના મોત નિપજ્યાં...

(એજન્સી) ગાંધીનગર | તા.12

ગાંધીનગરના ઈન્દ્રોડા કટ પાસે 11 ફેબ્રુઆરીની સાંજે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે પિતરાઈ ભાઈના મોત નીપજ્યા છે. પૂરપાટ ઝડપે આવતા એક રોયલ એનફિલ્ડ બુલેટના ચાલકે પિતરાઈ ભાઈના બાઈકને જોરદાર ટક્કર મારતા બંને યુવાનના કરુણ મોત નીપજ્યા છે. આ મામલે મૃતક જગદીશસિંહના પિતા જશપાલસિંહ ડાભીએ બુલેટ ચાલક વિરુદ્ધ સેક્ટર-7 પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, સેક્ટર-8માં રહેતા નિવૃત્ત જશપાલસિંહ ડાભીનો 40 વર્ષીય પુત્ર જગદીશસિંહ ડાભી અને તેમનો ભાણો ઘનશ્યામસિંહ કનુજી ચાવડા (રહે. સમૌ, માણસા) ગત સાંજે ઈન્દ્રોડા ગામમાં કામ અર્થે ગયા હતા. બાદમાં સાંજે આશરે પોણા સાત વાગ્યે તેઓ બાઈક પર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન જ રોડ ઈન્દ્રોડા કટ પાસે રોડ ક્રોસ કરતી વખતે ઈન્દ્રોડા સર્કલ તરફથી પૂરપાટ ઝડપે આવતા બુલેટ (નંબર GJ 18 FK 6400)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત સર્જાતા 108 મારફતે બંનેને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ ઘનશ્યામસિંહ ચાવડાને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ ગંભીર રીતે ઘાયલ જગદીશસિંહ ડાભીને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ રાત્રે તેમણે પણ દમ તોડી દીધો હતો. એક જ અકસ્માતમાં બે યુવાનના મોતથી ડાભી અને ચાવડા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ અંગે મૃતક જગદીશના પિતાએ સેક્ટર 7 પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દિલ્હીમાં અમદાવાદ ઓલિમ્પિક 2036 માટે ચર્ચા હર્ષ સંઘવી આજે અમિત શાહ સાથે બેઠક કરશે

અમદાવાદમાં 2036 ઓલિમ્પિક ગેમ્સના આયોજનને લઈને સરકાર સ્તરે તૈયારીઓ તેજ બની છે. આ મહત્વપૂર્ણ મુદ્દે ચર્ચા કરવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે (12 ફેબ્રુઆરી) દિલ્હીની મુલાકાતે જશે. દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે, જેમાં ઓલિમ્પિક આયોજન માટેની વ્યૂહરચના અને આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા થવાની છે. સૂત્રો અનુસાર, બેઠકમાં ખાસ કરીને ગુજરાતમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને લઈને વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ થશે. રાજ્યમાં આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ સ્ટેડિયમ, ટ્રેનિંગ સેન્ટર, એથ્લીટ વિલેજ અને ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી વિકસાવવા માટેના આયોજન પર ચર્ચા કરવામાં આવશે.

અમદાવાદ ખાતે બની રહેલા સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવના નિર્માણની પ્રગતિ પણ બેઠકનો મહત્વપૂર્ણ એજન્ડા રહેશે. વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ સુવિધાઓ ઉભી કરીને અમદાવાદને ગ્લોબલ સ્પોર્ટ્સ હબ બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

રાજ્ય સરકાર 2036 ઓલિમ્પિક ગેમ્સના સંભવિત આયોજનને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાની યોજના બનાવી રહી છે. દિલ્હી બેઠક બાદ આગામી દિવસોમાં વધુ ગતિ સાથે તૈયારીઓ આગળ વધે તેવી શક્યતા છે.

## ગાંધીનગર સિવિલમાં ચમત્કારિક સર્જરી: ૬૦ વર્ષીય વૃદ્ધાના ગળામાંથી ૪૦૦ ગ્રામની થાઈરોઈડ ગાંઠ દૂર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

GMERS સિવિલ હોસ્પિટલના ENT વિભાગે અત્યંત જટિલ અને જોખમી સર્જરી સફળતાપૂર્વક પાર પાડી ૬૦ વર્ષીય વૃદ્ધાને નવજીવન આપ્યું છે. ગળામાં આશરે ૪૦૦ ગ્રામ વજન અને 12x8x9 સેમી કદની વિશાળ થાઈરોઈડ ગાંઠ ધરાવતા દર્દીની સ્થિતિ ગંભીર હોવા છતાં તબીબોની કુશળતા અને ટીમવર્કથી ઓપરેશન સફળ બન્યું.

શ્વાસનળી ખસી ગઈ, નસો સાથે જોડાયેલી ગાંઠ CT સ્કેન અને FNAC રિપોર્ટમાં ગાંઠ થાઈરોઈડ ગ્રંથિની હોવાનું સામે આવ્યું, જેમાં કેન્સરની શક્યતા પણ નકારી શકાય તેવી નહોતી. ગાંઠ ડાબી બાજુની મુખ્ય ધોરી નસો સાથે ચોંટેલી હતી અને શ્વાસનળી જમણી તરફ ખસી ગઈ હતી, જેના કારણે સર્જરી અત્યંત પડકારજનક બની હતી. ૪.૫ કલાકનું જટિલ ઓપરેશન ENT વિભાગના ડો. યોગેશ ગજ્જર અને વિઝિટિંગ કેન્સર સર્જન ડો. મોહિત કોરાટની ટીમે 'ટોટલ થાઈરોઈડેક્ટમી' કરીને ગાંઠ દૂર કરી.

શ્વાસનળી નબળી અને આકાર બદલાયેલ હોવાથી ઈન્ટ્યુબેશન મોટો પડકાર હતો, પરંતુ એનેસ્થેસિયા ટીમ - ડો. ધારાબેન અને ડો. વિશ્વાબેન - એ 'ફ્લેક્સિબલ લેરીન્ગોસ્કોપ'થી સફળતાપૂર્વક પ્રક્રિયા પૂર્ણ કરી.

## 185 નદીના કાંઠે ગ્રીન કવર મિશનને ગતિ:બજેટમાં 20 કરોડની માગ

અમદાવાદ | રાજ્યમાં ગ્રીન કવર વધારવા માટે સરકાર દ્વારા ઘોષિત 185 નદીઓના બંને કાંઠે વૃક્ષ ઉછેર અભિયાનને હવે વેગ મળવાનો છે. વન વિભાગે આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે 20 કરોડના બજેટની માંગણી કરી છે, જે નવા રાજ્ય બજેટમાં મંજૂર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ અગાઉ જણાવ્યું હતું કે, ગ્રીન કવર વધારવા રાજ્યની 185 નદીઓના બંને કાંઠાની જમીન પર વન સંરક્ષણ અને સંવર્ધન હેઠળ વિશાળ વૃક્ષારોપણ હાથ ધરાશે. ગ્રીન કવર વધવાથી રાજ્યનો વન વિસ્તાર વધશે. વરસાદમાં વધારો થશે, જળવાયુ પરિવર્તન સામે લડવામાં મદદ મળશે, ઓક્સિજનનું પ્રમાણ વધશે અને કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થશે.

કેન્દ્ર સરકારના વર્ષ 2023ના 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ



રિપોર્ટ' મુજબ ગુજરાતમાં વન અને વૃક્ષ કવર રાજ્યના કુલ ક્ષેત્રફળના 11.03 ટકા છે. આ પ્રમાણ વધારવા માટે નદીકાંઠા પર ગ્રીન બેલ્ટ વિકસાવવા રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

પ્રોજેક્ટ હેઠળ હજી નદીઓની માપણી બાકી છે. તબક્કાવાર કામગીરીમાં પ્રથમ નદી સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. ત્યારબાદ BISAG (ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ) દ્વારા GIS મેપિંગ અને જમીનની માપણી કરવામાં આવશે. જમીનની સીમા નિર્ધારિત થયા પછી જ વાવેતર શરૂ થશે.

સરકારે આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની સમયરેખા નક્કી કરી છે, જ્યારે વન વિભાગે વ્યાપક આયોજન અને જાળવણીને ધ્યાનમાં રાખીને 10 વર્ષનો સમયગાળો માંગ્યો છે.

વન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, નદીકાંઠાની સરકારી અને બિનઉપયોગી જમીનનો ઉપયોગ માત્ર ગ્રીન કવર અને વૃક્ષ ઉછેર માટે જ થશે. કોઈ પણ પ્રકારની વાણિજ્યિક કે નફાકારક પ્રવૃત્તિ મંજૂર નહીં થાય. જમીન પર દબાણ હોય તો તેને દૂર કરવાની જવાબદારી પણ વન અને પર્યાવરણ વિભાગની રહેશે. જો જમીનમાંથી ઈલેક્ટ્રિક લાઈન કે પાઈપલાઈન પસાર થતી હોય તો સંબંધિત કચેરીઓનો અભિપ્રાય લઈ આગળની કાર્યવાહી કરાશે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, Riverine Forest Landscape Management હેઠળ તળ ગુજરાતમાં 17 નદીઓ (નર્મદા, તાપી, પૂર્ણા સહિત), સૌરાષ્ટ્રમાં 71 અને કચ્છમાં 97 નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશથી નદીકાંઠાની જમીનનું ધોવાણ અટકશે અને ભૂગર્ભ જળસ્તર સુધરશે.

આ સમગ્ર ગ્રીન મિશન સાથે જ રાજ્ય સરકાર દીપડાની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એક નવા અભ્યારણની શરૂઆત કરવાની તૈયારીમાં છે. દીપડાના ખોરાક અને સંરક્ષણ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે, જેથી માનવ-વન્યપ્રાણી સંઘર્ષમાં ઘટાડો થાય.


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654